સને ૧૮૯૯.





કવિ જીવન કૃત.

# विदुरनीति.

કવિતારૂપ ભાષાંતર.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.

"Kavya-Kaladhar 4th Kala."

# VIDURA-NITI.

OR

**Ethical Principles expounded by Vidura.**

Translated into Gujarati Verse from the Original in the "Maha-Bharata."

BY

**Jivram Ajramar Gor,**

Author of "Varta Vinod," "Kavya Kaladhar," "Prem-Panchotari," "Dadabhai Stotra,"&c; Expositor of "Bhagavat-Pingal," Megha-dambar," &c; and Publisher of " Khushbo-Kumari, " &c



FIRST EDITION—2000 COPIES.

**Printed at the "Aryodaya" Press,**

**AHMEDABAD.**

MAY, 1899.

**Price Rs. 0-10-0.**

"કાવ્યકળાધર" કળા ચોથી.

# વિદુરનીતિ.

મૂળ "મહાભારત"માંથી

ગુજરાતીમાં કવિતા રૂપે

કરનાર

**જીવરામ અજરામર ગોર.**

વાર્તાવિનોદ, કાવ્યકળાધર, પ્રેમપચોતરી, દાદાબાપ્રસ્તોત્ર ઇત્યાદિના કર્તા, અને ભગવત પિંગળ, મેઘાડમ્બર ઇ૦ના ટીકાકાર, તથા સુશીલાકુમારી, ઇ. ના પ્રસિદ્ધકર્તા.

ગીતિ.

નીતિ ભૂષણ નૃપનું, નરનું ભૂષણ ગણાય ત્યમ નીતિ;
નીતિવિના નવ પામે, નૃપ કિંવા નર કદાય જનપ્રીતિ.

પ્રથમાવૃત્તિ,—૨૦૦૦ પ્રત.

**अहमदाबाद,**

"आर्योदय" प्रिन्टिंग प्रेसमां छाप्यो.

સંવત ૧૯૫૫ ના વૈશાખ.—ઇ. સ. ૧૮૯૯ મે.

**કિંમત રૂ. ૦-૧૦-૦**

# DEDICATION.

To

**Rai Bahadur Jagjivanbhai Jivanbhai,**
**Dewan of Jeysulmere**
( RAJPUTANA ).

**Honoured Sir,**

I have the highest pleasure in dedicating, with permission, this metrical Translation of a work which is regarded as the " Supreme Moral Treatise of the Aryas,"—comprising, as it does, the Principles of Political as well as Religious and social Ethics–to a gentleman of your position, who is held in high esteem equally by the Ruler, the subjects, and the Supreme Government, and has deservedly won a nigh distinction in Rajputana as a statesman of the highest order. Foremost among the Sucessful administrators that our mother-land has produced, you have enhanced its renown, and there is a special fitness in dedicating a work of this class to a stateman of your distinguished leniage,—one who has endeared himself to his countrymen by his exalted patriotism, and whose love of poets and poetry is well known.

I beg to remain, with high respect and admiration,
Your obedient servant,
**Jivram Ajramar Gor.**

BHUJ,
5th APRIL 1899

# अर्पण पत्रिका.

આઝમ મહેરબાન,

## रायबहादुर जगजीवनभाइ जीवनभाइ

દીવાનજી સાહેબ બહાદુર.

સ્ટેટ—जेसलमेर (રજપૂતાના).

**નામદાર સાહેબ!**

આપે રાજા, પ્રજા અને સરકાર, એ ત્રણેની સરખી રીતે
પ્રીતિ સંપાદન કરીને શ્રેષ્ઠ રાજનીતિજ્ઞ પુરૂષ તરીકે
રજપૂતસ્થાનમાં ઉત્તમ કીર્ત્તિ મેળવીછે, અને
ફતેહમંદ રાજસેવાકરનાર તરીકે મારા
સ્વદેશીય પુરૂષોમાં આપ અગ્રેસર
છો, તેથી આપણા સ્વદેશ
(કચ્છ)ને પણ શોભા
મળેલી માની શકાય;
તેમજ
આપ
ખાનદાન, પ્રજાપ્રિય અને
સ્વદેશાનુરાગી શ્રેષ્ઠ નર છો, તથા
કવિઓ અને કવિતા તરફ ખાસ પ્રેમ ધરાવો-
છો, તેથી આ **આર્યોના** "સર્વોત્તમ **નીતિગ્રંથ**" (જેમાં
**રાજનીતિ, ધર્મનીતિ** અને **સંસારનીતિ** એ ત્રણેનો સમાવે-
શ થયેલો છે, તે)નું "**કવિતારૂપ ભાષાંતર**"
અનુમતિ લઈ આપને **અર્પણ કરતાં**
અત્યાનંદ પામુંછું!

**ભુજંગપુરી.**
ચૈત્રી-પૂર્ણિમા સં. ૧૯૫૫

હું છું
આપનો સ્નેહાધીન સેવક,
**જીવરામ અજરામર ગોર.**

# उदार आश्रय.

નીચે લખ્યા સદ્ગૃહસ્થોએ મારા તરફ સદ્ભાવ દર્શાવી આ ગ્રંથને અંગે મને ઘણો ઉત્તમ આશ્રય આપ્યોછે, તેમનો આભાર પ્રદર્શિત કરતાં આનંદ પામુંછું:—

| ક્રમ. | આશ્રય આપનાર સદ્ગૃહસ્થનું નામ. | આશ્રય—પુસ્તક—કિંવા કોરી. |
|---|---|---|
| ૧. | આઝમ મહેરબાન, નેકનામદાર **દીવાન બહાદુર શ્રી મણીભાઇ જશભાઇ** વડોદરા તથા કચ્છ સ્ટેટના (માજી) દીવાનજી સાહેબ બહાદુર—**પેટલાદ**... ... ... ... | પુસ્તકો ૫૦ |
| ૨. | આઝમ મહેરબાન **રા. રા. સચેદિનાભાઈ નાનજીઆણી**—આસિ. રેવીન્યુ કમીશનર સાહેબ—પ્રાંત કચ્છ. | કોરી ૧૦૦ રોકડી. |
| ૩. | મહેરબાન **રા. રા. હાર્થીરામ રામજી વો'રા—અંજાર** વહિવટદાર સાહેબ. | કોરી ૫૦ રોકડી તથા પુસ્તકો ૨૫ |
| ૪. | મહેરબાન **રા. રા. રતનશંકર ભાઇશંકર રા'પર** વહિવટદાર સાહેબ. | પુસ્તકો ૫૦ |
| ૫. | મહેરબાન **શેઠ કાસમભાઈ મહમદભાઈ—બારાપર.** | કોરી ૧૦૦ રોકડી. |
| ૬. | કચ્છ—રોહા—તાબે કોટડાથી **"એક મિત્ર"** હ. **મિ. લાલજી જેષ્ઠારામ મહેતા.** | કોરી ૧૦૦ રોકડી. |

ઉપર દર્શાવેલા સદ્ગૃહસ્થોનો અંતઃકરણ પૂર્વક આભાર માનુંછું, અને એવા વિદ્યોતેજક પુરૂષોને ઇશ્વર અધિક ઉન્નતિ આપે, એમ ઇચ્છુંછું.

**ભુજ—કચ્છ.**
તા. ૧૫-૫-૯૯.

**જીવરામ અજરામર, ગોર.**

# પ્રસ્તાવના.

ચાલતા સમયને "ગ્રંથવૃદ્ધિનો જમાનો" એવું નામ આપિયે, તો તે અયોગ્ય નહિ ગણાય; કેમકે વર્તમાનકાળમાં આપણી ગુર્જરગિરામાં દર વર્ષે સંખ્યાબંધ પુસ્તકો પ્રગટ થાયછે. પરંતુ તેમાંનાં કેટલાં પુસ્તકો ભાષા કિંવા પ્રજાને ફાયદો કરેછે, અને કેટલાં નિષ્ફળ જાયછે અથવા ગેરફાયદો કરેછે,તેની યથાર્થ ગણત્રી કરવાને એકે પ્રબળ સાધન આપણી પાસે નથી.

મનુષ્યની બુદ્ધિને અયોગ્ય સ્વાર્થ અપવિત્ર કરેછે. હાલ કેટલાક—જેને "ગ્રંથકાર" એ કેવું પવિત્રપદ છે ! તેનું ભાન પણ નથી એવા—લોકો 'ગ્રંથકારમાં ખપવાના' કિંવા 'પૈસા પેદાકરવાના' અયોગ્ય સ્વાર્થને લીધે પુસ્તકો લખેછે અને પ્રસિદ્ધ કરેછે. તેથી આપણી ગુજરાતી ભાષાને મોટો અલાભ થાયછે.

બહુધા દરેક સુધરેલી કે ખેડાયલી ભાષામાં **'પુસ્તક પરીક્ષા'** માટે માસિક કિંવા ત્રિમાસિક ટાકાકારો (ચોપાનિયાં) હોયછે, તે દરેક નવા પુસ્તકને અપક્ષપાત ન્યાય આપેછે અને જનસમૂહને—કયાં પુસ્તકો વાંચવા અને આશ્રય આપવા યોગ્ય છે, તથા ક્યાં નથી, તે—જણાવેછે. એ અમૂલ્ય લાભ આપણે રા. સા. નવલરામ લક્ષ્મીરામના સ્વર્ગવાસથી ખોયો છે; તેને પુષ્કળ વખત વીત્યા છતાં હજુ તે મેળવવાને આપણે પૂર્ણ શક્તિમાન થયા નથી; એ શોચનીય છે !

એ વાત લખવાને આ યોગ્ય સ્થળ નથી, પરંતુ તેનો હેતુ એ છે કે આ સમયમાં સારા અને નઠારા ગ્રંથોની પૂર્ણપણે જાહેર પરીક્ષા થતી નથી, તે કરવાનું કાર્ય કોઇ સમર્થ ગુર્જર વિદ્વાન અથવા વિદ્વાનમંડળ ઉપકાર બુદ્ધિથી ઉપાડી લે, તો તેથી આપણા સાહિત્યને તથા વિદ્વાનોને મોટો લાભ થાય.

**વિદુરનીતિ** જેવા આર્ય લોકોના અતિ લોકપ્રિય અને સર્વમાન્ય ગ્રંથની પ્રસ્તાવના—હેતુ લખવાની કશી આવશ્યકતા જણાતી નથી, તથાપિ તેસંબંધે કેટલીક હકીકત સામાન્ય વાચકવૃંદને ઉપયોગી થશે, એમ સમજી અત્રે લખવામાં આવેછે.

ઇતિહસવેત્તાઓના મત પ્રમાણે ભરતખંડની પડતી દશા થવાનાં જે અનેક કારણો છે, તેમાં પહેલું અને મુખ્ય કારણ **'મહાભારતની લડાઇ'** છે. એ ઘોર સંગ્રામથી ભારતવર્ષને જે ભારે હાનિ પહોંચીછે, તેનો બદલો હજારો વર્ષ વીત્યાછતાં પણ વળીશકયો નથી એ અતિ વિનાશકારક યુદ્ધથીજ ભરતખંડના આર્યોની પડતી દશા શરૂ થઇ, અને કાળક્રમણથી તેમાં બીજાં અનેક કારણો ઉમેરાતાં ગયાં, જેનું પરિણામ હાલની ભરતભૂમિની નિર્બળ પ્રજા થઈ. એ વાત બહુધા માન્ય રાખવા યોગ્ય

છે. પરંતુ એ મહાન યુદ્ધના ઇતિહાસનું જે '**મહાભારત**' નામે પુસ્તક લખાયું, તેમાંથી જે અપૂર્વ અને બોધ લેવાયોગ્ય પુસ્તકો નીકળ્યાં કિંવા તેને આધારે વિસ્તાર પામીને રચાયાં, તેવાં અને તેટલાં જગતનાં બીજા કોઇ પણ ગ્રંથમાંથી નીકળ્યાં નથી. **આર્યાવર્ત્ત**માં તેમજ હાલ પૃથ્વીના ઘણા ભાગમાં પ્રચલિત છે એવા અનેક માનનીય ગ્રંથોનું મૂળ **મહાભારત** છે. તે સર્વનું કથન કરવાની અત્રે જરૂર નથી, તથાપિ એટલું કહેવું તો યોગ્ય ગણાશે કે કાળીદાસ જેવા અનેક મહા કવિયોને પોતાના કાવ્ય કિંવા નાટકો માટે ઉત્તમ અને યોગ્ય રીતે **મહાભારત**નો આશ્રય લેવો પડયો છે.

જેમ બીજા અનેક ગ્રંથોનું મૂળ **મહાભારત** છે, તેમ આ **વિદુરનીત** પણ મૂળ **મહાભારત**માં સમાયલી છે. તેના ઉદ્યોગપર્વના,પેટાપર્વ વિદુર"પ્રજાગર"માં ૩૨ થી ૪૦ એમ આઠ અધ્યાય છે. ઉધ્ધવ સંપ્રદાય (સ્વામીનારાયણ) વાળા એ ગ્રંથના નવ અધ્યાય માનેછે, પરંતુ નવમા અધ્યાયનો ટુંક ભાવાર્થ એટલોજ છે કે–"ધૃતરાષ્ટ્ર કહેછે કે હજુ જે કહેવાનું બાકી હોય તે કહો. તેને વિદુર કહેછે કે–મને જેટલું કહેવું યોગ્ય હતું યાને મારાથી જેટલું કહી શકાય તેટલું મેં તમને કહ્યુંછે, હવે એથી વિશેષ જે કહેવાનું છે તે બ્રહ્મવેત્તા ઋષિ સનત્સુજાત તમને કહેશે." તે પછી તે મુનિને બોલાવે છે. ઈત્યાદિ જૂજ વાત એ અધ્યાયમાં છે; પણ તેમાં નીતિનાં કશાં વચનો નથી. તેમ બીજાં ઘણાં પુસ્તકોમાં **વિદુરનીતિ**ના આઠ અધ્યાય છે. એટલુંજ નહિ, પણ ખુદ તે સંપ્રદાયના કવિ બ્રહ્માનંદસ્વામિયે જે પ્રજભાષા (દોહા–ચોપાઇ) માં ભાષાંતર કર્યું છે, તેમાં પણ આઠ અધ્યાય કર્યા છે, અને આઠમા અધ્યાયને છેડે ઉપલી વાત ઇશારા રૂપે-સહજ ટુંકામાં પતાવી દીધી છે, પણ "નવમો અધ્યાય" જૂદો પાડયો નથી. તેજ સાર્થક છે. તે પ્રમાણે અમે પણ આ ગ્રંથના આઠ અધ્યાયજ માન્ય રાખ્યાછે.

**વિદુરનીતિ**માં આવતાં પાત્રોને ઓળખવા માટે તેમના સંબંધીનું થોડું ઐતિહાસિક જ્ઞાન અમારા કેટલાક વાંચનારાઓને જરૂરનું છે, એમ સમજીને તે સંક્ષેપમાં અત્રે આપિયે છિયે:—

**પાંડવો** અને **કૌરવો** હસ્તિનાપુર (હાલના દિલ્હી) ના. ચંદ્રવંશી રાજકુળમાં ઉત્પન્ન થયા હતા, **ચંદ્રવંશ**ના મૂળ પુરૂષ **ચંદ્ર**નો પુત્ર **બુધ** અને તેનો પુત્ર **પુરૂરવા** થયો, તેના પછી કેટલીક પેઢિયે **યદુ**, **પુરૂ** અને **ભરત** વગેરે નૃપતિઓ થયા **ભરત** (જેનાથી **ભરતખંડ** નામ પડયું તે)ની પાંચમી પેઢીયે **હસ્તિન** નામે રાજા થયો. જેણે **હસ્તિનાપુર** વસાવ્યું. તેનો પુત્ર કુરૂ–જેનાથી **કુરૂક્ષેત્ર**, **કુરૂવંશ** એ ના-

મો પડયાં તે–થયો. કુરૂનો **પ્રતીપ** અને તેનો પુત્ર **શાંતનુ** થયો. તેને પ્રથમ ગંગા નામે રાણી હતી, તેથી તેને **દેવવ્રત** (ભીષ્મ) નામે પુત્ર થયો હતો. ત્યાર પછી **શાંતનુએ સત્યવતી** (યોજનગંધા) નામે એક માછીને ત્યાં ઉછરેલી રાજકન્યાસાથે લગ્ન કર્યું. તેથી તેને **ચિત્રાંગદ** અને **વિચિત્રવીર્ય** એવા બે પુત્રો થયા. **શાંતનુ** (પિતા) ના **સત્યવતી** સાથેના લગ્ન વખતે (રાજ્યનો હક્કદાર છતાં) **ભીષ્મે** (પુત્રે) પિતાની પ્રસન્નતામાટે રાજગાદીનો હક્ક છોડીદેવાની તથા જન્મપર્યંત કુંવારા રહી બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા કરી હતી; તેથી ગાદી **સત્યવતીના** મોટા પુત્ર **ચિત્રાંગદને** મળી, તેનું અપુત્ર મરણ થતાં તેની પછી **વિચિત્રવીર્ય** ગાદિયે બેઠો, અને તે પણ અપુત્રજ મરણ પામ્યો. તેથી અપરગાતા **સત્યવતીએ ભીષ્મને** ગાદિયે બેસવા કહ્યું, પણ તે પોતાની પ્રતિજ્ઞામાં દ્રઢ રહ્યો છેવટ **સત્યવતિયે ભીષ્મની** સલાહથી પોતાને પ્રથમ **પારાસર** ઋષિથી પ્રાપ્ત થયેલ પુત્ર–**વેદવ્યાસને** બોલાવ્યા. તેમણે માતાની આજ્ઞાથી **ચિત્રાંગદ** અને **વિચિત્રવીર્યની** બે વિધવા રાણિયો અને બીજી એક દાશીથી ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા. તેમાં **અંબાલિકા** નામે રાણીને પેટે **પાંડુવર્ણો** પુત્ર થયો, તેનું નામ **પાંડુ** અને **અંબિકા** નામે રાણીને પેટે આંધળો પુત્ર થયો, તેનું નામ **ધૃતરાષ્ટ્ર**, તથા દાશીને પેટે એક સુંદર પુત્ર જન્મ્યો, તેનું નામ **વિદુર** પાડયું. **ધૃતરાષ્ટ્રને દુર્યોધનાદિ** સો પુત્રો થયા, તે **કૌરવ** કહેવાયા અને પાંડુને **યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ** અને **સહદેવ** એવા પાંચ પુત્રો થયા તે **પાંડવ** કહેવાયા તેમની બાલ્યાવસ્થામાંજ **પાંડુ** રાજાનો દેહાંત થયો, તેથી તેઓ **કૌરવોની** સાથેજ ઉછરી,–કેળવણી લઈ મોટા થયા. **કૌરવો** દુર્ગુણી હતા, અને **પાંડવો** શાંત પ્રકૃતિના સદ્ગુણી હતા. તેઓ ગાદીના હક્કદાર હોવાથી **દુર્યોધન** તેમની ઇર્ષા કરતો, તથા તેમને અનેક રીતે દુઃખ દેતો. એ બધું અત્રે વિસ્તારથી લખવાની જરૂર જણાતી નથી. છેવટે **દુર્યોધને** ભલા રાજા **યુધિષ્ઠિરને** કપટમય જુગારની રમતમાં હરાવીને તેમનું રાજપાટ તથા છેવટ તેમની સ્ત્રી–**દ્રૌપદી** પણ જીતી–હરી લીધી હતી અને તેનું બહુ અપમાન કર્યું હતું. પરિણામે જુગારની શરત પ્રમાણે સ્ત્રીસહિત પાંડવો ૧૨ વર્ષ વનવાસ અને તેરમે વર્ષે ગુપ્ત રહેવા ગયા. તે દરમ્યાન **દ્વારિકાના** રાજા અને આર્યોમાં ઇશ્વરાવતાર મનાતા **શ્રીકૃષ્ણચંદ્ર**–જે તેમના મામાના પુત્ર થતા હતા તેઓ–પાંડવોની તરફથી **સમજૂતી** કરવા હસ્તિનાપુર ગયા હતા, પણ તેનું પરિણામ કંઇ સ-

તોપકારક આવ્યું નહિ. છેવટ **પાંડવોનો સંજય** નામનો મહાબુદ્ધિશાળી સારથી રાજદૂત તરીકે **યુધિષ્ઠિરનો** સંદેશો લઈને **હસ્તિનાપુરમાં** આવ્યો અને તેણે ધૃતરાષ્ટ્રને કેટલાંક કડણ વચન કહ્યાં, તથા રાજા યુધિષ્ઠિરના સંદેશો રાજસભામાં કહેવાને જણાવ્યું; તેથી **ધૃતરાષ્ટ્રને** ચિંતા ઉત્પન્ન થઈ અને નિદ્રા આવી નહિ, ત્યારે તેણે **વિદુરને** બોલાવીએ સંબંધે કર્તવ્ય(શું કરવું?તે)નીસલાહ પૂછી. ઈત્યાદિ વાત આ ગ્રંથમાં આવેછે. **વિદુરે** જે સ્પષ્ટ અને સત્ય વચનો કહ્યાં છે, તે અગાતીમ છે એ વચનો જેમાં **રાજ**, **ધર્મ** અને **સંસાર નીતિનાં** ઉત્તમ તત્વો રૂપ નિયમો કહેલા છે, તે ભાગ **વિદુરનીતિના** નામથી પ્રસિદ્ધ છે. એ વિદુરનાં સત્ય વચનો પણ ધૃતરાષ્ટ્ર જેવા ચક્ષુ તેમજ પ્રજ્ઞા(બુદ્ધિ) અંધ રાજા પાસે નિષ્ફળ થયાં. છેવટ એ અસંતોષના પરિણામ રૂપ **મહાભારતનુ ઘોર યુદ્ધ** થયું, જેનાં ફળ આખા આર્યાવર્તને ભોગવવાં પડયાં.

મારા આ "**કવિતારૂપ ભાષાંતર**" વિષે કંઇ વિશેષ લખવા જેવું નથી માત્ર શબ્દાર્થને ન વળગી રહેતાં ભાવાર્થ જળવાય ને **ગુજરાતી** ભાષાની રૂઢીને બાધ ન આવે, એ ધોરણે મેં કવિતા કરી છે. ક્યાંક એક શ્લોકનો ભાવાર્થ ગુજરાતી પોતાના છંદમાં આવી રહેતાં વધું પદ કિંવા કિંચિત શબ્દો મૂળ વિષયને પુષ્ટીકારક થાય, એવી રીતે માત્ર જૂજ જગોએ ઉમેર્યાછે, તેમ કરવું સકારણ જાણી સુજ્ઞ વાચકવૃંદ મને દરગુજર કરશે, એમ આશા છે. **બ્રહ્માનંદસ્વામીએ વ્રજભાષાના** ભાષાંતરમાં તેવા એક ચરણમાં કોઈક સ્થળે બીજા શ્લોકનો કંઈ ભાવાર્થ લીધો છે. તેવી રીતે કરવું મને નાપસંદ હોવાથી મેં તેમ કર્યું નથી. મારૂં ભાષાંતર કેવું થયું છે, તે તપાસવાનું કામ વિદ્વાન વાચકવર્ગનું છે.

આ પુસ્તક તૈયાર કરવામાં **ભારતાર્યપ્રકાશ**, અને **મુંબઈના** "ગુજરાતી" પ્રેસમાં છાપાયલી **વિદુરનીતિની** સટીકશુદ્ધ **સંસ્કૃત** પ્રતિ, તેમજ એ વિષયનાં બીજાં પણ કેટલાંક પુસ્તકોનો ઉપયોગ કર્યોછે, તેથી તે સર્વના પ્રસિદ્ધકર્તાઓનો આભાર માનું છું.

શ્રીમાન્ કચ્છનરેન્દ્ર મહારાજાધિરાજ મિર્ઝા **મહારાવ શ્રી૭ ખેંગારજી સવાઈ બહાદુર**, જી. સી. આઇ. ઈ., એઓ નામદારે મારાં "**પ્રેમપંચોતરી**," "**દાદાભાઈ સ્તોત્ર**", ઈ પુસ્તકોની **સો સો પ્રતો ખરીદી** દરેક વખતે મને ઉત્તમ આશ્રય આપ્યો છે, તેથી તેઓ મહાવિંદનો તથા તેમના વિદ્વાન મંત્રીમંડળનો અંતઃકરણ પૂર્વક આભાર માનુંછું તેમજ આ ગ્રંથને આશ્રય આપવામાં તથા તેની પ્રતિઓ ખપાવવામાં મારા જે જે મુરબ્બીઓ, મિત્રો અને અન્ય સદ્ગૃહસ્થો તરફથી મને મોટી મદદ મળીછે, તે સર્વેના આ સ્થળે હું ઉપકાર માનુછું.

**ભુજંગપુરા.**
તા. ૧૮-૫-૯૯
વૈશાખ શુદિ. ૮. સં. ૧૯૫૫.

**જીવરામ અજરામર ગોર.**

# અનુક્રમણિકા.

૭૨૪૫

શ્રી.

# વિદુરનીતિ.

મંગળાચરણ—શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

શ્રી વાણી વરદાયિની વિમળ જે, વ્યાપી જ વિશ્વે રહી,
જેની શ્રેષ્ઠ કૃપાવડે કવિવરો, પામ્યા સુકીર્ત્તિ લહી;
જે છે આ જગમધ્ય સાહ્ય કરતા, સત્કર્મના કાર્યને,
તે શ્રી ભારતિ દેવિ પૂર્ણ અરપો, સન્નીતિ સૌ આર્યને! ૧

## પ્રકરણ ૧ લું.

છપય.

વૈશંપાયન કહે, "સુણો જનમેજય નૃપતિ!
ભારતનો વિસ્તાર, કહું કુરૂકુળની કીરતિ;
મહા બુદ્ધિ ધૃતરાષ્ટ્ર, કહે પ્રતિહાર પ્રતિ જે;
ચહું જોવાને વિદુર, તરત તેડી લાવો તે;
એ રીતે નૃપ ધૃતરાષ્ટ્રનાં, વચન સુણી સત્વર તહીં;
આવ્યો જ્યાં વિદુર વિરાજતા, કરિ પ્રણામ વાણી કહીં." ૧

દોહરો.

હે! મતિમંત વિદુરજી! નૃપ સમર્થ ધૃતરાષ્ટ્ર;
જોવા ઈચ્છે આપને, તજવા મન ઉચ્ચાટ. ૨
વચન સુણી તે દૂતનાં, ગયા વિદુર નૃપદ્વાર;
ખબર થવા ધૃતરાષ્ટ્રને, પાઠવિયો પ્રતિહાર. ૩

દ્વારપાળ ત્યાં જઈ કહે, સુણો વચન નૃપનાથ;
નિજ આજ્ઞાથી વિદુરજી, આવ્યા છે મુજ સાથ. ૪
ચરણ નિરખવા આપના, સત્વર ઇચ્છે એહ;
માટે જે આજ્ઞા કરો, વિહિત કરૂં હું તેહ. ૫

ધૃતરાષ્ટ્ર–"દીર્ઘદર્શિ શ્રીમંત જે, સદગુણી વિદુર સહાય;
દર્શન કારણ તેહને, અશક્ત હું ન કહાય." ૬

દ્વારપાળ કહે વિદુરપ્રતિ, "હે ! વિદુર ગુણરૂપ !
ચાલો અંતઃપુર પ્રતિ, ઇચ્છે દર્શન ભૂપ." ૭

એહ વચન સુણિ દૂતના, ગયા વિદુર નૃપ પાસ;
કર સંપુટ કરિ શોકજુત, વચન વધા તે ખાસ. ૮

વિદુર– નરેન્દ્ર ! તુવ આજ્ઞા થકી, આવ્યો છું હું વિદુર;
હોય કામ મુજ સમ તદા, આજ્ઞા દિયો હુઝૂર ! ૯

છપય.

ધૃતરાષ્ટ્ર–હે વિદુર ! સુણ વાત, ચતુર સંજય આવીને;
મુજ નિંદા કરિ ગયો, કે'ણ કાંઇક લાવીને;
યુધિષ્ઠિરનું કહેલ, વચન નૃપસમાજ મધ્યે
કે'શે કાલ ખચીત, સજન કેરી સનિદ્ધે;
કુરવીર યુધિષ્ઠિરનાં વચન, નથી જાણ્યાં હજિયે કહીં;
તેથી શરીર મારૂં બળે, નિદ્રા તો આવે નહીં. ૧૦

વળી.

તાત ! તમે છો કુશળ, ધર્મ ને અર્થ વિષયમાં;
તો નિદ્રાથી રહિત, અને બળનાર હૃદયમાં;–
એવા મુજનું કહો, શાથી કલ્યાણ નિહાળો ?
તે ઉપાય અવ કરો, વ્યગ્રપણું ચિત્તનું ટાળો;

તમ આગમનેથી નહિ મમ, ચિત શાંતિ અવ પામશી;
કલ્યાણકારી તમ વચનથી, ચિંતા સઘળી વામશી. ૧૧

ચોપાઇ.

આવ્યો સંજય ત્યારથી ભ્રાત! થાતું નથી મારૂં મન શાંત;
વ્યથા વ્યાપિ સૌ ઇંદ્રિય માંય, શું કહેશે? સંજય અવ ત્યાંય. ૧૨
ચિંતા એવી વ્યાપિ મન મધ્ય, તેથી ચેન પડે નહિ સદ્ય;
વિદુર! કહો કારણ વિસ્તારી, છે તમ વચન સદા દુખહારી. ૧૩

છપય.

વિદુર– સુણો નૃપતિ ધીમંત! સૈન્યના સાજ વિનાનો;
અતિ બળહીણ મનુષ્ય,[1] લડે બળવાનથી નાનો.
દ્રવ્ય જેહનું[2] કોઇ, ગયા લૂંટી લૂંટારા;
વિષય વિષે અતિ લીન, કામીજન[3] જેહ નઠારા;
ત્યમ ચોર[4] જનો એ ચારને, નિદ્રા તો આવતી નથી;
કવિ જીવન નિશદિન તે રહે, ભરિ ચિંતા ચિત શોકથી. ૧૪

નારાચ વૃત્ત.

કહેલ ચાર દોષ તો તમો મહીં નથી વસ્યા?
કે અન્ય દ્રવ્યની સ્પૃહા વિષે તમે નથી ફસ્યા?
ઉતાપ તો નથી થતો અરેજ તેથી આપને?
કહો મને વિચારથી હરો સ્વચિત્ત તાપને. ૧૫

હરિગીત.

ધૃતરાષ્ટ્ર—

સુણવા ચહું તમ વચન જે કલ્યાણકારી સર્વદા,
ત્યમ ધર્મમય અતિ પ્રીયકારક વિશ્વમાં જે છે સદા;
તે કેમકે પંડિત જનો કુરૂવંશના વિસ્તારમાં,
એક આપનેજ ગણે પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ આ સંસારમાં. ૧૬

દોહરા.

વિદુર—રાજ લક્ષણે યુક્ત જે, રાજા જગમાં હોય;
ત્રિલોક કેરો અધિપતિ, બની શકે છે સોય. ૧૭
વન વિદાય કીધેલ જે, યુધિષ્ઠિર ભૂપાલ;
પ્રારથનાને યોગ્ય તે, દીસે મુજને હાલ. ૧૮

સોરઠો.

અંધ તેથી તો આપ! યોગ્ય નહિ નૃપભાગને;
ધર્માત્મા સુપ્રતાપ, તદપિ રાજ લક્ષણ રહિત. ૧૯

હરિગીત.

કરિ પાંડવો સૌ યુદ્ધને કયમ રાજ્યને લેતા નથી?
મૃદુતા, દયા, શુભ ધર્મ ને સુપ્રતાપ તેમજ સત્યથી;-
વળિ વડિલપણું ધરિ આપમાં વેઠે અતિશય કલેશને,
કુરૂવીર નૃપતિ શ્રી યુધિષ્ઠિર રાજ્યપદ તજી બેશને. ૨૦

દોહરા.

દુર્યોધન, શકુનિ, કરણ[1], દુઃશાસન વળી તેમ;
કારભાર ધરિ ચારપર, સમૃદ્ધિ ઇચ્છો કેમ? ૨૧

## પંડિત કોણ કહેવાય?

આત્મજ્ઞાન, કૃતિ શક્તિ સમ, સહનશીળ ધર્મજ્ઞ;
છતાં ભ્રષ્ટ નહિ અર્થથી, તે પંડિત સર્વજ્ઞ. ૨૨
ઉત્તમ કાર્યો આદરે, કરિ નિંદિતનો ત્યાગ;
નાસ્તિક નહિ, શ્રદ્ધાળુ જે, તે પંડિત બડ ભાગ. ૨૩
ક્રોધ,[1] હર્ષ,[2] લજ્જા,[3] ગરવ,[4] અકડાઇ,[5] અહંકાર[6];
(જેને) કરે ન હિણુ પુરૂષાર્થથી, તે પંડિત સરદાર. ૨૪

---

૧ કર્ણ.

મન ધારેલું કામ ને, વળી કરેલ વિચાર;
સિદ્ધ થયા વિણુ લહે ન કો, તે પંડિત શ્રીકાર. ૨૫

સુખ, દુખ, ભય, અનુરાગ વળી, સમૃદ્ધિ, પડતી દશાય;
વિઘ્ન કરે નહિ કામમાં, તે પંડિત કે'વાય. ૨૬

વ્યવહારિક મતિ જેહની, અનુસરતી ધર્માર્થ;
કામથીએ લહે અર્થને, પંડિત તેજ સગર્થ. ૨૭

યથાશક્તિ ઇચ્છા અને, યથાશક્તિ છે કર્મ;
દે અપમાન ન કોઇને, તે પંડિત શુભ ધર્મ. ૨૮

## સવૈયા-ઇંદ્રવિજય વૃત્ત.

લે સમજી ઝટ વાત વિચાર, સુણે ઘણીવાર સુ અન્ય વિચારો,
વાકયતણો સગજે સુગૂઢાર્થ, સ્વીકારિ ન લે મત પ્રેમથી ન્યારો;
અન્યતણી કદી બાબત મધ્ય, પૂછયા વિણુ વાત નહિં વદનારો,
જીવન તે જગ મધ્ય સદા શુભ, પંડિતના પદને ધરનારો. ૨૯

## દોહરા.

અલભ્યની ઇચ્છા નહિં, ગયેલનો નહિ શોક;
દુખમાં જે મુંઝાય નહિ, તે છે પંડિત લોક. ૩૦

## વસંતતિલકા વૃત્ત.

પે'લાં કરી સકળ નિશ્ચય આદરે છે,
ને આદરેલ કૃતને નહિ છોડી દે છે;
પૂરૂં કરી ખચિત લે જ વિરામ આપ,
સ્વાધીન ચિત્ત બુધ લે' સમય પ્રતાપ. ૩૧

## દોહરા.

સત્કાર્યે ખુશ થાય ને, કરે કૃત્ય વિતહાય;
દ્વેષ કરે નહિ કોઇનો, તે પંડિત કે'વાય. ૩૨

રીઝે નહિ સનમાનથી, અપમાને ન રિસાય;

ગંગા-ધ્રો[1]સમ અન્યથી, ક્ષોભ ન લહે કદાય. ૩૩

નાશવંત જાણે બધું, સમજે સૌ કૃતિ સાજ;
તેના લહે ઉપાયને, તે છે પંડિતરાજ. ૩૪

### મંદાક્રાંતા વૃત્ત.

વાણી જેની નથી અટકતી, કોઇ વાતેય ક્યારે,
વૃત્તાંતોને કુશળ કથવા, ઐતિહાસિક સારે;
વિતર્કોમાં વિવિધ મતિથી, શ્રેષ્ઠ છે સર્વ વાતે,
વ્યાખ્યાનોએ તુરત કરશે, પંડિત સ્વપ્રતાપે. ૩૫

### શાલિની વૃત્ત.

શાસ્ત્રો જેની, બુદ્ધિ સ્વાધીન રાખે,
જેની બુદ્ધિ, શાસ્ત્ર આધાર ભાખે;
ખંડે ના જે, પૂર્વ મર્યાદને તો,
પંડિતોની, પદ્વિ પામેજ તે તો. ૩૬

## મૂર્ખ કોણ કહેવાય?

### કવિત-મનહર દંડક.

મળે નહિ શાસ્ત્રજ્ઞાન, છતાં અભિમાન રાખે,
દરિદ્રી છતાં અયોગ્ય, ઉદારતા દાખે છે;
નીચ કામ કરી ધરે, ધનતણી ઇચ્છા ઉર,
જુગારીપણું કે ચોરીમાંહી હામ રાખે છે;
પોતા તણું કાર્ય મૂકી, અન્યનાં પ્રયત્ન કરે,
મિત્ર માટ બુરૂં કામ, કરી અભિલાખે છે;
અપ્રેમી જનોને ચા'ય, પ્રેમી તણો ત્યાગ કરે,
સમર્થનો દ્વેષ ધરે, મૂઢ તેને ભાખે છે. ૩૭

1 ધરો-પાણીના સમૂહ-નદીમાંપાણીના ગોટા ઊંડા ખાડા હોય તે.

દોહરો.

કરે મિત્રતા શત્રુથી, હણે મિત્ર ધરિ દ્વેષ;
આરંભે અપકૃત્યને, તે છે મૂર્ખ નરેશ ! ૩૮

સવૈયા-એકત્રીસા.

નિજ હાથે કરવા લાયક કૃત, સોંપે સેવકનેજ ગમાર,
તદપિ ધરે આશંકા સૌમાં, તે કહિયે મૂરખ સરદાર;
ઝટ કરવાના કામ વિષે પણ, દીર્ઘસૂત્રતા રાખે ખાસ;
જીવન તેને મૂઢ જાણવો, સદા ધરે જે પરની આશ. ૩૯

દોહરો.

પિતૃ શ્રાદ્ધ કરે નહિ, કદી ન પૂજે દેવ;
(જેને) મિત્ર હિતેષિ ગણે નહિ, તેને મૂરખ ટેવ. ૪૦

સવૈયા-એકત્રીસા.

બોલાવ્યા વિણ અંદર આવે, પૂછ્યા વિણ બોલે બહુ વાર,
વિશ્વાસે લાયક નહિ તે પર, રાખે જે વિશ્વાસ અપાર;
બીજામાં દેખી જે દોષો-નિંદે, પણ નિજ વર્ત્તન તેમ,
અપોચિયો અતિ ક્રોધ કરે તો મોટો મૂર્ખ ગણાય ન કેમ ? ૪૧
ધર્મ અર્થની સહાયતા સહ નિજ બળનો વિણ કરે વિચાર,
મે'નતવિણુ જે અલભ્ય વસ્તુ ઈચ્છે જગમાં તેજ ગમાર;
શિક્ષાને લાયક નહિ તેને કરેજ શિક્ષા અતિશય પ્રૌઢ,
ગુપ્ત ભોગવે રાજપત્નિને, સેવે સૂમ, ગણો તે મઢ. ૪૨

દોહરો.

એ મૂરખ લક્ષણ સકળ, સમજી સૂક્ષ્મ વિચાર;
ત્યાગ કરે છે સર્વદા, તે કોવિદ સરદાર. ૪૩

સોરઠો.

ધન, વિદ્યા, મોટાઇ, મળતાં ઉદ્ધત નવ બને;

રહે સરળ જે ભાઇ! તેને પંડિત જન કહે. ૪૪

## ક્રૂર લક્ષણ.

ગીતિ.

પોષણ લાયક જનને, તજિ શુભ ભોજન જમે અકેલો[1] જે;
નિજ તન વસ્ત્ર સુધારે, ક્રૂરજ તેથી બીજો અધિક કો છે? ૪૫

સોરઠો.

કોક કરે છે પાપ, ફળ તેનું મોટા લહે;
ભુક્તા તે નિષ્પાપ, કર્ત્તા દોષિત થાય છે. ૪૬

## બુદ્ધિ-બળ.

તિરંદાજનું તીર, હણે એક ચૂકિ જાય કે;
(પણ) બુધની બુદ્ધિ વીર! હણે નૃપતિસહ દેશને. ૪૭

દોહરા.

એક વસ્તુ બુદ્ધિથકી, કર્ત્તવ્યાકર્ત્તવ્ય;
બે કેરો નિશ્ચય કરો, તેર્જાહણ કે ભવ્ય. ૪૮
શત્રુ, મિત્ર, ઉદાસિ, ત્રણ, ચાર થકી વશ થાય;
શામ, દામ ને ભેદ, ભય, જશ જગ જેથી જણાય. ૪૯
કર વિજયી પંચેંદ્રિને, સંધી,[1] વિગ્રહ,[2] યાન,[3];
આસન,[4] સંશ્રય,[5] દ્વૈધિ[6] એ, જાણ છએ મતિમાન. ૫૦
વિષય,[1] શિકાર,[2] જુગાર[3] ને, મદિરાપાન[4], જુલૂમ[5];
ફોકટ ખર્ચ[6] તજો સદા, સપ્તમ વૃત્તિ સૂમ[7]. ૫૧
તજિ એ સાતે લક્ષણો, સદા રહો સુખપર;
રાજ રિદ્ધિને ભોગવો, જુગતે થકી જરૂર. ૫૨
ઝેર એકનો જીવ લે, શસ્ત્ર હણે જણ એક;
(પણ) રાજમંત્ર ખુલ્લે હણે, પ્રજા સહિત નૃપ છેક. ૫૩

---

૧. એકલો-સ્વજનને છોડી પોતેજ સુ ભોજન, વસ્ત્રઆદિ કરે તે ક્રૂર ૨ જાણવો. ૫ જુલ્મ. ૬. દ્વૈધિભાવ ૭. લોભવૃત્તિ.

## એક પદાર્થ વિષે.

### હરિગીત.

સ્વાદિષ્ટ ભોજન એકલાએ કોઇ દિન કરવું નહીં,
ત્યમ એકલે ન વિચાર કરવો મોટો કો બાબતમહીં;
વળી પંથ લાંબે ચાલતાં જન એકલાય જવું નહીં,
જીવન સુતેલા બહુમહીં નહિ એકલે જાગવું કહીં. ૫૪
હે! નરપતિ! આ વિશ્વમાં દરિયા કિનારે પો'ચવા,
જયમ શ્રેષ્ઠ સાધન એક નૌકા છેજ તુર્ત તરી જવા;
ત્યમ સ્વર્ગ નિઃશ્રેણી દિસે એક સત્ય બારણું સર્વથા,
વળી અદ્વિતીયજ એક બ્રહ્મ સુ મુક્તિકારણ છે તથા. ૫૫

### સોરઠા.

તે નવ જાણે આપ! અધિક તાપ તેથી સહો;
જેનો એક પ્રતાપ, વિશ્વ વિષે વ્યાપી રહ્યો. ૫૬

### ક્ષમા મહિમા-શિખરિણી વૃત્ત.

ક્ષમાવંતો માંહીં, અગુણ ગણશે એકજ ક્ષમા,
ન દીસે બીજો કો, અગુણ વળી છે તે વિણ તમા;
ગણે છે દુષ્ટો તો, અબળ બહુધા ગંતુ જનને,
કદી ના માનો તે, અગુણ ગુણવંતા સજનને. ૫૭
ક્ષમા છે સર્વેથી, મહત બળ વિશ્વે વિદિત આ,
અશક્તોને તો તે, ગુણ રૂપ બને સારી સમતા;
સમર્થોને થાયે, ભૂષણ રૂપ વિશ્વે વશકરી,
ક્ષમાથી કો' શું જ્યાં ? શકતું નથી તે સાધ્યજ કરી ? ૫૮

### ચોપાઇ.

ક્ષમા ખડ્ગ હોયે કર જેને, દુર્જન કરી શકે શું તેને ?
જેમ ઘાસવિણ પૃથ્વી મધ્ય, પડ્યો અગ્નિ ઓલાયજ સદ્ય. ૫૯

ક્ષમા વિના નિજ પર બે સંગ, અવગુણુવંત કરે નર અંગ;
એક ધર્મ ઉત્તમ કલ્યાણ, ક્ષમા શ્રેષ્ઠ શાંતિ એક જાણ. ૬૦
વિદ્યા એક પરમ સંતોષ, એક અહિંસા છે સુખ કોષ;
એક ઇશ મુક્તિપ્રદ પૂરણ, દે સુખ કષ્ટ કરે જે ચૂરણ. ૬૧

## બે પદાર્થ વિષે.

### દોહરા.

વિરોધ વિણુનો ભૂપને, પ્રવાસ વિણુ દ્વિજ તેમ;
ભૂમી એ બેને ગળે, સર્પ ઊંદરો જેમ. ૬૨
દુર્જનને નહિ માન દે, વદે મધુર મુખ વાણુ;
એ બે કાર્યો વિશ્વમાં, શોભાદાયક જાણ. ૬૩
સ્ત્રી પુરૂષો બંને કરે, પર વિશ્વાસે કામ;
એક નારિ આસક્ત તો, તે પર બને તમામ. ૬૪
તેગ હિયે નર એક જો, કોને માન નિદાન;
તો તેને આપે બધા, મનુષ્ય મળિને માન. ૬૫
નિર્ધન ઇચ્છે વસ્તુ બહુ, અબળ ક્રોધ કરનાર;
દુર્બળ એ બંને બને, શોષક શરીર અપાર. ૬૬
ઉદાસીન રે' ગૃ'સ્થ થઇ, ભિક્ષુક મોટે કાજ;
બંને વિપરિત કાર્યથી, માન ન પામે રાજ ! ૬૭
ક્ષમાવાન સામર્થ્યયુત, દરિદ્રી દાતા જાણ;
એવે બે પુરૂષો સ્વર્ગની, ઉપર રહે નિદાન. ૬૮
ન્યાયે સંપાદન કરી, કુપાત્રને દે દાન;
સુપાત્રને નવ દાન દે, કુરીત બે ઉર આણ. ૬૯
ધની છતાં જે કૃપણ નર, ગૃ'સ્થાશ્રમી દરિદ્ર;
બુડાડો બાંધી શિલા, એ બે છે જન છિદ્ર. ૭૦
ત્યાગી યોગાભ્યાસિને, રણુ સન્મુખ મરનાર;
ભાનુમંડળ ભેદિને, શુભ ગતિ બે લેનાર. ૭૧

## ત્રણ પદાર્થ વિષે.

જન મન વશ કરવા તણા, ત્રણ ઉપાય સઁભળાય;
ઉત્તમ, મધ્યમ ને અધમ, શ્રુતિજ્ઞ વિપ્રો ગાય. ૭૨
ઉત્તમ, મધ્યમ ને અધમ, ત્રણ વિધિના નર હોય;
યથાયોગ્ય સૌ કામમાં, સમજી લગાડો સોય. ૭૩
નારી, સુત, સેવક, ત્રણે, છે પરતંત્ર પ્રમાણ;
એ જેની સમિપે વસે, તેને વશ તે જાણ. ૭૪
પરધન–પરસ્ત્રી સેવના, નિજ સઁબંધીનો ત્યાગ;
એ ત્રણ અવગુણ પુરૂષને, નાશકારિ છે ડાઘ. ૭૫
કામ, ક્રોધ ને લોભ ત્રણ, છેજ નરકનાં દ્વાર;
માટે તજવા એ ત્રણે, આત્મજ્ઞાન હરનાર. ૭૬
શત્રુ દુખથી મૂંકાવવો, મેળવવું વરદાન;
રાજ–પુત્રની પ્રાપ્તિ તે, ત્રણને ગણો સમાન. ૭૭
સેવક,[1] નિજનો ભક્ત[2] ને, "તમારો છું" કે'નાર[3];
વિપત્તિયે નહિ ત્યાગવા, ત્રણ શરણાગત સાર. ૭૮

## ચાર પદાર્થો વિષે.

### ચોપાઇ.

બળીષ્ટ નૃપને તજવા જોગ, વસ્તુ ચાર જાણે બુધ લોગ;
અલ્પબુદ્ધિ જન સાથે મંત્ર, દીર્ઘસૂત્રિથી વિચાર તંત્ર. ૭૯
હર્ષોન્મતથી ગુપ્ત વિચાર, ત્યમ ચારણથી મંત્ર પ્રકાર;
મહાબુદ્ધિ નૃપતિ કુરૂરાજ! તજવા એ ચારે સૌ કાજ. ૮૦
ધનપતિયે નિજ ઘરમોઝાર, પુણ્યપરે નિમવા જણ ચાર;
વૃદ્ધ સગો[1] ને ચતુર કુલીન[2], મિત્ર[3] દરિદ્રં, બ્હેન[4] સુતહીણ. ૮૧
ચાર વસ્તુ દે ફળ તત્કાળ, જાણે જે નર બુદ્ધિ વિશાળ;
ઇંદ્રે પૂછી હતી મ્હારાજ! બૃહસ્પતિયે કહિ'તી તે કાજઃ– ૮૨

દેવોના મનતણો વિચાર[1], બુદ્ધિમાનનો પ્રતાપ[2] સાર;
વિદ્વાનોનો વિનય[3] વિશેષ, પાપ કર્મનો નાશ[4] નરેશ! ૮૩

### દોહરા.

અગ્નિ હોત્ર[1]ને મૌન[2]વૃત્ત, વેદાભ્યાસ[3] સુયજ્ઞ[4];
એ ચારે દે અભયને, (પણ) યશ ખાતર ભય પ્રજ્ઞ! ૮૪

માટે કરવાં ચાર એ, કેવળ ઈશ્વરપ્રીત;
યશ આશા નવ રાખવી, એમ કહે પંડિત. ૮૫

## પાંચ પદાર્થો વિષે.

પિતા,[1] માત,[2] અગ્નિ[3] અને, ગુરૂ[4] તથા જગદીશ;[5]
અગ્નિ રૂપ પાંચે ગણી, સેવ્યા જોગ મહીશ! ૮૬

દેવ,[1] ભિક્ષુ,[2] પિતૃ,[3] મનુષ,[4] અતિથી[5] પાંચને રાય!
કરનારો સત્કારનો, પામે સુયશ સદાય. ૮૭

પાંચ આવશે સાથ તમ, શત્રુ,[1] મિત્ર,[2] મધ્યસ્થ?[3]
પોષણ લાયક વડિલ[4] ત્યગ, સેવક[5] જનો સમસ્ત. ૮૮

### સવૈયા–એકત્રીસા.

સવ જનો પંચેંદ્રિય વાળાં છે જગમધ્ય સુણો કુરૂરાય!
તેમાંથી જો એક ઇંદ્રિ પણ ક્યાંયક વિષયાસક્ત કરાય;
તો તે દ્વારા સર્વ બુદ્ધિનો નિશ્ચય નાશ ત્વરાથી થાય,
ચર્મ ડોલમાં છિદ્ર પડે જ્યમ પાણી સઘળું ઝટ વહિ જાય. ૮૯

## છ પદાર્થો વિષે.

### દોહરા.

વૈભવ ઇચ્છાવાનને, તજવા ષટગુણ જાણ;
નિદ્રા,[1] તંદ્રા,[2] ક્રોધ,[3], ભય,[4] આળસ,[5] કૃતિ-લંબાણ.[6] ૯૦

---

૬ દીર્ઘસૂત્રી પણું–" કરીશું, કાલ કરીશું." એમ કરી કામને લંબાવ્યા કરવું તે.

અણુવક્તા આચાર્ય[૧]ને, વિણુબુદ્ધિ ઋત્વિજ;[૨]†
નિરરક્ષક રાજા[૩] તથા, અપ્રિયવાદિનીની ઓજ.[૪]— ૯૧
ગ્રામચાહિ ગોવાળ[૫] ને, વન ચા'નારા હજામ;[૬]
નિધિ*જળ તૂટયા નાવ સમ, ષટ તજવા ધરિ હામ. ૯૨
સત્ય,[૧] દાન,[૨] હુશિયારિને,[૩] પ્રેમ,[૪] ક્ષમા,[૫] ત્યમ ધીર;[૬]
એ ષટ ગુણ તજવા નહિ, કો દિન હે ! કુરૂવીર ! ૯૩

હરિગીત.

છે અર્થ લાભ[૧] સુ નિત્ય ત્યમ આરોગ્યતા[૨] તનની વળી,
વ્હાલી પ્રિયા,[૩] પ્રિયવાદિની,[૪]–આનંદદાયક જે ભલી;
સ્વાધીન પુત્ર[૫] સદા અને વિદ્યા[૬] સુ પુરૂષારથ×કરી,
એ ષટ દિસે જગમાં સદા સુખકારિ તો વસ્તુ ખરી, ૯૪

દોહરા.

કામ[૧], ક્રોધ,[૨] ને મોહ,[૩] મદ,[૪] શોક[૫] તેમ વળિ માન[૬];
વશ્ય કરે જીતેંદ્રિ તે, રહે નિષ્પાપ નિદાન. ૯૫
ગાફલ જનપર ચોરનો, સદા ગુજારો થાય;
રોગી જનથી વૈદ્યની, આજિવિકા ઉપજાય.— ૯૬
પ્રમદાઓ કામી થકી, પોષણ લિયે સદાય;
ગોરતણું ગુજરાન તો, યજમાનેથી થાય. ૯૭
રાજાની આજીવિકા, દિયે કલહુકરનાર;
મૂરખપર પંડિત જનો, ગુજર કરે સુખકાર. ૯૮
એ ષટ જણ ષટ ઉપરે, કરે સદા ગુજરાન;
એથી અધિક ન સાતમો, પંડિત કરે પ્રમાણ. ૯૯

ચોપાઈ

આય[૧], ચાકરી[૨], ખેતી[૩], સાર, વિદ્યા[૪] ને વનિતા[૫] નિરધાર;

† યજ્ઞાદિક કર્મ કરાવનાર બ્રાહ્મણ. * સમુદ્ર. × પુરૂષાર્થ.

શુદ્ર[૬] સમાગમ એ ષટ ખાસ, વિણુ તપાસે બે ઘડિય[×] વિનાશ.૧૦૦

દોહરા.

આ ષટ જણુ તો મનુષનું, કરે સદા અપમાન;
ભૂલી પૂર્વાભારને, વાંકું વદે નિદાનઃ- ૧૦૧
શીખિ ગયેલો શિષ્ય તે, કરે ગુરૂ અપમાન;
પરણેલો સુત માતનું, કશુ ન રાખે માન. ૧૦૨
કામરહિત[૧] નર, નારિની, કરશે નિંદા રોજ;
અર્થસાર્યાં ઉપકારોને, સમજે ફોકટ બોજ. ૧૦૩
નિધિપાર પોંચેલ તે, નિંદે નિશ્ચય નાવ;
રોગી રોગ રહિત બને, ઉપજે વૈદ્ય-અભાવ. ૧૦૪

ઉપજાતિ વૃત્ત.

આરોગ્યતા[૧] અંગ વિષે વસી છે,
ન કર્જની[+] પીડ[૨] ચિતે કશી છે;
સદા વસે છે નિજ[૩] દેશમાંહી,
છે સંગતિ સજ્જન[૪] કેરા ત્યાંહી. ૧૦૫
આજીવિકા તો અનુકુળ[૫] આપ,
સદા વસે નિર્ભય[૬] સ્વપ્રતાપ;
છએ ગણાયે સુખ સ્વર્ગતુલ્ય,
મળે બધાને નહિ તે અમુલ્ય. ૧૦૬

દોહરા.

ક્રોધી[૧], શંકાશીળ[૨] નર, પરોપજીવિક[૩] જેહ;
અસંતોષિ[૪] ઈર્ષાળુ[૫]ને, અતિદયાળુ[૬] નર તેહ. ૧૦૭
ષટ જણુ આ સંસારમાં, દુઃખી નિરંતર હોય;
જેહુ તજે એ ષટ ગુણો, સુખિયો બનશે સોય. ૧૦૮

×માત્ર બે ઘડી પણ તપાસ ન રાખી હોય તો તેમનો વિનાશ-હાણી થાયછે. ૧ કામવાસનાથી રહિત થયેલા-વૃદ્ધ, બંડળ, ઇ૦ + કરજ-દેવું.

## સાત પદાર્થો વિષે.

વિષયાસક્તિ[૧], જુગાર[૨]ને, મૃગયા[૩], મદિરાપાન[૪];
દંડ ભયંકર[૫], વાણિ કટુ[૬], અયોગ્યકૃત-ધનહાણુ[૭]:- ૧૦૯
સાત દોષ એ ત્યાગવા, સદ્નીતિ સુની ભૂપ;
સમર્થ નૃપ એથી પડે, વિપત્તિ કેરે કૂપ×. ૧૧૦

## આઠ પદાર્થો વિષે.

### કવિત-મનહર દંડક.

બ્રાહ્મણોનું* ધન હરે, તેમનાથી કલેશ કરે,
બ્રાહ્મણોથી દ્વેષ ધરી, મારવાને ચા'ય છે;
બ્રાહ્મણોની નિંદા કરે, સ્તુતિ ન કબૂલ કરે,
સંભારે ન ત્યારે જયારે, કાર્ય માત્ર થાય છે;
યાચવા જો વિપ્ર જાય, તેના અવગુણ ગાય,
તેમ કરી મૂરખ તે મન મલકાય છે;
ભવિષ્યમાં નાશ પામનાર જે મનુષ્ય તેના-
આઠ અવગુણ એહ, બુધથી* તજાય છે. ૧૧૧

### દોહરા.

મિત્ર સમાગમ[૧], લાભધન[૨], પુત્ર સમાગમ[૩] તેમ;
સ્ત્રી-સુખ[૪], પ્રિય ભાષણ[૫] સમે, ઇષ્ટ લાભ[૬] વળિ એમ.૧૧૨
અભ્યુદય[૭] નિજ જ્ઞાતિમાં, સુજન સમાજે માન[૮];
એ આઠે ગુણ નિજતણા, સુખનું તત્વ નિદાન. ૧૧૩

---

× વિષયાસક્તિથી રાવણાદિનો, જુગારથી નળાદિનો, મૃગયાથી પાંડુ વગેરેનો, અને મદિરાપાનથી યાદવકુળનો નાશ થયો તેજ પ્રમાણે બીજા દોષો વિષે જાણવું. * બ્રાહ્મણનો અર્થ માત્ર બ્રાહ્મણને પેટે જન્મેલો એમ નહિ પણ વિદ્વાન સમજવો. * ડાહ્યો માણસ-પંડિત. ૭ ચડતી-આબાદી.

બુદ્ધિ[1], કુલિનતા[2], દમ[3], તથા, શાસ્ત્ર જ્ઞાન[4], સામર્થ્ય[5];
સ્મિતભાષણું[6] ને દાન[7] વળી, કૃતજ્ઞતા[8], શુભ અર્થઃ-૧૧૪
એ આઠે ગુણ પુરૂષને, શોભા દાયક ખાસ;
માટે સજ્જન મેળવે, કરિને પૂર્ણ પ્રયાસ.* ૧૧૫

## નવ પદાર્થો વિષે.

ચોપાઈ.

આ શરીર રૂપ સદન મહાન, તેમાં છે નવ દ્વાર નિદાન;
ત્રણ સ્થંભો છે તેની માંહીં, પાંચ સાક્ષી તેમાં સુણ ભાઈ! ૧૧૬
તેમાં જીવ રહ્યો સુખ માની, જાણે તેને જે કો જ્ઞાની;
બ્રહ્મવેતા જાણો નર તેને, દ્વૈતભાવ નથી દિલમાં જેને. ૧૧૭

## દશ પદાર્થ વિષે.

ધર્મ ન જાણે દશ જણ જેહ, વિગતે વરણવી હું કહું તેહ;
મદિરાપાનથકી ઉન્મત્ત[1], વિષયવાસના થકી પ્રમત્ત[2]. ૧૧૮
ધાતુ દોષથી વિકળ[3] થયેલો, અતિ શ્રમથી ત્યમ થાકી[4] ગયેલો;
ક્રોધાવેશ[5]થકી બ્હેકેલો, અતિ ભૂખે[6] પીડીત બનેલો-૧૧૯
ઉતાવળો[7], લોભી[8]ને બીરૂ[9], છે દશમો કામી[10] જન નીરૂ;
એ દશ કેરો નૃપ! કો કાળ, સંગ કરે નહિ સુમતિ વિશાળ. ૧૨૦

## સુધન્વાએ પુત્રો પ્રતિ આપેલો ઉપદેશ.

દોહરા.

અસુર ભૂપ આગળ થયા, સુમતિ સુધન્વા સાર;
તેણે નિજ સુતકાજ જે, કહી કથા નિરધાર.-

* આ આઠ ગુણ અતિ શ્રેષ્ટ જાણીને તે વિષે આ ગ્રંથમાં ફરી ફરીને કહેવામાં આવ્યું છે. જુવો અધ્યાય ૩ જો. છંદ ૫૩, મૂ. શ્લોક ૫૨. અધ્યાય ૫ મો. છંદ ૪૩, મૂળ શ્લોક ૩૨. ૯બીરૂ -નાહિંમત-અશક્ત-કાયર. એવા અર્થમાં 'કચ્છી ગૂજરાતી' ભાષામાં બોલાયછે.

તે કહુંછું તમ આગળે, હે! નૃપતિ કુરૂવીર!
સુણો સત્ય શ્રવણે થકી, ધરિ દિલ પૂરણ ધીર:- ૧૨૨

### સવૈયા-ઇંદ્રવિજયવૃત્ત.

જે નૃપ કામને ક્રોધ તજે વળી દાન સુપાત્ર પ્રતિ નિત આપે,
ગૂઢ રહસ્ય લહે મનના ત્યમ શાસ્ત્ર સુજ્ઞાન ચિતે નિત થાપે;
કામ હરેક કરે ત્યમ સત્વર, દીરઘસૂત્રિપણું નિત્ત કાપે,
તેહ પ્રતિ પ્રણમે અતિ પ્રેમથી, સર્વ પ્રજાજન પૂર્ણ પ્રતાપે. ૧૨૩

### દોહરા.

શ્રદ્ધાળુ નિજની પ્રજા, જાણે કરવા જેહ;
સમજી અપરાધો કરે, સત્વર શિક્ષા તેહ— ૧૨૪
ગુના' અને શિક્ષાતણું, પ્રમાણ સમજે સાર;
શિક્ષાતણા પ્રમાણમાં, તેમ ક્ષમા નિરધાર.- ૧૨૫
નૃપતિ એવો હોય જે, વિશાળ બુદ્ધિવંત;
સમગ્ર લક્ષ્મી તેહને, સેવે છે નિશ્ચંત. ૧૨૬

### સવૈયા-એકત્રીસા.

અતિ નિર્બળ નરનું પણ ક્યારે, કરે ન જે નૃપતિ અપમાન.
અરિના છિદ્રો શોધ્યા કાજે, વર્ત્તે જે બુધિ[1]યુક્ત નિદાન;
અતિ બળવાન અરિથી ક્યારે, કરે ન વિગ્રહ સમજી જેહ;
સમયવર્ત્તિને કરે પરાક્રમ, ધીર સમજવો ભૂપતિ તેહ. ૧૨૭

### દોહરા.

આપતિમાં આવ્યા છતાં, શોક ન કરે કદાય;
સાવધ થઇ ઉદ્યોગમાં, મંડયો રહે સદાય. ૧૨૮
સમય ઉપર દુખ પણ સહે, નૃપ તે જ્ઞાનિ મહાન;
જિતાયલા છે તેહના, સઘળા શત્રુ જહાન. ૧૨૯
સ્નેહ કરે નહિ પાપીથી, કરે ન વૃથા પ્રવાસ;

---

૧ બુદ્ધિ.

પરનારી સેવે નહિ, દંભતણો નહિ દાસ.– ૧૩૦
ચોરીને ચાડી તજે, તજેજ મદિરાપાન;
તે નૃપ વસશે વિશ્વમાં, સુખથી સદા નિદાન. ૧૩૧
આરંભે નહિ ક્રોધથી, ધર્મ, અર્થ ને કામ;
બોલાવી પૂછે તદા, કહે યથાર્થ તમામ.– ૧૩૨
મિત્રહિતે પણ નવ કરે, મિથ્યા વિવાદ વીર!
ક્રોધ ન અપમાને કરે, તે છે પંડિત ધીર. ૧૩૩
ઇર્ષા નહિ અંતર ધરે, ધરે દયા દિલ મધ્ય;
સબળ થતાં નવ આદરે, વિરોધ ક્રોથી સદ્ય. ૧૩૪
બોલ્યામાં નહિ ચાતરે, સહે વિવાદ જરૂર,
એવો જન સર્વત્ર જગ, લહે પ્રશંસા પૂર. ૧૩૫
કદી તોછડો અંગમાં, પે'રે નહિ પોશાક;
સબળ છતાં પરની કદી, નિંદા કરે ન ટાંક. ૧૩૬
ધીરજ ધરી દુખને સહે, વદે ન કડવાં વેણ;
તે જન સૌને લાગશે, પ્રિય તથા સુખદેણ. ૧૩૭

ચોપાઇ.

શાંત વૈર નવ જાગૃત કરે, ગર્વ કદી નહિ અંતર ધરે;
કદી નવ થાય પરાક્રમહીન, પ્રાપ્ત થાય જો કદિ સ્થિતિ દીન– ૧૩૮
તદપિ અયોગ્ય કૃત નવ ગ્રહે, તેને ઉત્તમ પંડિત કહે;
સુખ મળવાથી મુદિત ન થાય, પર દુખ દેખિ નહિ હરખાય. ૧૩૯
પરને લાભ થાય જે વાર, તેથી ખેદ ન લહે લગાર;
તેને સત્પુરૂષજ સમ સાર, જાણો સજ્જન સૌ નિરધાર. ૧૪૦

છપય.

વિવિધ દેશની લહે, રીતભાતો રૂડેરી;
ત્યમ ભાષા ભિનભિન્ન, જૂજવા દેશજ કેરી;

બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, જાતિ-ધર્મો જે જાણે;
ઉત્તમ, મધ્યમ, અધમ,-તણા વિવેક પ્રમાણે;
ઐશ્વર્યતણી ઇચ્છા કરી, જે જે સ્થળ તે જાય છે.
કવિ જીવન ત્યાં તે શ્રેષ્ઠ નર, સર્વાધિપતિ થાયછે.૧૪૧

દોહરા.

દંભ,[1] મોહ,[2] મત્સર,[3] તથા પાપકમ,[4] નૃપવૈર[5];
ચાડી,[6] ગંડળવૈર[7] ત્યમ, મત ઉન્મતતા[8] ઝેરિ.—૧૪૨
દુર્જન સાથ વિવાદ[9] એ, તજે બધા સુવિચારિ;
બુદ્ધિમાન તે જાણવો, સ્થાપે કીરતિ[1] સારિ. ૧૪૩
દાન, હોમ, સુર-સેવના[2], કરે સુમગળ કાર્ય;
પ્રાયશ્ચિત વિધ વિધ વળી, લૌકિક ભાષણ આર્ય!-૧૪૪
સદા કરે એ સર્વ જો, તો પ્રસન્ન થઇ દેવ;
ઇચ્છે અધિક સુ તેહનો, અભ્યુદય[3] તતખેવ. ૧૪૫
પોતા સમથી આદરે, વિવાહ ને વ્યવહાર;
વળી મિત્રતા વાતચિત , હીનથી નહિ લગાર.-૧૪૬
અધિક ગુણેયુત ગુરૂ કરે, તેને પંડિત જાણ;
ઉત્તમ નીતિ તેહની, કોવિદ કરે પ્રમાણ. ૧૪૭
આશ્રિત તથા કુટુંબીને, આપી સૌનો ભાગ;
પછી થોડું પોતે જમે, તે પંડિત સદ્દભાગ. ૧૪૮
ઘણું કાર્ય કરી પછી ધરે, અલ્પ શયનની[4] આશ;
યાચે અરિને પણ દિયે, તે નરનાં દુખ નાશ. ૧૪૯
મન ધારેલું કામને, કરેલ જે અપમાન;
લહે ન અન્ય જનો જરા, તે પંડિત મતિમાન. ૧૫૦
તેવા જનના મનતણા, કરેલ ગુપ્ત વિચાર;
નાશ ન પામે કોઇ દિન, નરપતિ ગુણ ભંડાર! ૧૫૧

૧. કીર્તિ. ૨ દેવતાઓની સેવા. ૩ આબાદી. ૪ નિદ્રાની.

## કવિત-મનહર દંડક.

જીવોને મંગળકારી, સાચો પેસવઈદાર,
મુલ્યવાન શુદ્ધ, શ્રેષ્ટ ખાણુથી મળેલ જે,
નિર્મળ સુમહામણી, શોભે સર્વ માંહિ જેમ,
તેમ સર્વ હિતકારી, નિષ્ઠામાં ભળેલ જે,
મનનો સુકોમળને, આદર દેનાર પૂરો,
વિશુદ્ધ સ્વભાવવાળો, નિર્મળ ઠરેલ જે;
પુરૂપ પવિત્ર નિજ જ્ઞાતિમાં શોભે છે એવો,
જીવન જરૂર જશ પૂરણ વરેલ જે. ૧૫૨

## દોહરા.

કોય ન જાણે તોયપણ, તુચ્છ કૃતે શરમાય,
તે નર થાશે જગતમાં, સર્વતણો ગુરૂ રાય ! ૧૫૩
અતિ તેજસ્વી આપ તે, પ્રસન્ન ચિત્ત સદાય;
સાવધાન રહિ સર્વદા, રવિ સમ શોભિત થાય. ૧૫૪
શાપે મૃત્યુ વશ થયલ, પાંડુનૃપ જે કાળ;
ઈંદ્ર સમા સુત પાંચ એ, વનમાં જન્મ્યા બાળ. ૧૫૫
પાળિ ભણાવી તે તમે, મોટા કર્યા મહીશ!
તે સૌ આજ્ઞા આપની, સદા ધરે છે શીશ. ૧૫૬

## ઉપજાતિ વૃત્ત.

તેને દઇ ઉચિત રાજ્યભાગ, બનો તમે હર્ષિત ને સુભાગ
જેથી નરો કે સુર કોઈ ભાત, દિયે નહિ દોષજ પક્ષપાત. ૧૫૭

# પ્રકરણ ૨ જું.

### દોહરા.

ધૃતરાષ્ટ્ર—

નિદ્રા કંઇ આવતી નથી, મુજને તો દિનરાંત;
ચિંતા અગ્નિથી બળું, હે! વિદુર મમ ભ્રાત!
ધર્મ, અર્થ શાસ્ત્રો વિષે, સદા કુશળ છો આપ!
કરવાયોગ્ય કહો મને, ટાળો મુજ સંતાપ. ૨
મહા બળીષ્ટ વિદુરજી! કહો મને તે કામ;
(જે) ધાર્યું હોય યુધિષ્ઠિરે, બુદ્ધિયુક્ત તમામ. ૩
વળી કૌરવ કેરૂં સદા, કુશળકારિ જે કાંઇ
તે સૌ સંભળાવો મને, વિસ્તારીને આંહિ. ૪

### ચોપાઇ.

ભવિષ્યમાં દુખ પડશે કાંય, એવી આશંકા ચિત થાય;
નિરખું પાપ નજરથી સોય, તેથી મુજ મન વ્યાકુળ હોય. ૫
માટે તમને પૂછું આજ, યુધિષ્ઠિરે શું ધાર્યું કાજ?
યથાસ્થિત સઘળું કહો આપ, જેથી ટળે મુજ મન પરિતાપ. ૬

### દોહરા.

વિદુર—જે જેની ઉન્નતિ ચહે, તેણે તો ધરિ ખંત;
કે'વું પૂછ્યા વગર પણ, શુભ કે અશુભ નચિંત. ૭
અપ્રિય કે પ્રિય હોય પણ, કે'વું ઉચિત સદાય;
ધરવો નહિ સંકોચ ઉર, કદિ પણ હે! કુરૂરાય! ૮
તે માટે તમને કહું, વચન રૂડાં શુભકારિ;
કૌરવને હિતકારિ જે, સુણો તેહ ચિતધારિ. ૯

જુગાર આદિક કપટથી, કાર્ય સિદ્ધ જે થાય;
તેવાં કાર્યોમાં તમે, ચિત્ત ન ધરો કદાય. ૧૦

વસંતતિલકા વૃત્ત.

જેના ઉપાય નિરમેલ જ હોય જેહ,
કીધે ઉપાય નવ થાયજ કાર્ય તેહ;
તેનો ન શોક મનમાં ધરશે કદાય,
જે બુદ્ધિમાન નર છે જગમધ્ય રાય.

દોહરા.

કારણ પ્રથમ વિચારિને, કરવું પછી તમામ;
વિચારવિણુ કરવું નહિ, કહિયે સહસા કામ. ૧૨
કારણ ને પરિણામનો, સમજી પ્રથમ વિચાર;
પછિ "કરવો ઉદ્યોગ" કે, "કરવો નહિ" તે ધાર. ૧૩

સવૈયા-એકત્રીસા.

નિજ સ્થિતિ ને નિજ વૃદ્ધિ ક્ષયને જે નવ જાણે ભૂપતિ આપ,
આણાદી નિજ દેશતણી ત્યમ દ્રવ્ય ખજાના તણો પ્રતાપ;
દંડતણા નિયમો નવ જાણે યથાવિધિ જે મૂઢ નરેશ,
રાજ્યતણા સિંહાસન ઉપર, ટકે ન તે તો વખત વિશેષ. ૧૪

દોહરા.

પણ જે સમજે એ વિષય, તેમ ધમ ને અર્થ;
સાવધાન ભૂપાળ તે, પામે રાજ્ય સમર્થ. ૧૫
"રાજ્ય મળ્યું મુજને હવે," ધારી મનમાં આમ;
કુરીતથી વર્ત્તવું નહિ, હો! નૃપતિ! મતિધામ. ૧૬

### ગીતિ.

(કારણ કે-) ઘડપણ સુંદરતાનો, નાશ કરે છે જગે જુઓ જેમ;
અવિનય સદ્ય કરે છે, લક્ષ્મીકેરો વિનાશ તો તેમ.૧૭

### હરિગીત.

ઢાંકેલ શુભ ખાજે થકી કાંટો મુખે માછલી ગ્રહે,
ગળી જાય છે તે સદ્ય[1] પણ વિચાર નવ ઉરમાં લહે;
જો મોત તેથી નીપજે પોતે કરેલા કામથી,
ત્યમ લોભ વશ થઇ આદરે નર કૃત્ય કૈં ઍકહામથી.-૧૮

### દોહરા.

ગળી શકાય, ગળે પચે, પચિ હિતકારક હોય;
સમૃદ્ધિ ચાહક પુરૂષને, ગળવું ઉચિત સોય.　　૧૯

### ચોપાઇ.

અપક્વ ફળ તોડે નર જેહ, લહે ન રસ તેમાંથી તેહ;
બીજતણો પણ કરે વિનાશ, અન્તે તે નર થાય ઉદાસ.　　૨૦
મોટાં ને પૂરણ પાકેલ, તરૂવર ફળ ઉતારે સે'લ;
તે રસ મેળવશે મતિમાન, ફરિ બીથી ફળ લહે નિદાન.　　૨૧
ભમરો જ્યમ કરિ પુષ્પ બચાવ, લે મકરંદ† ધરી ઉર ભાવ;
જનનું રક્ષણ કરીને તેમ, બુદ્ધિમાન લે ધનને એમ.　　૨૨

### હરિગીત.

માળી લિયે જ્યમ પુષ્પ વીણી નિજ બગીચામાં થકી,
પણ વૃક્ષ કેરૂં મૂળ તો તે કાપતો કો દિન નથી;
ત્યમ નૃપતિયે પણ વર્ત્તવું માળીની રીતે સર્વદા,

૧. તુરત. † પુષ્પરસ-પરાગ.

પણ કાયલાકરનાર પેઠે રાય! ના વર્ત્તવું કદા. ૨૩
આ કામ કીધે ફળ થશે શું? વા ન કીધે શું સરે?
તેનો કરી વિચાર પછિ, "કરવું ન કરવું" દૃઢ કરે;
આરંભી ટોક શકાય નહિ એવાંય કાર્ય ઘણાક છે,
ત્યમ એનાં મેળે થાય કે, શ્રમ તેની પાછળ વ્યર્થ છે. ૨૪

ગીતિ.

ક્રોધ નિરર્થક[1] જેનો, કૃપા નિરર્થક અને વળી તેમ;
તે નૃપ પ્રજા ન ઇચ્છે, વ્યંડળને[2] નવ ચહે વધૂ[3] જેમ. ૨૫

૧ ફોકટ. ૨ નપુંસક-પાવૈયો. ૩ યુવતી-સ્ત્રી.

૨૫ એક સખિયે બીજીને પૂછ્યું કે—"અલી! તારૂં મુખકમળ આછું મ્લાન કેમ જણાય છે? શું તારો પતિ તારાપર પ્રેમ ધરાવતો નથી?" ત્યારે તેણે જવાબ આપ્યો કે—"સખી! મારો પતિ તો વિદેશ ગયો છે!" આ જવાબથી આશ્ચર્ય પામેલી સખિયે કહ્યું કે—"એમ બને શી રીતે? હજુ કાલે સાંજ સમયે તો મેં તારા પતિને બજારમાં જોયો હતો. તે એમ એકાએક વિદેશ જાય નહિ! માટે તારા બોલવામાં કંઈ ભેદ છે, તે મને સ્પષ્ટ કહે." તેના ઉત્તરમાં તે સ્ત્રીએ નીચેનો दोहरो કહ્યો:—

"रीझी करे न कुच ग्रहे, खीझी ग्रहे न केश;
जेसा कंथा घर रह्या, तेसा गया बिदेश."

અર્થાત્ જેની રીઝ અને ખીઝ ફોકટ છે તેને કોણ ચાહે? રાજાના ગુસ્સાનું પરિણામ સજા અને ખુશીનું પરિણામ ઇનામ હોવુંજ જોઇએ. ઘણાક રાજા પાદશાહોએ એવા નિયમ કરેલા હતા કે—તેમના મોઢામાંથી સાબાશીનો શબ્દ પડે તો તેના ખજાનચીએ જેના માટે સાબાશીનો શબ્દ બોલાયો હોય, તેને અમુક રકમનું ઈનામ એની મેળે આપવુંજ જોઇએ. મહાન્ સિકંદરને એજ પ્રમાણે પ્રતિજ્ઞા હતી:—

આંબાના વૃક્ષો રોપતા રોપતા એક વૃદ્ધ ખેડૂતને સિકંદરે પૂછ્યું કે—અય! બુઢ્ઢા! એ શું કરે છે? વૃદ્ધ—' ખુદાવિંદ! આંબા રોપું છું." સિકં—"સાબાશ (ખજાનચીએ તેના તરફ દ્રવ્યની એક થેલી ફેંકી,—તેનું શું પ્ર-

અલ્પ શ્રમે ફળ મોટાં, દેનારાં કૃત ત્વારત× સુ આદરવાં;
વિલંબ ન કરવું તેમાં, વિદ્વાનોએ અવશ્ય તે કરવાં. ૨૬
પ્રેમદર્શિ,‡ મૃદુ દૃષ્ટી, જે નૃપ સૌજન પ્રતિ જરૂર ધારે;
શાંત રહે સૌ કાળે, તે પર રૈયત રહે પૂરણ[1] પ્યારે. ૨૭

દોહરા.

સુપુષ્પથી ભરપૂર પણ, ફળથી હીણું જણાય;
ફળિત છતાં પણ કષ્ટથી, જે પર ચઢી શકાય.— ૨૮
યદ્યપિ પાકેલું ન છતાં, પાક્યાસમ દેખાય;
એવા ગુણના વૃક્ષનો, નાશ કદી નવ થાય.† ૨૯

---

યોજન"? વૃદ્ધ—"ખાવિંદ! મીઠાં ફળ મેળવવા માટે!" સિકંદર—શાબાસ! (ઇનામ) પણ તું તો વૃદ્ધ થયો છે; તેથી આ વૃક્ષોના ફળ મેળવવા જીવીશ નહિ, મટે વૃથા પ્રયાસ કેમ કરે છે?" વૃદ્ધ—જહાંપનાહ! બીજાઓએ રોપેલા વૃક્ષોનાં મધુર ફળ મેં ખાધાં છે, માટે મારાં રોપેલા વૃક્ષોનાં મીઠાં ફળ બીજાઓએ ખાવાંજ જોઇએ, એ ન્યાય છે." સિકંદરે અતિ હર્ષથી પોકારીને કહ્યું કે—"શાબાસ! શાબાસ!! શાબાસ!!!" (ખજાનચીએ બત્રીસ થેલી સામગ્રી તે બુઢ્ઢાને ફેંકી!) એનું નામ નૃપવર! ને એજ ઉદારતા!

એક હિંદી કવિ કહેછે કે:—દોહા. (યથા સંખ્યાલંકાર).

लोह[1] रंक[2], तरू[3] कीट[4] यह, परस न पलटत अंग;
का' पारस[1]? नृपति[2] कहा? का' चंदन[3]? का' भृंग[4]?

લોઢું, રંકજન, સાધારણ વૃક્ષ અને કીડો એમને અનુક્રમે પારસમણી રાજા, ચંદનવૃક્ષ અને ભમરાનો સ્પર્શ થયો, તેમ છતા તેમનું અંગ બદલ્યું નહિ–અર્થાત તેઓ ક્રમેથી સુવર્ણ, ધનાઢ્ય, ચંદનવૃક્ષ અને ભ્રમર ન થયાં તો પછી તે મૂળ વસ્તુઓ અનુક્રમે પારસમણી, રાજા, ચંદનવૃક્ષ અને ભ્રમર છે, તેની ખાત્રી શી? અર્થાત્ તેઓ તે નથી.

× ઝટ. ‡ પ્રેમ બતાવનાર નજર. ૧ પૂર્ણ.

† એવા વૃક્ષની પેઠે–જે વચન તથા દૃષ્ટીથી સ્નેહ બતાવનાર હોય તે જો કંઇ આપે નહિ, તથાપિ માણસો તેનાપર સ્નેહ રાખે છે; તેમ દ્રવ્ય વગેરેની આશા આપનારૂ છતાં પણ લોકથી તે વગર શ્રમે લઈ શકાય તેમ ન હોય, તેના ઉપર પણ લોકપ્રીતિ થાય છે; વળી અંદર કચાસ છતાં પણ બહારના ઠાઠથી જેનું પાકાપણું જણાતું હોય, તે રાજાને પણ લોકો ચાહે છે. અને તે કોઇ દિવસ કોઇના તાબામાં ફસી પડી પદભ્રષ્ટ થતો નથી.

ચક્ષુ[1] મન,[2] વાણી,[3] તથા, દાન[4] સુ ચાર પ્રકાર;
રાખે નૃપ ખુશિ જો પ્રજા, (તો) રંજિત રહે અપાર. ૩૦

ગીતિ.

જેમ હરણ પારધિથી, તેમ પ્રજા નૃપ થકી બધી ત્રાસે;
(તો) સાગર સહ પૃથ્વીપતિ,–હોય તથાપિ વિનાશ ઝટ થાશે. ૩૧

સવૈયા–એકત્રીસા.

પિતા પિતામહ* તણા રાજ્યને પ્રાપ્ત કરેલ હોય નિજ જોર,
તોપણ જો નીતિ તજી વરતે અન્યાયે દિલમાં ધરિ તોર;
તો વાય વાદળમાં પેશી જેમ કરે તે તણો વિનાશ,
ત્યમ ભૂપતિ તે નિજ અન્યાયે, સ્વરાજ્ય કેરો કરશે નાશ. ૩૨
પૂર્વકાળમાં સત્પુરૂષોએ, જે જે ધર્માચરણ કરેલ,
વર્ત્તનાર તે તે ધર્મોમાં હોય ભૂપતિ ચિત્ત ઠરેલ;
તો તે ધનથી સંપૂરણ ત્યમ, સંપતિ[1]વર્ધક પૃથ્વીનોજ,
સ્વામિ બની સુખભોગવશેજગ, રંજિત રાખી પ્રજાને રોજ. ૩૩

દોહરો.

ધર્મ તજીને પાપનું, કરે નૃપતિ જે કાજ;
દવે[2] પડેલા ચર્મ સમ, (તે) સંકોચે નિજ રાજ. ૩૪

ચોપાઈ.

શત્રુદેશ વિમર્દન[3] કાજ, પ્રયત્ન જે કરવા મ્હારાજ!
તે નિજ દેશની રક્ષા માટ, પ્રયત્ન તો કરવા શિર સાટ. ૩૫

હરિગીત.

જે રાજ મેળવી ધર્મથી નિત[4] ધર્મથી પાળણ કરે,
એ રીત વરતી સર્વદા નૃપ લક્ષ્મી ભંડારે ભરે;
(તો) આવેલી લક્ષ્મી ધર્મ રીતથી કોઇ દિન જાતી નથી,
ત્યમ નાશ તે નરપાળનો થાતો નથી કદિ કોયથી.

ચોપાઈ.

પત્થરમાંથી સોનું જેમ, કાઢી લિયે નિપુણ નર તેમ;
ગાંડું કાલું, વ્યર્થ બકનાર, બાળથી પણ પંડિત લે સાર. ૩૭

* દાદો–બાપનો બાપ. ૧ સંપત્તિ. ૨ અગ્નિ—અગ્નિમાં પડેલું ચામડું જેમ સંકોચાઈ જાયછે તેમ. ૩ નાશ ૪ નિત્ય.

### ગીતિ.

કુંડાગાંથી વીણી, જેમ લિયે કણ તરત શિલાહારી;[1]
પંડિત વચનોમાંથી, તેમ મધુર લઇ કૂંત કરવી સારી. ૩૮

### દોહરો.

ગાય નિહાળે ગંધથી, વેદવડે દ્વિજ[2] એન;
ચાર[3] વડે રાજા જુએ, અન્ય જનો નિજ નેન. ૩૯

### ચોપાઇ.

કલેશે કરિ દો'વા દે ગાય, તેને કષ્ટ અતિશય થાય;
વિના કષ્ટ દોવાતી હોય, તેને કષ્ટ કરે નહિ કોય. ૪૦
વગર તપાવે વાંકું વળે, વાળ્યા માટે તે નહિ બળે;
નમેલ એની મેળે જોય, તે નહિ કાષ્ટ નગાવે કોય. ૪૧
ધીર મનુષ્યે તો સૌ કાળ, સમર્થને નમવું તત્કાળ;
સમર્થને જે કરે પ્રણામ, કર્યા ઇંદ્રને એમજ જાણ. ૪૨

### દોહરા.

પશુ-સા'યક વરસાદ છે, નૃપ-સા'યક પરધાન[1];
સ્ત્રી-સા'યક ભરતાર છે, વેદ વિપ્ર મતિમાન ! ૪૩
સત્ય વડે નિજ ધર્મની, રક્ષા પૂર્ણ કરાય;
વિદ્યાનું રક્ષણ સદા, અભ્યાસેથી થાય. ૪૪
સ્નાન કર્મથી રૂપનું, રક્ષણ થાય સદાય;
સદાચરણથી વિશ્વમાં, ઉત્તમ કુળ રક્ષાય. ૪૫

### ગીતિ.

ભરપથકી કણકેરી, અશ્વની રક્ષા થશેજ વ્યાયામે;*
પ્રતિક્ષણ† દૃષ્ટિથી ગાયો, વનિતા રક્ષા સુવસ્ત્રથી[2] પામે. ૪૬

---

૧ મોલ વાઢી લીધા પછી ખેતરમાંથી સહજ ખરી પડેલ કે લણતાં વેરાયલા કુંડાં કે શીંગો વીણનાર. કચ્છીમાં એને ઓસલું કરનાર કહેછે. ૨ બ્રાહ્મણ ૩ હેરક-જાસૂસ-બાતમીદાર. ૧ પ્રધાન—મંત્રી. * કસરતથી. † વારંવાર નજર રાખવાથી. ૨ મૂળમાં "स्त्रियो रक्ष्या : कुचैलत :" એમ છે, પણ ગૂજરાતી ભાષાની રૂઢી પ્રમાણે એ વાકયનો ભાવાર્થ મને ઉપર પ્રમાણે યોગ્ય લાગ્યો છે.

### દોહરા.

કુલિન છતાં જે માનવી, દુરાચારયુત હોય;
માન પામવા યોગ્ય તે, સમજો ના કદિ કોય. ૪૭

અકુલિન પણ શુભ વર્તને, વરતે ઉત્તમ જાણ;
ઉત્તમતાનો હેતુ નૃપ! સદાચાર ઉર આણ. ૪૮

ઈર્ષા–પરધન, રૂપપર,–વંશ, પરાક્રમગદ્ય;
સુખ, સુભાગ્ય, સત્કારમાં, તેને[1] પીડા સદ્ય. ૪૯

### સવૈયા–એકત્રીસા.

અકૃત કરવામાં ઉર રાખે જે નર પૂરણ બીક સદાય,
તેમજ તજતાં કરવા લાયક સદા ડરે જે અંતર માંય;
કાર્યસિદ્ધિવિણ મંત્ર ખુલ્યાની સદા બીક ધારે જે ચિત્ત,
માદક* વસ્તુ કદી પિયે નહિ, તે નર સુખિયો થાય ખચીત.
૫૦

### દોહરા.

કુટુંબ, વિદ્યા, ધનતણો, મદ ગાર્વિને[2] થાય;
સત્પુરૂષો એ ત્રણ વિષે, નિગ્રહ[3] કરે સદાય. ૫૧

સત્પુરૂષો કો કાર્યમાં, માગે દુર્જન સા'ય[4];
સમજી પ્રતિષ્ઠિત આપને, તો તે મન મલકાય. ૫૨

### સવૈયા—એકત્રીસા.

જ્ઞાની કેરો આશ્રય જગમાં, સત્પુરૂષોને સમજો સાર,
સત્પુરૂષોનો આશ્રય તેમજ, જ્ઞાનીને સમજો નિરધાર;
અસત્પુરૂષ કેરો પણ વિશ્વે, સત્પુરૂષો આશ્રય સુખકાર,
સત્પુરૂષો કેરો આશ્રય જગ અસત્પુરૂષ તો નથી તલભાર. ૫૩

---

૧ પરની એ સર્વ વસ્તુઓમાં ઇર્ષા કરનાર પુરૂષને * કેફી વસ્તુ–દારૂ ઈ૦. ૨ ગર્વીષ્ટ. ૩ અટકાવ–ખાળવું. ૪ સહાયતા.

### દોહરા.

ઉત્તમ વસ્ત્રોવાન જન, સમાજમાં લે જીત;
ગોરસથી§ મિષ્ટાનમાં, લે જન જીત સુરીત. ૫૪
વાહનવાળો પંથનો, વિજય કરે સુખકાર;
શીળવાન જન સર્વપર, વિજય લહે નિરધાર. ૫૫

શીળ મુખ્ય છે પુરૂષમાં, શીળ ગયું તો જાણું;–
જીવન, ધન, સંબધિ સૌ, ફોકટ એમ પ્રમાણ. ૫૬
ધનાઢય ક્ષત્રિય પુરૂષને, ઉત્તમ ભોજન માંસ
મધ્યમ જનને જમણમાં, ગોરસ છે સારાંશ. ૫૭

તેમ દરિદ્રી પુરૂષનું, ઉત્તગ ભોજન તેલ;
એ ક્રમથી જીવન લહો, ત્રિવિધિ ભોજન મેળ. ૫૮
દરિદ્રીને ભોજન બધું, અતિ સ્વાદિષ્ટ જણાય;
ધનીને દુર્લભ ભૂખથી, ભોજન મીઠું* થાય. ૫૯

ધનીને બહુધા કોઈ દિન, ભોજન રૂચી ન થાય;
ઇચ્છા થતાં જમે કદી, તો જીરણ ન કરાય. ૬૦
ગરીબને તો કાષ્ટ પણ, ખાધેલાં પચી જાય;
તો અનાજ ફળ આદિની, કહો વાત શી થાય? ૬૧

આજીવિકાના નાશનો, કનીષ્ટને ભય માન;
મધ્યમ જનને મૃત્યુ ભય, ઉત્તમને અપમાન. ૬૨

---

§ ગાયથી નીપજતા—દૂધ, દહીં ઇ. પદાર્થ—विना गोरसं को रस भोजनानाम् ? * એક મુસલમાન (મુરદ) ને ત્યાં કોઇ પીર (મુરશદ) આવેલો હતો, તેને યોગ્ય માન આપી બેસાડયા પછી તેણે કહ્યું કે–"બાવા! ખાણું તૈયાર છે." ત્યારે તેણે ઉત્તર આપ્યો કે–"બચ્ચા ! ભલે મીઠું થાય" પછી વળી થોડીવાર રહીને ફરી તેણે દરખાસ્ત કરી, ત્યારે પણ પીરે તેજ જવાબ આપ્યો. પણ મુરીદ કંઈ સમજ્યો નહિ. તેથી તેણે કહ્યું કે–"બાવા ! મીઠું તો મેં કર્યું છે !" ત્યારે તે પીરે કહ્યું કે–"ભલા માણસ ! ગોળ, ખાંડ વગેરે નાંખવાથી કંઈ ખાવાનું મીઠું થતું નથી, પણ ભૂખ લાગવાથી મીઠું થાય છે, તે ભૂખ હજુ મને લાગી નથી."

ગીતિ.

મદિરામદથી ધનમદ, અતિશય નિંદિત[1] ગણાય ભૂપાળ!
(કેમકે) દરિદ્રતા આવ્યા લગિ, તે નર ઉન્મત્ત[2] રહે સદાકાળ. ૬૩

દોહરો.

સ્વતંત્ર ગ્રહ નક્ષત્રને, કરેજ પીડા જેગ;
વિષયે સ્વતંત્ર ઇંદ્રિયો, જનને દુખકર[3] તેગ. ૬૪

ઉપેન્દ્રજાતિ.

આત્મા વશ કરે જે સેંજ, એવી પાંચ ઇંદ્રિય છેજ;
તેને વશ થશે જે કોય, શુદિશશિ જેમ દુખ વૃધિ હોય. ૬૫
આત્મા વશ કર્યા વિણુ રાય, જે આમાત્ય જીત્યો ચાય
વળી આમાત્ય જીત્યા વિણુ, શત્રુ જીતવાના પ્રવીણુ!- ૬૬
ઇચ્છા રાખશે જે ઉર, બનશે તેહ દુખ ભરપૂર;
એવો જે પરાધિન રાય, તેનો નાશ નિશ્ચય થાય. ૬૭
જો આત્મા ગણી અરિ રૂપ, જીતે પ્રથમ તેને ભૂપ;
તે તો મંત્રિ ને અરિ બેય, જીતી અફળતા વિણુ લેય. ૬૮
ઇંદ્રિય બુદ્ધિ ને મન જાણુ, કરશે વશ્ય તે નિરવાણ;
અપરાધી નિહાળી કોય, કરશે યોગ્ય શિક્ષા સોય.- ૬૯
જે કરશે વિચારી કામ, ધીરજવંત આપ તમામ;
તેને લક્ષ્મી સેવે આપ, વધશે ભૂપ-ભૂમિ, પ્રતાપ. ૭૦

હરિગીત.

હે! રાય! પુરૂષ-શરીર તો, આ ભવવિષે રથ રૂપ છે,
વળિ બુદ્ધિ સારથિ તેહનો, પંચેંદ્રિ અશ્વ સ્વરૂપ છે;
એટલ તેમાં જન રથી ઇંદ્રિયને નિજ હાથ ગ્રે,[4]
બુદ્ધિ વડે આનંદથી શુભ માર્ગમાં રથ જાય લે[5]. ૭૧

દોહરા.

ચમકેલા ઘોડા રથે, કરેજ સારથી નાશ;
વશ ન રહે જો ઇંદ્રિ તો, આત્મ સુબુદ્ધિ વિનાશ. ૭૨

---

૧ નિંદા કરવા યોગ્ય. ૨ ઉન્મત્ત-ગાંડો. ૩ દુઃખ કરવાવાળી.
૪ ગ્રહી-ગ્રહણ કરી-પકડી. ૫ લઇ.

## બાળક કોણ ?

શુભથી અશુભ, અશુભેજ શુભ, માને તે મતિબાળ[1];
અજિત ઈંદ્રિથી પરમ દુખ, માને સુખ સૌ કાળ. ૭૩
ધર્મ, અર્થને જે તજી, નિજ ઇંદ્રિય વશ થાય;
ભાગ્ય, પ્રાણ, ધન, સ્ત્રીથકી, તે નર તરત તજાય.. ૭૪
અર્થતણો જે ધણી છતાં, ઇંદ્રિયનો નહિ હોય;
ભ્રષ્ટ સુ ધન ઐશ્વર્યથી,[2] નિશ્ચય બનશે સોય. ૭૫

ચોપાઇ.

મન, બુદ્ધિ, ઈંદ્રિય વશ ધારી, બુદ્ધિથી જાણ આત્મ સુખકારી;
આત્મા બંધુ બુદ્ધિ છે સારી, તેજ વળી શત્રુ[3] દુખકારી.૭૬

દોહરા.

બુદ્ધિ છે આત્માતણો, બંધુ નિશ્ચય જાણ;
આત્મા તો બુદ્ધિવડે, પરાધીન ઉર આણ- ૭૭
બુદ્ધિ તો આત્માતણો, બંધુ તેમ અરિ છેજ;
આત્માનો ઉદ્ધાર ત્યમ, કરવો બુદ્ધિ વડેજ. ૭૮
સૂક્ષ્મ છિદ્રની જાળમાં, પકડાયલ બે મચ્છ,
કાપે નિશદિન જાળ તે, જાણો કરિ મન સ્વચ્છ.— ૭૯
તેમ શરીર રૂપ જાળમાં, પકડાયલ નિરધાર;
કામ, ક્રોધ, બંને કરે, બુદ્ધિ વિનાશ અપાર. ૮૦
જે જન ધર્મ સુ અર્થને, બાધ ન આવે તેમ;
બંને બાજુ તપાસીને, લહે સુ સાધન એમ.- ૮૧
વિજયતણા સૌ સાધને[4], વિજય મેળવે સાર;
સુખ પામે તે સર્વદા, સમજો નૃપ ! નિરધાર. ૮૨
પ્રથમ મનોમય પાંચ[5] અરિ, જીત્યા વિણ જે સત્ય;

---

૧ બુદ્ધિમા બાળક. ૨ મોટાઇ. ૩ એ વિષયમાં ભગવદ્‌ગીતાના વચનો પ્રસિદ્ધ હોવાથી અત્રે લખ્યા નથી. ૪ સાધન વડે. ૫ કામ, ક્રોધ, લોભ, મોહ, તથા મત્સર, એ મનના પાંચ અરિ-શત્રુ છે.

જાય જીતવા શત્રુને, તે નહિ વિજયી થાય. ૮૩
નિજ ઇંદ્રિય સ્વાતંત્ર્યથી, મહા મહા મહિપાળ;
રાજ્યસંપત્તિ રહિતથઇ, બન્યા બહુ બેહાલ. ૮૪

## સંગતનું ફળ,

### હરિગીત.

જ્યમ કાષ્ટ સૂકાં સાથ લીલું રાખ બળીને થાય છે,
ત્યમ પુણ્યવાને પાપિ સંગે દંડપાત્ર ગણાય છે;
તે માટ સંગતિ પુણ્યવાને પાપિની કરવી નહીં,
એવું વદ્યા છે નીતિવેત્તા નીતિના ગ્રંથો મહીં. ૮૫

## ઇંદ્રિઓને વશ થવાનું ફળ.

### દોહરા.

શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ, રસ, જ્ઞાનેંદ્રિય એ પાંચ;
વશ ન કરે જે માનવી, (તે) વેઠે વિપત્તિ આંચ. ૮૬

## દુરાત્માનાં લક્ષણ.

સમદૃષ્ટી ને સરળતા, પવિત્રતા, સંતોષ;
પ્રીયવચન, ઇંદ્રિયદમન, સત્ય, ચપળ-નિર્દોષઃ— ૮૭
[1]દુરાતમામાં હોય નહિ, કદિ એ સદગુણ સાર;
પવિત્ર પુરૂષોમાં વસે, જીવન મન નિરધાર. ૮૮
આત્મજ્ઞાન, નિશ્ચળપણું, સહનશીળ, નિતધર્મ;
ગુપ્તદાન, સ્મિતવાચનું, દુર્જનમાં નહિ મર્મ. ૮૯
નિંદા ને આક્ષેપથી, દુર્જન દે દુખ સદ્ય;
(તે) ક્ષમા કરે પંડિતજનો, જ્ઞાનપૂર્ણ ચિત મધ્ય.— ૯૦
તે પંડિતજન પાપથી, થાય વિમુક્ત સદાય;
વક્તા ભોક્તા થાય છે, સમજો હે! કુરૂરાય ! ૯૧

## શેનું શેમાં બળ ?

હિંસા બળ છે દુષ્ટનું, નૃપતિ બળ છે દંડ;
સ્રીનું બળ સેવા સદા, ગુણિ બળ ક્ષમા પ્રચંડ. ૯૨

---

૧ દુરાત્મા.

### અશક્ય શું છે?

વાણી સંયમ સર્વદા, અશક્ય છે ભૂપાળ!
(તેમ) સાર્થક ને વૈચિત્ર્યયુત, બહુ બોલવું સૈ કાળ— ૯૩
એ પણ વશ રાખવું સદા, ઘણું અશક્ય ગણાય;
પંડિત જન તે માટ જગ, સંયમ ધરે સદાય. ૯૪

### વાણીજ સુખ દુઃખનું કારણ છે.

વિવિધ સુભાષિત વાક્ય તે, કરે સદા કલ્યાણ;
તે જો કહે કુરીતથી, કરે અતિશય હાણ. ૯૫

### ગીતિ.

બાણ ડિંવા ફરસીથી, કાપેલું વન ફરી બને સારૂં;
પણ નિંદા રૂપ વચને, છેદેલું મન કદી ન રૂઝનારૂં. ૯૬
બાણ વિવિધ જાતિના[1], નીકળી શકે છે શરીરથી બા'રે;
પણ મનમાં લાગેલું, વાણી બાણ ન નીકળી શકે કયારે! ૯૭

### ઉપજાતિ વૃત્ત.

મુખેથી મૂકેલજ વાકય બાણ, ભેદે જઈ અન્યનું મર્મસ્થાન;
પામે પીડા તે દિન રાત ભારી, માટે હણે ના બુધ તે વિચારી. ૯૮

### દોહરો.

દેવ રૂઠે જે નરપરે, હરે તેહની બુદ્ધિ;
બુદ્ધિ જતાં જનને રહે, નીચ કર્મોની શુદ્ધિ. ૯૯

### ઉપજાતિ વૃત્ત.

વિનાશકાળે મતિ તો ફરે છે, કુમાર્ગને તેથી જનો ગ્રહે છે;
જણાય નીતિજ અનીતિ રૂપ, ખસે ન ચિત્તેથકી તેહ ભૂપ! ૧૦૦

### ચોપાઈ.

પાંડવથી કરિ વિરોધ હાલ, મતિ વિપરિત પામ્યા તમ બાળ;
તે તમને નહિ કંઈ સમજાય, વિપરિત કાર્ય સર્વ જે થાય. ૧૦૧

---

[1] કર્ણિનાલીક, નારાચ, વગેરે બાણની જૂદી જૂદી જાતો છે.

દોહરા.

રાજલક્ષણે યુક્ત જે, ભૂપતિ ભૂપર હોય;
સ્વર્ગ, મૃત્યુ, પાતાળનો, નૃપ બનીં શકશે સોય. ૧૦૨
રાજલક્ષણે યુક્ત તમ, શિષ્ય યુધિષ્ઠિર ભૂપ;
થાય ભલે આ રાજ્યનો, નિયંતા સુ અનૂપ. ૧૦૩
તેજ તથા બુદ્ધિ ગહીં, તમ પુત્રોથી બેશ;
રાજ્યભાગ અધિકારિ વડ,* છે તે ધર્મ[1] નરેશ. ૧૦૪
તેમ વળી તે છે કુશળ, ધર્મ, અર્થ વ્યવહાર;
(તે) રાજ્યાસનને યોગ્ય છે, એ મુજ મત નિરધાર. ૧૦૫
હે! નૃપ! યોગ્ય છતાંય પણ, દયા મૃદુતા ધારિ;
ગુરૂ ગણિ તમને સર્વદા, દુઃખ સહે તે ભારિ. ૧૦૬



*મોટા-મુખ્ય અધિકારવાળો. ૧ યુધિષ્ઠિર.

# પ્રકરણ ૩ જું.

---

**છપ્પય.**

ધૃતરાષ્ટ્ર— મહા સુબુદ્ધિ વિદુર ! ફરી એ શ્રેષ્ઠ તમારાં;
ધર્મ, અર્થથી યુક્ત, વચન મુજ હિત કરનારાં;—
સંભળાવો ધરિ પ્રેમ, કેમકે વિચિત્ર એવાં;
વચન વદો છો વીર ! નીતિયુત પવિત્ર તેવાં;
તે સાંભળતાં મુજ હૃદયને, તૃપ્તી તો વળતી નથી;
હજિ વિશેષ તેહ સુણ્યા કરૂં, એવું ઇચ્છું ચિત્તથી. ૧

**સોરઠા.**

વિદુર— સર્વ તીર્થમાં સ્નાન, સમદૃષ્ટી સૌ પ્રાણીપર;
એ છે બેઉ સમાન, પણ સમદૃષ્ટી છે અધિક. ૨
માટે ધરોજ આપ, સમદૃષ્ટિ સૌ પુત્રપર;
અહિં શુભ કીર્તિ પ્રતાપ, પરલોકે લ્યો સ્વર્ગ સુખ. ૩

**ગીતિ.**

જ્યાં લગિ જગમાં જનની, પવિત્ર કીર્ત્તિ ગવાયછે સારી;
ત્યાંલગિ તે જન પામે, સ્વર્ગ ભુવનમાં સદાય સુખ ભારી. ૪

**ચોપાયા જાતિ.**

હે ! રાજા ! એ વિષય વિષે તો, કેશિની કન્યાકેરો,—
પાણિગ્રહણ કરવાને કાજે થયો વિવાદ અનેરો;
દૈત્યરાજ સુત વિરોચન ને સુધન્વા સુત વિપ્ર,
બેનો ઝગડો જામ્યો ભારી તે કહું તમને ક્ષિપ્ર[1]. ૫

## કેશિની માટે સુધન્વા ને વિરોચનનો વિવાદ.

હે ! ધતરાષ્ટ્ર ! રૂપ ગુણસંપન કેશિની નામે કન્યા,
શૂર, ઉદાર, સુજનતાસંયુત પતિ મેળવવા ધન્યા;

---

૧ તરત.

આવી સ્વયંવર મંડપમાંહીં મતિ છે જેનીં વિશાળ,
જ્યાં બેઠાતા રૂપ અનુપમ ઘણાક ભડ ભૂપાળ. ૬
કન્યા મેળવવા આવ્યો'તો દૈત્ય વિરોચન એક,
કેશિનિયે ત્યાં તેને પૂછયો અદ્દભુત પ્રશ્ન વિવેકઃ-
કેશિની-ઉત્તમ બ્રાહ્મણ કિંવા દૈત્યો? તે કહો મુજને આજ;
(જો) બ્રહ્મણ ઉત્તમ, તો પછિ વરૂં હું સુધન્વા ન શા કાજ?
વિરોચન—
કહે વિરોચન અમેજ ઉત્તમ જગમાં સૌથી છઇયે[1],
*પ્રજાપતિથી જન્મ અમારો વેદ પુરાણે લહિયે;
સર્વ લોક આ છેજ અમારા, સર્વ જગાએ દેખો,
તો પછિ દેવ દ્વિજો[2] અમ આગળ શી ગણુતીમાં લેખો. ૮
હરિગીત.
કેશિની- કાલે પ્રભાતે સુધન્વા દ્વિજ આવશે પ્રેમેથકી.
અહિઁ પરણવાને કાજ મુજને તે કહું તમને નકી;
તે માટ જોઇએ વાટ તેની આપણે બંને અહીં,
કાલે મળેલા એકઠા તમ બેયને જોઇશ સહી. ૯
વિરોચન—
હે! ભીરૂ! હે! કલ્યાણિ! તારા વચન સમ વર્તીશ હું,
કાલે પ્રભાતે એકઠા અહિઁ બેયને જોજેજ તુ!
વિદુર- હે! રાજસત્તમ[3]! ત્યાર પછી રાત્રી ગઇ દિન ઉગિયો,
કેશિની વિરોચન સમિપમાં દ્વિજ સુધન્વા તવ આવિયો. ૧૦
આવી મળ્યો કેશિની વિરોચન બેયને સદભાવથી,
કેશિની ઉભી થઇ આપિયું જળ ચરણ ધોવા સ્નેહથી;
પૂજા કરી પછી આપિયું ઉત્તમ જ આસન તેહને,
સત્કાર કીધો પૂર્ણ ભાવે ભક્તિથી ત્યમ શુધ મને. ૧૧
સુધન્વા—
હે! વિરોચન[4]! તુજસમો બની બેસું નહિ તુજ સાથ હું,

---

૧ છિયે. * બ્રહ્મા. ૨ બ્રાહ્મણ. ૩ રાજાઓમાં સર્વોત્તમ એવા-ધૃતરાષ્ટ્ર. ૪ વિરોચને સુધન્વાને પોતાની જોડે એક આસને બેસવા કહ્યું, તેના જવાબમાં સુધન્વા આ કહે છે.

પણ શ્રેષ્ઠ તુજ સુવર્ણ આસનને અડું છું હાથ હું.
વિરોચન—
છે યોગ્ય તુજને કાષ્ટ કે દર્ભાદિ આસન તો કહીં,
અહિં એક આસન બેસવા મુજ સાથ તું લાયક નહીં. ૧૨

## એક આસનપર સાથે કોણ બેસે?

છપ્પય.

સુધન્વા— પિતા પુત્ર બે સાથ, એક આસનપર બેસે;
કે બે બ્રાહ્મણ સાથ, એકઠું આસન લેશે;
બેસી શકે છે ક્ષત્રિ, એકઠા બે સંગાથે;
વૃદ્ધ વણિક બે તેમ, એક આસન લે સાથે;
ત્યમ શૂદ્ર બેય બેસી શકે, એક આસને સર્વદા;
પણ વિજાતિ બે જણ એકઠે, આસન નવ બેસે કદા. ૧૩

(વળી).

તુજ પિતુ મુજને સદા, સિંહાસનપર બેસાડી;
ઉભો રે'છે આપ, ભૂમિપર ચર્ણ પખાળી;
કરેજ સેવા સર્વ, સદા સદ્ભાવે મારી;
તું બાળક અજ્ઞાન, સુખે ઉછર્યો અવિચારી!
તેથી નથી તું કંઇ જાણતો, વિવેક રીતિ રાજની;
અનુભવ મળતાં શીખીશ તું, સકળ સુનીતિ સમાજની. ૧૪

## વિરોચન અને સુધન્વાની શરત.

હરિગીત.

વિરોચન-હે! દ્વિજ સુધન્વા! ગાય, ઘોડા, હેમ, ધન આદિક ને,
જે છે અમારૂં દ્રવ્ય તેનું 'પણ' કરી તજિ બીકને;
જે જાણનારા પુરૂષ તેને પૂછિયે જઇ આપણે,-
'ઉત્તમ અસુર કે વિપ્ર?" તો તે સર્વ સંશયને હણે. ૧૫
સુધન્વા-સુવર્ણ, ઘોડા, ગાય, તારાં રાખ તારી પાસ તું,

તે દ્રવ્ય તારૂં કાંઈ લેવા ધારતો નથી આશ હું;
આપણુ બંને જણુ પ્રાણુ કેરૂં 'પણુ' કરીને પ્રેમથી,
પછિ પૂછિયે જઈ બુધ જનોને તરત ઉત્તમ નેમથી. ૧૬

સોરઠો.

વિરોચન—'પણુ' કરિ પ્રાણુતણુંજ, પછિ જાશું ક્યાં પૂછવા?
નથી જાતો કદિ હુંજ, દેવ, મનુષના[1] લોકમાં. ૧૭

દોહરો.

સુધન્વા—પ્રાણુતણું 'પણુ' પરઠિને, જઇયે તુજ પિતુપાસ;
પ્રલ્હાદ ન જૂઠું વદે, નિજ સુત કારણુ ખાસ. ૧૮

## બંનેનું પ્રલ્હાદ પાસે જવું.

સોરઠો.

વિદુર— કરિ વિચાર એ રીત, પરસ્પરે 'પણુ' આદરી;
બંને જણુ ક્રોધીત, આવ્યા પાસ પ્રૅલ્હાદની. ૧૮
પ્રલ્હાદ-(મનમાં) કદી ન ચાલે સાથ, તે બે જણુ ક્રોધિત થકા;
આવે છે સંગાથ, ઝેરી સર્પ સમાન જે. ૧૯
(વિરોચનને) કદી ન ફરતા સંગ, પુત્ર વિરોચન! બે તમે;
આજે કશો પ્રસંગ? કે થઇ મૈત્રી બે તણી? ૨૦
વિરોચન— મૈત્રી નથી મમ તાત! હોડ કરી છે પ્રાણુની;
કહો યથારથ[2] વાત, પ્રશ્ન તણો ઉત્તર કરી. ૨૧

રોળાજાતિ.

પ્રલ્હાદ—અરે! સુધન્વા કાજ, પાણી મધુપર્ક[3] મગાવો;

૧ મનુષ્ય લોક-મર્ત્ય લોક. ૨ યથાર્થ.

૩ મધુપર્ક-હાલે પણ ઘણીક આર્ય જ્ઞાતિઓમાં લગ્ન સમયે વરને આપવામાં આવે છે તે દહિ, દૂધ ઇત્યાદિ પદાર્થોનું કરે છે, પણ શાસ્ત્રોમાં "માંસ વિના મધુપર્ક થતું નથી" એમ લખેલું છે. તેથી જણાય છે કે અસલ તે માંસનું થતું હશે.

હે ! બ્રહ્મન ! છો પૂજ્ય, સદા સજ્જન મન ભાવો;
દાન આપવા કાજ, એક ગૌ પુષ્ટ શ્વેત મેં;
રાખી છે તમ માટ, ગ્રહણ કરજોજિ તે તમે ! ૨૨

હરિગીત.

સુધન્વા—મધુપર્ક ને જળ આપિયાં છે, માર્ગમાં મુજને જને,
પણ પ્રશ્ન પૂછું તે તણો ઉત્તર યથારથ દે મને;
પ્રલ્હાદજી ! કહો સત્ય "ઉત્તમ બ્રાહ્મણો સંસારમાં-
કિંવા વિરોચન પુત્ર તમ ઉત્તમ હશે આ વારમાં"? ૨૩
પ્રલ્હાદ—બ્રહ્મન ! તમો બે જણમહીં છે પુત્ર મારો એક તો,
બીજા તમે સાક્ષાત છો, કહું કેમ પ્રશ્ન વિવેક તો ?
સુધન્વા—ધીમંત ! વ્હાલું ગાય, ધન, તમ પુત્રને સૌ આપજો,
કહિ સત વિવાદીઓયને સંશય અમારા કાપજો. ૨૪

સત્યાસત્યનું ફળ શું ?

દોહરો.

પ્રલ્હાદ-જે જન સત્ય તજી અને, અસત્ય બોલે આપ;
અન્યાયે વદનાર જન, તે શું પામે તાપ ? ૨૫

હરિગીત.

સુધન્વા—નૃપ ! સોકયવાળી સ્ત્રી નિશિમાં દુઃખ જેવું પામતી;
ત્યમ દ્રવ્ય જાતાં ઘૂતમાં[1] ઉર પીડ જેવી જામતી;
અતિ ભાર ઉપાડચાથી તનમાં, કષ્ટ જેવું થાય છે,
તેવું લહે દુખ અસતવાદી, શાસ્ત્રમાં સમજાય છે. ૨૬

સવૈયા-એકત્રીસા.

કેદ પડેલો પુરની અંદર, ભૂખ્યો પડચો દ્વારની બા'ર,
ઘણા શત્રુ જે જન જગમાંહીં જોતો હોય સદા નિરધાર;

---

1 જુગારની રમત.

એ જન જેવું દુખ પામે છે, હે ! પ્રહ્લાદ ભૂપ ગુણવાન !
અસત્ય વાદી સાક્ષી તેવું દુઃખ લહે છે નિશ્ચય માન. ૨૭

છપય.

પશુ માટે જન જેહ, અસત મુખથી કંઈ ભાખે;
તે નિજ પેઢી પાંચ, નર્કમાં નિશ્ચય નાખે;
ગાય માટ દશ પેઢી, અશ્વ પેઢી શત જાણો;
નાંખે નર્કે નેટ, અસતવાદીજ પ્રમાણો;
વર્ણો પુરૂષ માટ જૂઠું વદે, તે નર નર્કિ તે પાપથી,
પેઢી હજાર નરકે ધરે, વચન અસત્ય મુખે કથી.— ૨૮
સોના માટે જેહ, અસત મુખથી ઉચરેછે;
તે નિજ પેઢી સર્વ, ઘોર નર્કેજ ધરેછે;
ભૂમિ માટે જેહ, અસત બોલે અવિચારી.
તો તે નિશ્ચય કરે, નાશ સૌનો ભયકારી;
તે માટ ભૂપ પ્રહ્લાદજી ! કરિ વિચાર નિશ્ચિત અહીં;
ભૂતુલ્ય કેશિની કાજ કદિ, અસત્ય કંઇ કેશો નહીં. ૨૯

દોહરો.

વિદુર—વચન સુણી તે વિપ્રનાં, સંબોધી નિજ પુત્ર;
વાણી વદ્યા પ્રહ્લાદજી ! ઉત્તમ પૂર્ણ પવિત્રઃ— ૩૦

હરિગીત.

પ્રહ્લાદ-મમ સુત વિરોચન ! મુજ થકી છે અંગિરા ઉત્તમ અતિ,
ત્યમ છે સુધન્વા તુજ થકી ઉત્તમ અતિ એ મુજમતિ;
તુજ માતથી છે માત તેની શ્રેષ્ટ તો સૌ કાળમાં,
તેથી પરાજય તાહેરો, વિપ્રે કર્યો છે હાલમાં. ૩૧

સોરઠો.

પુત્ર વિરોચન ! ધાર, હાર્યો છે તું હોડમાં;
વિપ્ર થયો આ વાર, માલિક તારા પ્રાણનો. ૩૨

**દોહરો.**

(સુધન્વાપ્રતે) બ્રહ્મન! દ્યો મુજ પુત્રને, ફરિ અહિં જીવિતદાન;
એવું ઇચ્છું ઉરવિષે, યાચું હું તજિ માન. ૩૩

**ગીતિ.**

સુધન્વા—લોભ થકી નવ બોલ્યા, અસત્ય મુખથી પ્રેહ્લાદજી! આપ;
માટે ફરિ અરપું છું,—જેહ મળે સુત સહુન કરે તાપ. ૩૪
પ્રલ્હાદજી! તમ સુત આ, અરપું છું હું ફરી અહીં હરષે[1];
માટે કેશિની સમિપે, તેણે મુજ પગ પખાળવા પડશે. ૩૫

**દોહરો.**

પ્રલ્હાદે તે વિપ્રનો, માન્યો અતિ આભાર;
નિજ સુત આપ્યો સંગમાં, જાવા કેશિનિ દ્વાર. ૩૬

**હરિગીત.**

વિદુર—તે માટ હે! કુરૂવીર નૃપ ધૃતરાષ્ટ! તમને આ સમે,
આ ભૂમિ માટે જૂઠ વદવું યોગ્ય નથી કોઇ ક્રમે;
તો જૂઠ બોલી પુત્ર માટે આપ આ સમયે કહીં,
નિજ પુત્રને આમાત્ય સહિતજ નાશ પામો મા અહીં. ૩૭

## સુમતિ સુખકારક છે.

ગોવાળ પેઠે લાકડી લઇ દેવ નવ રક્ષે અરે!
પણ આપી સુમતિ સર્વદા, તે પુરૂષનું રક્ષણ કરે;
શુભ કાર્ય કરવા જેમ જન નિજ મન વિષે ઈચ્છા ધરે,
ત્યમ તેમ તેના સર્વ કામો, સિદ્ધ નિઃસંશય ખરે. ૩૮

## કપટીનો કોઇ સહાયક નથી.

કરતા નથી કદી વેદ પાપથી મુક્ત કપટી પુરૂષને,
પણ પક્ષિયો જ્યમ પાંખ આવે ત્યાગતા નિજ ભુવનને;

1 હર્ષથી.

ત્યમ અંતકાળે વેદ કપટી પુરૂષને ત્યાગે સદા,
નહિ અંત સુધરે ક્યાંય પણ કપટીતણો જીવન કદા. ૩૯

## તજવા લાયક શું ?

### દોહરા.

મદિરાપાન[1], કલહ[2] તથા, વૈર[3] ઘણાની સાથ;
વિયોગ[4] સ્ત્રીને પુરૂષનો, જ્ઞાતિ[5] કલહમાં હાથઃ- ૪૦
નૃપ શત્રુનો સંગ[6] વળી, કલહ[7] દંપતિમધ્ય;
દુષ્ટ માર્ગમાં ગમન[8] એ, ત્યાગ કરો સૌ સદ્ય. ૪૧

## સાક્ષી લેવામાં અયોગ્ય.

### સવૈયા-એકત્રીસા.

હાથતણી રેખા જોનારો[1], ચોર† બનેલો સાહુકાર[2],
રમલ વગેરે શકુન થકી જે, લોકતણા ધનને હરનાર[3];
વૈદ્ય[4], શત્રુ[5] ને મિત્ર,[6] ગવૈયો[7] વૃત્તિ નીચતણો જન હોય,
સાક્ષીમાં લેવા નહિ કો દિન સાતમાંહિથી એકે કોય. ૪૨

## માન માટે કરેલું કર્મ નિષ્ફળ છે.

### દોહરા.

અગ્નિહોત્ર[1] ને મૌનવ્રત,[2] યજ્ઞ[3] તથા અભ્યાસ[4];
કરે માનને માટ તો, ઉલટા સમજો ખાસ. ૪૩
સુખ દાયક હોવા છતાં, દુખદાયક તે થાય;
પણ નિષ્કામપણે કરે, (તો) પરલોકે સુખદાય. ૪૪

## બ્રહ્મહત્યારા કોણ ?

### કવિત-મનહર દંડક§.

ઘર સળગાવનાર,[1] ઝેરતણો આપનાર,[2]

---

† પ્રથમ નીચ કામનો કરનાર હોય અને પછી સારો માણસ બન્યો હોય તે. § પિંગળશાસ્ત્રમાં છત્રીશ અક્ષરો ઉપરાંતના પદને દંડક કહેછે.

ભડવો,[3] કલાલ[4] તેમ, બાણું ઘડનાર[5] જે;
મિત્રદ્રોહી,[5] ચાડિયો[6] ને, વ્યભિચારી[7], ગર્ભઘાતી,[8]
ગુરૂશય્યા કેરૂં ઉલ્લંઘન કરનાર[9] જે;
મદ્યપાની બ્રાહ્મણુ[10] ને, ક્રૂરવાદી,[11] કાગ જેવો,
લાંચિયો આમાત્ય[12], વેદ–નિંદા[13] વદનાર જે;
નાસ્તિક[14], જનોઇ હીણુ–વિપ્ર[15], કૃષીકાર[16]–લોભી,
શરણાંગતને શક્ત–છતાં મારનાર[17] જે. ૪૫

દોહરો.

એ સૌ જનને જાણવા, બ્રહ્મહત્યા કરનાર;
ધીમંતે તે ત્યાગવા, સદાકાળ નિરધાર. ૪૬

## પરીક્ષાનાં સાધન.

અગ્નિથી સોનાતણી, પૂર્ણ પરીક્ષા થાય;
સદાચરણથી ધર્મની, જુક્તિ સઘ જણાય.— ૪૭
વ્યવહારે સત્પુરૂષ તો, દુનિયામાં દેખાય;
ભયકાળે શૂરાતણાં, લક્ષણ સૌ વરતાય.— ૪૮
પૈસાની તંગીમહીં, ધીર મનુષ પરખાય;
સંકટ સમયે સર્વદા, શત્રુ, મિત્ર સમજાય. ૪૯

## શાથી શાનો નાશ થાય છે?

છપ્પય.

વૃદ્ધપણાથી રૂપ, આશથી ધૈર્ય તજાયે;
ત્યમ મૃત્યુથી પ્રાણ, ધર્મ ઇર્ષાથી જાયે;
ક્રોધ થકી ધન નાશ, નીચ સેવા શીળ નાશે;
કામ થકી લાજનો, સર્વથા વિનાશ થાશે;
અભિમાન નાશ સૌનો કરે, નીત[1] રીત ઉર આણવી,
વસ્તુ એ અકેક સંગથી, વિનાશવંત પ્રમાણવી. ૫૦

---

૧ નીતિ.

### દોહરો.

શુભ કાર્યે લક્ષ્મી મળે, પ્રૌઢ કૃતે દૃઢ થાય;
ડા'પણુથી મૂળ ઘાલશે, સ્થિર દમ[1] થકી કરાય. ૫૧

## પુરૂષને શોભા દેનાર આઠ ગુણો.

### દોહરા.*

બુદ્ધિ[1], કુલિનતા,[2] દમ[3], તથા, શાસ્ત્રજ્ઞાન[4], સામર્થ્ય;[5]
સ્મિતભાષણ[6], ને દાન[7] વર્ણ્યાં, કૃતજ્ઞતા,[8] શુભ અર્થ.–૫૨
એ આઠે ગુણ મનુષને, શોભાદાયક ખાસ;
માટે સજ્જન મેળવે, કરિને પૂર્ણ પ્રયાસ. ૫૩

## રાજ્ય–સત્કાર.

એ આઠે ગુણથી અધિક, શોભાને દેનાર;
રાજ્યતણો સત્કાર એ, નવમો ગુણ નિરધાર. ૫૪
એ આઠે ગુણ વિશ્વમાં, ઇચ્છાવિણ પણ સાર;
એહ પ્રતાપી ગુણતણો, છે આશ્રય કરનાર. ૫૫

## સ્વર્ગ આપનાર આઠ ગુણ.

### ચોપાઈ.

યજ્ઞ,[1]દાન[2]ને વેદાભ્યાસ,[3]તપ,[4]દમ,[5]સત્ય,[6]સરળતા, ખાસ;
દયા[8]આઠમી જાણો એહ, સ્વર્ગતણાં દેનારાં તેહ. ૫૬
કહી પ્રથમ જે વસ્તુ ચાર, તે રહે સત્પુરૂષોમાં સાર;
બીજી ચાર વસ્તુને નિત્યે, અનુસરે સત્પુરૂષો પ્રીતે. ૫૭
યજ્ઞ,[1]દાન[2]ને વેદાભ્યાસ,[3]ચોથું તપ,[4]નૃપતિ! તે પાસ;
સત્પુરૂષોમાંહી એ ચાર, સદા રહે જોડાઇ વિચાર. ૫૮
ઇંદ્રિયનિગ્રહ[1] સત્ય,[2] વિશેષ, દયા,[3]સરળતા[4] ચારે એશ;
અનુસરે સત્પુરૂષો તેને, વસે ઇશ અંતર નિત જેને. ૫૯

---

૧ ઈંદ્રીયોને નિયમમાં–સ્વાધીન રાખવી તે. * જુવો પ્રકરણ પહેલુ પૃષ્ઠ ૧૧ છંદ ૧૧૪-૧૧૫ તેનું અર્થ પુનર્દર્શન કરાવ્યું છે.

## આઠ ધર્મમાર્ગ.

યજ્ઞ, દાનને ભણુવા વેદ, સત્ય, ક્ષમા, તપ, દયા અભેદ;
ઉદારતા એ મારગ આઠ,–ધર્મતણા જાણો શુભ પાઠ. ૬૦
તેમાં થકી પ્રથમનાં ચાર, દંભ માટ પણ થાય વિચાર;
પછીના ચાર કહ્યા જે સાર, સત્પુરૂષોમાં તે રે'નાર. ૬૧

## સભા ઇત્યાદિની ઓળખાણ.

### રોળાજાતિ.

સભા ન તે કે'વાય, વૃદ્ધ પુરૂષો નહિ જેમાં,
વૃદ્ધ ન તે કે'વાય, ધર્મરૂપ વાક્ય ન એમાં;
ધર્મ ન તે કે'વાય, સત્ય જેમાં નહિ સારૂં,
સત્ય ન તે કે'વાય, કપટયુત જેહ અકારૂં. ૬૨

## સ્વર્ગ દેનાર દશ વસ્તુ.

### ગીતિ.

સત્ય,[૧] વિનય[૨] ને વિદ્યા,[૩] શાસ્ત્રાભ્યાસજ[૪] કુલીનતા[૫] સારી;
બળ,[૬] ધન,[૭] શૌર્ય,[૮] સુભાષણ,[૯] શીળ[૧૦], દશે એ સ્વરગ સુ દેનારી. ૬૩

## પુણ્ય પાપનાં ફળ.

### દોહરા.

પાપ કર્મ કરનાર નર, પામે અપજશ પૂર;
અનિષ્ટ ફળ ફરિ ભોગવે, સમજો ભૂપ! જરૂર. ૬૪
પુણ્ય કરે જે પુરૂષ તે, લહે સુયશ જગ મધ્ય;
વળી શુભ ફળને મેળવે, સ્વર્ગવિષે તે સદ્ય. ૬૫

## બુદ્ધિ નાશ થવાનું કારણ.

### ઉપજાતિવૃત્ત.

સદા ધરો આચરણોજ સારાં, કદા કરો ના કૃત તો નઠારાં;

કરે સદા જો કૃત નીચ કોય, તેની તદા બુદ્ધિ વિનાશ હોય. ૬૬

**દોહરા.**

કર્યા કરે બુદ્ધિહીણુ જન, સદા પાપનું કર્મ;
(અને)વારંવાર કરાતું શુભ, કર્મ દિયે બુધિ† ધર્મ. ૬૭

## સારી મતિનું ફળ.

વિશાળ બુદ્ધિવંત જન, સદા કરે શુભ કામ;
તેથી લઇ શુભ કીર્ત્તિ અહીં, ગમન કરે શુભ¹ધામ— ૬૮
માટે પુરૂષે સર્વદા, સાવધ થઇ શુભ રીત;
કરવાં નિશ્ચય કર્મ શુભ, તજિ અનીતિમાં પ્રીત. ૬૯

## કોણ મહા દુઃખ પામે છે?

**સવૈયા-એકત્રીસા.**

દોષારોપ કરે પરગુણમાં, મર્મભેદિ બોલે જે વેણુ,
કઠોર ભાષણનો કરનારો, વૈર કરે વળિ જે દુખદેણુ;
શઠ જન તેમ, પાંચ સહુ કાળે, કરિને પાપ કર્મ નિરધાર,
સત્વર મોટા દુખને પામે, જીવન મન નિશ્ચય જન ધાર. ૭૦

## કોણ સુખ મેળવે છે?

પર ગુણુ જોઇ ખુશ થાનારો, ડા'પણુવાળો જે જન હોય,
સદા સુકૃતને આચરનારો, મોટું સુખ પામે છે સોય;
પામે જગમાં વળી પ્રતિષ્ઠા પૂરણુ પ્રેમ જનોનો તેમ,
સુધરે લોક બેય નૃપ! તેના જે વરતે જગમધ્યે એમ. ૭૧

## પંડિત કોને જાણવો?

**વસંતતિલકાવૃત્ત.**

વિદ્વાન પાસ થકી ડા'પણુ નિત્ય લે' છે,

† ધર્મરૂપ બુદ્ધિને આપે છે. ૧. સ્વર્ગાદિક ઉત્તમ લોક.

તેને જનો સરવ[1] પંડિત શ્રેષ્ટ કે'છે;
તે બુદ્ધિશાળી લઇ ધર્મ સુ અર્થ આપ,
ગાળે સુખે જીવન તે સુમતિ પ્રતાપ. ૭૨

## કેવું કામ કરવું?

### છપય.

રાત્રી સુખમાં જાય, કામ તે દિવસે કરવું;
ચતુરમાસ* સુખ થાય, આઠ મહી[2] તે આચરવું;
વૃદ્ધપણે સુખ થાય, જુવાનીમાં તે કરિયે;
મરણ પછી સુખ થાય, જીવતે તે આદરિયે;
એમ સર્વ રીત સમજી અને, સદાચરણ કરવું સહી;
કવિ જીવન જેથી અંતમાં, પસ્તાવો ઉપજે નહીં. ૭૩

## પરિણામે પ્રશંસા કરવી.

### દોહરા.

જીર્ણ થયા પછી અન્નને, વૃદ્ધ થયા પછી નાર;
વિજયવંત શૂરવીરને, વખાણવો નિરધાર. ૭૪
તત્ત્વપાર પામેલ જે, યોગેશ્વર સુ સમર્થ;
તેને જરૂર વખાણશે, બુધ જન સમજી અર્થ.[3]
પરિણામે પોં'ચેલના, ડાહ્યા કરે વખાણ;
નિવડ્યા વિણ નાદાન નર, ઉત્તમ કહે અજાણ. ૭૬

## પાપીનાં છિદ્રો.

અધર્મથી ધન મેળવી, છિદ્ર ઢાંકવા જાય;
ઢંકાએ નહિ તેહ પણ, અન્ય ઉઘાડાં થાય. ૭૭

૧. સર્વે * ચોમાસાના ચાર માસ. ૨ આઠ મહિનામાં.

૩. પાચન થયા પછી અન્નને, જુવાની શીળ સહિત પસાર કરી ગ-યા પછી સ્ત્રીને, યુદ્ધમાં જીત મેળવ્યા પછી શૂરવીરને અને તત્વને પાર પહોંચ્યા પછી યોગીને વખાણવો; કેમકે પરિણામ પહેલાં વખાણનાર ઘ-ણીવાર જૂઠો પડે છે.

## કોણ કોને શિક્ષા કરી શકે ?

સ્વાધીન ચિત્તના શિષ્યને, કરે સજા ગુરૂદેવ;
દુરાચારિ જનને કરે, શિક્ષા નૃપ તતખેવ. ૭૮
ગુપ્ત પાપ કરનારને, કરે સજા યમરાજ;
સજા વિના કો નહિ બચે, સાર લહો મ્હારાજ! ૭૯

## કોનું સ્વરૂપ ન જણાય ?

ઋષિ,[1] નદી[2], કુળ[3] ને સ્ત્રી[4] તથા, મહાપુરૂષ[5] કે'વાય;
દુષ્ટાચરણ,[6] છએ તણી, મોટાઇ ન કળાય. ૮૦

## કયો રાજા ચિરંકાળ રહે?

તત્પર બ્રાહ્મણસેવમાં, સરળ જ્ઞાતિથી હોય;
શુભ સ્વભાવ દાતા નૃપતિ, ચિરંકાળ પદ† સોય. ૮૧

## કોણ દ્રવ્ય મેળવે છે ?

શૂરવીર, બુદ્ધિમાનને, સેવાકુશળ ત્રણેય;
હેમ પુષ્પયુત ભૂમિમાં, હેમ સગ્રહી લેય. ૮૨
બને બુધિથી કાર્ય તે, ઉત્તમ અતિ ગણાય;
બને બાહુબળ[1] કાર્ય તે, મધ્યમ સદા ભણાય. ૮૩
કપટાદિકથી બનિ શકે, કનીષ્ટ તે કે'વાય;
બહુ સંકટથી જે બને, અતિકનીષ્ટ તે રાય! ૮૪
દુર્યોધન, શકુનિ, કરણ, દુઃશાસન વળિ તેમ;
કારભાર ધરિ ચારપર, કુશળ ચહો છો કેમ? ૮૫
સર્વગુણે સંપન્ન જે, પાંડવ સુમતિ પ્રતાપ;
પિતુસમ વરતે તમ પ્રતિ, સુત ગણિ વરતો આપ! ૮૬

---

† રાજ્યગાદી. ૧ અંગ બળથી.

# પ્રકરણ ૪ થું.

---

### સવૈયા—એકત્રીસા.

વિદુર—હે! રાજન! આપણે સુણેલી, અતિ પુરાતન ને વિખ્યાત,
અત્રીસુત[1] ને સાધ્યદેવના વિવાદ કેરી કહું તે વાત;
આ સંબંધ વિષેજ યથારથ[2], કથા સુણો કૌરવપતિ આપ,
સત્ય વાત સમજાતાં પૂરણ[3], દૂર થાય તમ તનમન તાપ. ૧
પૂર્વ સમય માં સાધ્ય દેવોએ, બુદ્ધિશાળી ધર્મજ્ઞ વિશેષ,
પરમહંસ રૂપે જે ફરતા, મહર્ષિ દત્તાત્રેય નરેશ!
તેને પ્રશ્ન કર્યો તો પૂરણ, જનહિત કારણ શ્રેષ્ટ વિચાર,
તે સંભળાવું તમને આજે, ગ્રહણ કરો તે ઉત્તમ સાર. ૨

### સાધ્યદેવોએ કરેલો પ્રશ્ન.

### દોહરા.

સાધ્યદેવો—સાધ્ય દેવતાઓ અમે, હે! મહઋષિ મતિમાન!
અમુક વ્યક્તિ[4] છો આપ એમ, નથી કરતા અનુમાન. ૩
વેત્તા‡ શાસ્ત્રતણા વળી, ધીર મહા મતિમંત;
એમ અમે ઉર જાણિયે, મુનિવર મહામહંત! ૪
માટે વાણી આપની, પટુતા[5] સહિત ઉદાર;
સ્નેહે કરિ સંભળાવવા, લાયક છો નિરધાર. ૫

### જરૂર કરવાનાં કામો.

દત્તાત્રેય—ધીરજ, શમ[6], ને સત્ય ત્યમ, પરમ પ્રાપ્તી ને કાજ,
ધ્યાન વળી છે ધારણ, સમાધિ દુર્લભ સાજ. ૬

---

૧ દત્તાત્રેય. ૨ યથાર્થ. ૩ પૂર્ણ. ૪ શરીર. ‡ જાણનાર. ૫ વિદ્વતા. ૬ ઇંદ્રિયોને રોકવી તે.

અનુસરવું એ સર્વને, તજવી મમતા જાળ;
ચૈતનાત્મ+ જડ દેહથી, ભાળવો જુજવી ભાળ. ૭
શુભ અશુભાદિક સમજવા, સ્થૂળતણા[1] સૌ ધર્મ;
મુજ ગુરૂથી મેં સાંભળ્યાં, કરવા લાયક કર્મ. ૮

## ક્ષમાશીળ પુરૂષ વિષે.

### હરિગીત.

જો ગાળ આપે કેઇ તો તે સહન કરિ લે છે સદા,
તે સહન કરનારાતણો જે શાંત ક્રોધ ક્ષમા તદા;
તે ગાળ દેનારા જનોને, બાળતો સહજે નકી,
વળી સહન કરનારોજ તેનો પુણ્યભાગી[2] તે થકી. ૯

### સવૈયા-એકત્રીસા.

ગાળ ન દેવી કોને કયારે, કરવું નહિ કોનું અપમાન,
મિત્રદ્રોહ આચરવો નહિ વળી નીચ સેવ ન કરો મતિમાન!
અભિમાની થાવું નહિ કો દિન, સદાચારથી ભ્રષ્ટ ન એમ,
તિક્ષણ રોષસમન્વિત[3] વાણી, કહિ વદવી નહિ જીવન તેમ. ૧૦
વિશ્વવિષે અતિ તિક્ષણ વાણી, જનના મર્મ ભાગને ભેદિ,
હાડ હૃદય વળિ પ્રાણ સર્વને, બાળે છે બહુધા તે છેદિ[4];
માટે ધર્મપરાયણ પુરૂષે, દાહક ભયકારક જે વાણિ,
તેનો ત્યાગ સદાએ કરવો, જીવન નીતિ ઉરમાં આણિ. ૧૧

### રોળાજાતિ.

કઠોર વાણી બોલી, મર્મને જે દુખવે છે,
વાણિરૂપ કંટકે, મનુષને જે દુખ દે છે;
તે કઠોર નર આપ, અકલ્યાણક તો જાણો,
કાળ રૂપ વાણિનો, ધારનારોજ પ્રમાણો. ૧૨

---

+આત્મા ચૈતન્યછે. નેદેહજડછે, એમ તેની ભિન્નતા સમજવી. ૧ અંતઃકરણ-શરીરના. ૨ પુણ્યનો ભાગ લેનારો. ૩ રોષથી યુક્ત-ભરેલી-વાળી. ૪ ભેદઈને.

## સજ્જને જે ક્ષમાશીળ હોય.

### સોરઠા.

પ્રદિપ્ત અગ્નિ સમાન, તિવ્ર વાણિ રૂપ બાણથી;
દુષ્ટ નરો અજ્ઞાન, કરે પ્રહાર સુ સંતને. ૧૩
ઘાયલ થવા છતાંય, વળી દુખ અતિ પામ્યા છતાં;
સમજે છે મનમાંય, પુણ્યવૃદ્ધિ મમ થાય છે. ૧૪

## સંગનો રંગ.

### નારાચ વૃત્ત.

સુશ્વેત વસ્ત્ર જેમ રંગ સંગમાં રંગાય છે,
તમામ લોક તેમ સેવ સંગ જેમ[1] થાય છે;
અસંત, સંત, તાપસી[2] જ ચોર સંગ સેવમાં,-
રહ્યા થકીજ તે સમાન થાય લોક ટેવમાં. ૧૫

## દેવતાઓ કોને વખાણે?

### સવૈયા-એકત્રીસા.

વાદકારિ સહુવાદ કરે નહિ, પ્રેરે અન્ય[3] ન કહિયે તેમ,
મારનારને પણ નવ મારે, આપ તેમ અન્યથી કહિ એમ;
પાપીને પણ માર્યા કેરી, ઇચ્છા નવ ધારે ઉર મધ્ય,
સ્વર્ગ સંચરે તે નર સહજે, ચાંચ દેવતા તેને સદ્ય. ૧૬

## વાણીના ચાર પ્રકાર.

### દોહરા.

ઉત્તમ બોલવું મૌન તે, તેથી સત્ય શુભકારિ;
તે કરતાં પ્રિય બોલવું, છે ઉત્તમ હિતકારિ. ૧૭
પણ ઉત્તમ એ સર્વથી, ધર્મરૂપ જે વાણ;
વદવું ચાર પ્રકારનું, નીતિવંત નર! જાણ. ૧૮

---

૧ જેવા થાય છે. ૨ તપસ્વી. ૩ બીજો.

## પુરૂષ સ્વતંત્ર છે.

બેસે જેની પાસમાં, કરે જેતણો સંગ;
તે નર તેવો નીપજે, જેવો લાગે રંગ. ૧૯

માટે જન જેવો થવા, ઈચ્છે ધરિ ઉર હામ;
તે નર તેવો થાય છે, અહિ ગતિ જીવનરામ. ૨૦

## વિષય ત્યાગ તેજ દુઃખ ત્યાગ.

દૂર થાય જે વિષયથી, (તેના) તેથી થતા[1] દુખ દૂર;
વિષયમુક્ત થાવા થકી, દુખ ન રહે રતિપૂર. ૨૧

### સવૈયા-ઈંદ્રવિજય વૃત્ત.

મુક્ત થયો નર જો વિષયો થકી તો વિજયીજ સદા ઉર આણો,
અન્યતણોય ચહે ન પરાજય, વૈર કરે નહિ કોઈથી શાણો;
નાશ કરે નહિ કોઈ તણો અપવાદ સ્તુતિ સમ એક પ્રમાણો,
શોક નહિ અપવાદ થકી ત્યમ સ્તુતિ થકી નહિ હર્ષિત જાણો. ૨૨

## ઉત્તમ પુરૂષ કોને કહેવો?

### દોહરા.

સૌનું ઇચ્છે ક્ષેમ જે, સદા કાળ નિરધાર;
કોનું બુરૂં થવા મહીં, ચિત્ત ન ધરે લગાર.- ૨૩

કોમળ મન કેરો વળી, તેમ જિતેંદ્રિય હોય;
ઉત્તમ પુરૂષ ગણાય છે, વિશ્વવિષે નહિ સોય. ૨૪

## મધ્યમ પુરૂષ કોણ?

ઉપદેશે પ્રિય વાણિથી, કરે પ્રતિજ્ઞા સત્ય;
જાણે છિદ્રો પરતણાં, મધ્યમ પુરૂષ સુમત્ય. ૨૫

---

૧ તે વિષયથી ઉપજતા દુખો.

## અધમ પુરૂષનાં લક્ષણ.

### સવૈયા-ઇંદ્રવિજય વૃત્ત.

ઓધ ખરાબ કરે મુખથી નિત માર લિયે મનથી જયમ માગી,
ઘાયલ થાય હથ્યાર[1] થકી તદપિ ન વળે તજી ક્રોધ અભાગી;
પૂર્ણ કૃતઘ્ન ગણાય બધે ત્યમ મિત્ર ન કોઇ તણો હિતભાગી,
જીવન છે કુમતિયુત એ સહુ જાણ કળા નર નીચનાં નાગી. ૨૬

### દોહરા.

વાત સુણી કલ્યાણની, ઉર ન ધરે વિશ્વાસ;
નિજનો પણ વિશ્વાસ નહિ, અધમ પુરૂષ તે ખાસ.-૨૭
મિત્ર તથા તે વચનનો, કરે અનાદર જેહ;
જીવન જગમાં જાણવો, અધમ પુરૂષ નક્કી એહ. ૨૮

## કોનો સોબત કરવો ?

શુભ થાવા નિજનું ઉરે, ઇચ્છા જેને હોય;
તેણે ઉત્તમ પુરૂષની, કરવી મૈત્રી સોય. ૨૯
કદિ મધ્યમ નરકેરિ પણ, કરવી મૈત્રી સાર;
પણ નવ કરવી કોઇ દિન, અધમતણી નિરધાર. ૩૦

## કોનો અપયશ થાય ?

જે જન કપટ કરી અને, હુમલા કરી હમેશ;
બળાતકારે[2] યુક્તિથી, ધન[3] મેળવે વિશેષ. ૩૧
તે નવ પામે સુજશ કદિ, તેમ સુકુળ આચાર;
અપજશનો ભંડાર ભરિ, લહે નર્ક નિરધાર. ૩૨

---

૧ હથિયાર. ૨ બળાત્કારે. ૩ આ સંપૂર્ણ લક્ષણોવાળો એક નીચ પુરૂષ મારા પ્રસંગમાં આવેલો, તેથી આ વચનોની સત્યતા મને વ્યવહારમાં પ્રત્યક્ષ થયેલી છે.

## કુળવાન પુરૂષોનાં લક્ષણ.

ધૃતરાષ્ટ્ર- સવૈયા-એકત્રીસા.

ધર્મઅર્થમાં મગ્ન થયેલા-દેવો પણ હે ! વિદુર ! સદાય,
મહાન કુળના પુરૂષો ઉપર, પ્રેમ ધરે છે અંતરમાંય;
વળી તેમને ઘેર જન્મવા ઈચ્છા ઉરમાં ધારે એમ,
તો પૂછું છું પ્રશ્ન આપને, મહાન કુળ કે'વાયે કેમ ? ૩૩

વિદુર-

તપ[1], દમ[2], વેદ પઠન[3] ને પાઠન-તે રૂપી+દ્વિજ ધન જે એશ,
યજ્ઞો[4], પુણ્યકર્મ વળી પૂરણ, વિવાહાદિ[6] કૃત શ્રેષ્ટ વિશેષ;
અન્નદાન[7] વળી હોય હમેશા, એ સાતે સ્થિરતા કરિ રાય !
જે કુળમાંહિ વસ્યા છે પૂરણ, મહાન કુળ તે તો કે'વાય. ૩૪

વળી

સદાચરણનો ત્યાગ કરે નહિ, જે જન વિશ્વવિષે વપુ[1] ધારિ,
માતપિતા જેના આચરણે, કદિ ન થાય નાખુશ પ્રિયકારિ;
ધર્માચરણ કરે ખુશ દિલથી, ઉત્તમ જશની રાખે આશ,
અસત્યકેરો ત્યાગ કરે જે, ઉત્તમ કુળ જાણો તે ખાસ. ૩૫

## નીચ કુળના કોને જાણવા ?

કવિત-મનહર દંડક.

યજ્ઞતણો ત્યાગ કરે, કુત્સિત વિવાહુ કરે,
વેદ ના કદિએ ભણે, ધર્મરીત ત્યાગી ને;
દેવદ્રવ્ય નાશ કરે, વિપ્રનું સર્વસ્વ હરે,
અપમાન તેનું કરે, મન તેનું ભાગીને;
તિરસ્કાર તેનો કરે, નિંદા તો વિશેષ કરે,
થાપણ ઓળવે તેની, નિજ નાશ માગીને,
કરે જેહુ એવાં કામ, મોટા કુળતણા જન,
સમજવા સદા નીચ કુળ તે અભાગીને. ૩૬

---

+ બ્રાહ્મણોનું વેદરૂપી ધન જેને ત્યાં છે-જેને ત્યાં વેદ પાઠ, વિધિ, આદિ થાય છે તે. ૧ વપુ-શરીર.

### દોહરા.

દુરાચારિ કુળ માંય જે, સંપત્તિ યુક્ત સુહાય;
પરાક્રમી પૂરણ છતાં, ઉત્તમ કુળ ન ગણાય.† ૩૭
અલ્પ સંપતિ યુક્ત પણ, સદાચારયુત હોય;
તેહ કુલીન ગણાય કુળ, સુકીર્ત્તિ પામે સોય. ૩૮

### સવૈયા—એકત્રીસા.

વિચારિ જોતાં વિશ્વવિષે આ ધન આવે ને જાય સદાય,
પણ ફરિ સદાચરણ નવ આવે, ગયેલ જે કો રીત કદાય;
માટે તેની સર્વ પ્રયત્ને રક્ષા કરવી રહી અછિદ્ર[1],
ધનથી ક્ષીણ ક્ષીણ નવ માનો, સદાચરણથી ક્ષીણ દરિદ્ર.૩૯

### દોહરા.

સદાચરણથી હીન કુળ, ધન, પશુ, આદિ વડેજ;
ઉત્તમ કુળ બનતું નથી, સમજો નૃપ! નકિ એજ. ૪૦
મંત્રી કે નૃપતિ કદી, વૈરતણા કરનાર;
અમ કુળમાં નહિ ઉપજો, પરધનને હરનાર.— ૪૧
મિત્ર દ્રોહ કરનાર ત્યમ, કપટી, અસત્યવાદિ;
અમ કુળમાં ઉપજો નહિ, એવા પુરૂષ પ્રમાદિ.- ૪૨
દેવ અતિથી વિણ દિધે, જમનારા જન કોય;
અમ કુળમાં નવ અવતરો, જેથી નીચ કુળ હોય. ૪૩

### ગીતિ.

બ્રાહ્મણને નવ મારે,[2] તેનો દ્વેષ ન કદીય ઉર લાવે;
તરપણ પિતૃ કરનારા, ભલે અમારી સભામહીં આવે. ૪૪

---

† હાલના સમયમાં તેથી ઉલટું જોવામાં આવે છે, પૈસાવાળો માણસ ગમે તેવો દુરાચારી હોય તોપણ તે ગૃહસ્થ ગણાય છે,-તેની સૌ ખુશામત કરે છે, અને ગરીબ માણસ ગમે તેટલો સદ્‌ગુણી ને બુદ્ધિશાળી હોય છે તોપણ તેને કોઈ બોલાવતું નથી—ગરીબાઇજ પાપરૂપ ગણાય છે! ૧ કલંક વિના. ૨ મારી નાંખવું—હિંસા કરવી.

હિંસક પ્રાણુકેરા, નિંદક તેના જગતવિષે જે છે;
તરપણુ ચિંતૃ ન કરે જે, સમાજમાં એમ કદી ન આવે તે.૪૫
તૃણ,[1] ભૂમી,[2] જળ મીઠું[3], સત્ય અને પ્રિય સુખદ અતિ વાણી;[4]
સત્પુરૂષોના ઘરમાં, ચાર ચીજો એ સદાય સ્થિર જાણી. ૪૬
હે! મતિમંત સુ નૃપતિ! સભાગિ ધર્મી નરોતણે ઘેર;
આદર કેરી વસ્તુ, શ્રદ્ધાસહ રહે સદા રૂડી પેર. ૪૭

### હરિગીત.

નાનો છતાં પણ ભાર વહેવા રથ સમર્થ સદાય છે,
પણ અન્ય કાષ્ટો તેમ કરવા, યોગ્ય તો નવ થાય છે;
મોટા કુલીન મનુષ્ય ત્યમ, સતકાર કરવા શક્ત છે,
પણ અન્ય પુરૂષો તેમ કરવા, સર્વકાળ અશક્ત છે. ૪૮

## મિત્ર શત્રુ વિષે વિચાર.

### સવૈયા–એકત્રીસા.

ભય લાગે છે જેના કોપે, મૈત્રી કરતાં શંકા થાય,
જીવન તેવા નરને જગમાં, સમજો નહિ સન્મિત્ર કહાય;
પિતુપર જયમ વિશ્વાસજ આવે, ત્યમ જે પર આવે વિશ્વાસ,
તેવા નરને મિત્ર સમજવો, બીજા ફોકટિયા તે પાસ. ૪૯

### ગીતિ.

બંધન કશું ન છતાં પણ, વર્તે છે જે સદાય મિત્રપણે;
મિત્ર અને બંધુ તે, આશ્રય મોટો પ્રવીણ પુરૂષ ગણે. ૫૦
ચંચળ છે ચિત જેનું, ગુરૂજન સેવા કરે કદી નવ જે;
સ્થિર બુદ્ધિ નહિ જેની, મિત્ર ન સંગ્રહી શકેજ કો દિન તે.૫૧

### દોહરા.

ચંચળ છે ચિત જેહનું, વળિ જે મૂર્ખ સદાય;

---

૪૬ એવીજ મતલબનો એક દોહરો લોકમાં બોલાય છે:—

"સજ્જનને ઘર પ્રાહુણો, માગે ચાર રતન;
વાણી,[1] પાણી,[2] સાથરો,[3] સંપતસારૂ અન.[4]"

ઇંદ્રિય આધીન પુરૂષની, લક્ષ્મી દૂર પળાય. ૫૨
નિર્જળ સરવર છોડિને, મરાલ[1] જયમ મહિમાંય;
ઉડી જાય છે સર્વદા, લક્ષ્મી તેમ પળાય. ૫૩
ક્રોધ કરે ઝટ નીચ જન, કારણવિણ ખુશિ હોય;
સ્વભાવ દુર્જનનો સદા, ચંચળ ઘન[2] સમ જોય. ૫૪

### શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

પામ્યા હોય સુમિત્રથી પ્રથમ જે, સત્કાર પૂરો સદા,
દે ના માન તથાપિ મિત્રજનને, આભારથી તે યદા;
એવા નીચ અભાગિ ક્રૂર જનનું, મૃત્યુંજ થાયે તદા,
ખાતા તો નથી તે કૃતઘ્નિ[3] શબને, માંસાશિ[4] પ્રાણી કદા. ૫૫

### દોહરા.

ધનિ કિંવા નિર્ધન છતાં, ઉદારમતિ જન જેહ;
કરે સુ આદર મિત્રનો, સદા સુરીતે તેહ. ૫૬
પણ મેળવવા સાર રૂપ, હલકાઈ હર રીત;
જાણ્યા ને ઇચ્છે નહિ, જે મિત્રો પંડિત. ૫૭

## સંતાપનું ફળ.

### ઇંદ્રવજ્રાવૃત્ત

સંતાપથી રૂપ વિનાશ પામે, સંતાપથી જોર જનોજ વામે;
સંતાપથી જ્ઞાન વિનાશ થાય, સંતાપથી વ્યાધિજ[5] ઉપજાય. ૫૮

### દોહરા.

અલભ્ય[6] વસ્તુ નવ મળે, અતિ કરતાં સંતાપ;
શરીર બળે સંતાપથી, અરિ[7] ખુશ થાય અમાપ.— ૫૯
માટે સમજુ મનુષને, કરવો નહિ સંતાપ;

૧ હંસપક્ષી. ૨ વાદળું—વરસાદ. ૩ મેળવેલ ઉપકાર ભૂલી જઇ અપકાર કરે તે. ૪ માંસાહારી માંસ—ખાનારા પ્રાણી. ૫ રોગ. ૬ ન મળી શકે તેવી. ૭ દુશ્મન.

મન પ્રસન્ન રે'વું સદા, ધરિ વૃત્તિ નિષ્પાપ.[1] ૬૦

### ઉપેન્દ્રવજ્રાવૃત્ત.

જનો મરે ને ફરિ જન્મ પામે, દરિદ્રિ થૈને ફરિ દ્રવ્ય જામે;
કરે વળી ક્યાંયક યાચના તે, કરે કરાવે વળિ શોક પોતે. ૬૧

## સુખનો માર્ગ.

### દોહરા.

સુખ, દુખ વૈભવ, દરિદ્ર[2] ને, લાભ, હાનિ વળિ તેમ;
જન્મ, મરણ, જન સર્વને, આવે ક્રમથી એમ.— ૬૨
માટે ધીર મનુષ્ય તો, તેથી ખુશી ન થાય;
ખેદ કરે નહિ તેમ વળિ, તે સમજુ સમજાય. ૬૩
પાંચ ઇંદ્રિ ને છઠું મન, ચળિત છએને જાણ;
તેમાંથી જયમ જેમ કો, લુબ્ધજ થાય પ્રમાણ.— ૬૪
ત્યમ ત્યમ ફૂટા ઘટ થકી, જયમ પાણી વહિ જાય;
ત્યમ બુદ્ધિ તે પુરૂષની, સવી નિરર્થક થાય. ૬૫

### હરિગીત.

ધૃતરાષ્ટ્ર—
સામર્થ્ય જેણે ગુપ્ત તો નિજ તનવિષે રાખ્યું સદા,
અગ્નિ સમાન પ્રતાપ રોકયો ધૈર્યથી નિજ સર્વદા;
એવા યુધિષ્ઠિર રાય લઘુવય વ્યર્થ મેં પોષ્યા ખરે,
તે મમ સુતોનો જરૂર હાવે નાશ તો કરશે હરે! ૬૬

### દોહરા.

જગત્ જેમ આખું સદા, ઉદ્વેગે રે'નાર;
ત્યમ મન મારૂં સર્વદા, ઉદ્વેગી નિરધાર. ૬૭
માટે જે વાકયો થકી, મન મારૂં ખુશ થાય;
તે વાકયો મુજને કહે, બંધુ વિદુર! સહાય. ૬૮

૧ પાપ રહિત. ૨ દારિદ્ર.

## શાંતિ મેળવવાનો માર્ગ.

[illegible] [1] [illegible]
લોભ-ત્યાગ એ ચારથી, ચિતની શાંતિ થાય. ૬૯
તે વિણુ હું જોતો નથી, અન્ય વસ્તુ જગમાંય;
જેહ થકી આ સમયમાં, તમને શાંતિ થાય. ૭૦

### ગીતિ.

બુદ્ધિથકી ભય નાશે, જ તપેથી મળે સકળ ઠામે;
જ્ઞાન ગુરૂ સેવાથી, યોગાભ્યાસે પ્રશાંતિ મન પામે. ૭૧

### દોહરા.

યજ્ઞ, દાન-ફળ[2] સ્વર્ગ જે, કરે ત્યાગ નર કોય;
રાગ દ્વેષથી મુક્ત તે, જીવન મુક્તજ હોય. ૭૨
સુરીતથી અભ્યાસ કરિ, પછીં નર પામે સુખ;
કુરીતથી કરિ યુદ્ધને, પછીં નર પામે દુઃખ. ૭૩

સુરીતથી કરિ કામને, છેવટ સુખ પામેજ;
સુરીતથી તપ કરિ અને, અંતે સુખ લે' તેજ. ૭૪

## જ્ઞાતિથી વિરોધ કરનારની સ્થિતિ.

### સવૈયા-એકત્રીસા.

વિરોધ જ્ઞાતિથી કરનારા પુરૂષો જગમાં હે! કુરૂરાય!
સુખથી તે નિદ્રા નથીં લેતા, કરેલ સારી શય્યામાંય;[3]
પ્રેમ સમાગમ પત્નિ કેરો નથીં મેળવતા જન કદિ એહ,
વખાણુ માગધ સૂતતણાથી[4] પ્રસન્ન તો નથીં થાતા તેહ. ૭૫
નથીં કરિ શકતા ધર્માચરણો જ્ઞાતિ વિરોધી જન જે કોય,
નથી પામતા સુખ પણ કો દિન જ્ઞાતિ વિરોધી જે જન હોય;

૧ ઇંદ્રિયોનું દમન કરવું તે. ૨ સ્વર્ગાદિક ફળની ઇચ્છા વગર કર્મ કરવું. ૩ બિછાનામાં. ૪ વખાણુ કરનાર.-ભાટ, ચારણાદિક.

મોટાઈ પણ નથી મેળવતા, કોઈ દિવસ તે જગ મોઝાર,
શાંતિ લહીં તે સુખ ન પામતા, જ્ઞાતિ વિરોધી નિશ્ચય धार. ७६

દોહરો.

જ્ઞાતિ વિરોધી પુરૂષને, ગમે ન હિત ઉપદેશ;
યોગ ક્ષેમ[1] વસ્તુ ન લહે, જગમાં તેહ નરેશ ! ૭૭
મેળવેલ કો વસ્તુનું, રક્ષણ તેથી ન થાય;
વિનાશ વિણ નથી અન્ય કો, આશ્રય તેનો રાય ! ૭૮
ગોરસની[2] સંભાવના, ગાયો મધ્ય કરાય;
તપ કેરી સંભાવના, બ્રાહ્મણ મધ્ય ધરાય. ૭૯
ચંચળતાનો સ્ત્રી મહીં, સંભવ પૂર્ણ જણાય;
ભયની ત્યમ સંભાવના, જ્ઞાતિથકી રખાય. ૮૦
નાના નાના તાંતડા, ઘણાક એકઠા થાય;
તો તે અતિ બળ પામિને, વજન ઘણું વહિ જાય. ૮૧
તેમજ સઘળે પુરૂષમાં, સંપ થકી સમજાય;
સત્પુરૂષોની ઉપમા, એમ સુ એક વદાય. ૮૨

ગીતિ.

જ્યમ સળગેલાં કાષ્ટો, છૂટાં પડતાં કરે ધુમાડો તે;
પણ સૌ સાથે મળતાં, ભડકો થાશે ખચીત માનો એ. ૮૩
જ્ઞાતિનું સ્વરૂપ સમજો, કુસંપમાં નવ કરી શકે કાંઈ;
પણ જો સૌ જન સંપે, તો તે સઘળું કરી શકે ભાઈ ! ૮૪

ચોપાઈ.

બ્રાહ્મણ, સ્ત્રી, જ્ઞાતિ ને ગાય, તે ઉપર જે શૂરા થાય;
પડે ખરી પાક્યું ફળ જેમ, તે નીચે પડિ લે' દુઃખ તેમ. ૮૫

---

૧ કલ્યાણની વસ્તુ. ૨ ગાયોથી થતા પદાર્થ—દૂધ, દહીં, ઘી, વગેરે.

## સંપ અને કુસંપ વિષે.

વૃક્ષ-મૂળ ઉંડાં અતિ હોય, મોટું ને મજબૂતજ સોય;
પણ જો આશ્રય વિણનું તેહ, પવન ઉખેડી નાંખે એહ. ૮૬
જે સમૂહમાં ઊગ્યું સાર, પરસ્પરે આશ્રયિ નિરધાર;
સહન કરે તે પવન વિશેષ, સંપતણો એ લાભ નરેશ! ૮૭
તેમ હોય જે જન ગુણવાન, સહાયવિણ ત્યમ છતાં નિદાન;
તો વિણ આશ્રયિ વૃક્ષની રીત, નાશ કરે અરિ[1] બની અભીત.[2] ૮૮

### દોહરા.

કમળો જેમ તળાવમાં, પરસ્પરે રહિ સાથ;
આશ્રયથી ઉછરી શકે, દ્રઢ બંધન સંગાથ. ૮૯
ત્યમ જ્ઞાતિજન પરસ્પર, રહિ દ્રઢ સંપ વિશેષ;
વર્ત્તે તો મેળવી શકે, અભ્યુદયજ નરેશ! ૯૦

### ચોપાઈ.

બ્રાહ્મણ, ગાય, જ્ઞાતિ ને બાળ, સ્ત્રીજન, ત્યમ નિજનો પ્રતિપાળ;
શરણાગત સપ્તમ કુરૂરાય! હણવા લાયક કદિ ન ગણાય. ૯૧

## મનુષ્યના મુખ્ય બે ગુણ.

### દોહરા.

ધનીપણું આરોગ્યતા, છે એ બે ગુણ સાર;
એ વિણ ત્રીજો ગુણ નથી, મનુષ્યમાં નિરધાર. ૯૨
નિર્ધન ને રોગી જનો, શબ[3] સમ સમજો એહ;
જીવન ધન, આરોગ્યતા, સર્વોત્તમ ગુણ[4] તેહ ૯૩

---

૧ દુશ્મન. ૨ બીક વગર—અભય થઇને. ૩ મુડદું. ૪ ખરાં દુઃખ પણ એજ બે છે, દરિદ્રીપણું અને રોગ. એ સિવાય બીજાં દુઃખને કવિયો મનકલ્પિત દુઃખ કહેછે.

## ક્રોધવિષે.

અતિ તિક્ષણ શિરરોગપ્રદ,[1] પાપકરણ, પરચંડ;
કઠોર, ઉષ્ણજ વ્યાધિ વિણ, ઉપજેલો રૂપદંડ.[2] ૯૪
અસત્પુરૂષ નહિ પી શકે, પ્રિયે પુરૂષ સત જેહ;
એવા ક્રોધનું પાન કરિ, શાંત થાઓ નૃપ! દેહ. ૯૫

## રોગીજનોની સ્થિતિ.

રોગે પીડાતો પુરૂષ, સ્રી, ધન, પુત્ર, અનેક;
કરે ન સ્પૃહા[3] કોઇની, લહે ન કાંઇ વિવેક. ૯૬
રોગે દુખી જન જગતમાં, કરિ ધનનો ઉપયોગ;
સુખ મેળવી નથી જાણતો, રોગ છેજ દુખયોગ. ૯૭

### હરિગીત.

દ્યુત[4] રમતમાં જીતેલ દ્રૌપદિ જોઇ પ્રથમ કહ્યું હતું,
"વારો નૃપતિ! તમ પુત્રને દ્યુતક્રીડથી[4] જાણી છતું;"
માન્યું નહીં મારૂં કહ્યું તો કષ્ટ આવ્યું આ સમે,
પંડિત જનો નથી પ્રેમ ધરતા દ્યૂતમાં કોઇ ક્રમે. ૯૮

## સત્ય વસ્તુવિષે વિચાર.

### દોહરા.

યુદ્ધ કરાવે અબળથી, તે નહિ બળ કે'વાય;
યુદ્ધ કરે જે સબળથી, તે બળ ખરૂં ગણાય. ૯૯
અલ્પ ધર્મ પણ સેવવો, અતિ ત્વરાથી રાય!
ક્રૂર પુરૂષની લક્ષ્મિનો, વિનાશ વ્હેલો થાય.— ૧૦૦
કોમળ જનની લક્ષ્મિ તે, લહે પ્રૌઢતા સાર;
સુતના સુત તે ભોગવે, સમજો નૃપ! નિરધાર. ૧૦૧

---

૧ મગજના રોગને પેદા કરનાર. ૨ દંડરૂપ—દંડ જેવો. ૩ દરકાર—ગરજ. ૪ જુગારની રમત.

### હરિગીત.

રાજન્ ! કરો તમે પુત્ર રક્ષા પાંડવોની સર્વદા,
ત્યમ પાંડવો તમ પુત્રની રક્ષા કરો સારી સદા;
વળિ પાંડવોના શત્રુમિત્રો કૌરવોના તે હજો,
બંને કરો સંપે કૃતિ, સ્મૃદ્ધિ લહો, સુખિયા થજો. ૧૦૨

### દોહરા.

સ્તંભ રૂપ કૌરવ વિષે, છો નૃપતિ ધૃતરાષ્ટ્ર !
કુરૂકુળ તમ આધીન છે, કહુઁછું હું તે માટ.— ૧૦૩
વનવાસે દુખ પામતા, પાંડવ જે તમ બાળ;
તેહતણી રક્ષા કરો, લહો સુકીર્ત્તિ વિશાળ. ૧૦૪

### ગીતિ.

પાંડુ સુતની સાથે, કરોજ સંધિ નૃપ ધૃતરાષ્ટ્ર ! તમે;
શત્રુ ન ભેદ પડાવો, તમથી તેનો ખચીત કોઇ સમે. ૧૦૫

### ચોપાયા (દ્વિદલ) જાતિ.

સત્યતણો આધાર ધરીને રહ્યાજ પાંડુપુત્ર;
માટે અટકાવો તમ સુતને રચતો લડાઇ-તંત્ર. ૧૦૬

# પ્રકરણ ૫ મું.

## નરકવાસને યોગ્ય સત્તર મૂર્ખ.

### સવૈયા–એકત્રીસા.

શિક્ષા લાયક હોય ન તેને, કરે જેહ[1] શિક્ષા મતિબાળ,
અલ્પ લાભમાં બને મદોન્મત[2], શત્રુસેવથી† લે' સુખ-ભાળ;[3]
સ્ત્રી-રક્ષણ કરિ સુખ મેળવે[4], અયાચ્ય‡ પાસે યાચે જેહ,[5]
કિંવા કર્ત્તા[6] આત્મસ્તુતિનો, કુરૂપતિ ! જગમાં જાણો એહ.–૧

ઉત્તમ કુળમાં જન્મી પોતે, કરે અધમ કૃત જન જે[7] કોય,
અબળ[8] છતાં જોરાવર સાથે, વૈર નિરંતર ધરતો હોય;
શ્રદ્ધાવિણુના જનની પાસે, કરે વાત જે[9] કોય કદાય,
ઇચ્છયા લાયક નહિ જે વસ્તુ, તેની ઇચ્છા કરે[10] સદાય.– ૨

કરે મશ્કરી પુત્રવધૂની* સસરો જે[11]બનો મૂઢ ખરેજ,
સ્વસુર ઘેર રહિ સ્ત્રીસંગાથે ઇચ્છા ×ગોરવતણી[12] ધરેજ;
ક્ષેત્ર પરાયામાં જે વાવે બીજ બુદ્ધિહિણુ જન[13] કો કાળ,
નિજ કુળમર્યાદાને છોડી, સ્ત્રીને જે[14] નિંદે મહિપાળ !– ૩

વસ્તુ લીધા પછી કહે કયારે, "સાંભરતું નથી મુજને[15] આજ;"
તીર્થક્ષેત્રમાં વાગદાન કરિ, આપે [16] નહિ તે વસ્તુ સાજ;
દુર્જનને સજ્જન કરિ[17]સ્થાપે, એ સત્તર નર તજતાં કાય,
પાશ ધારિ યમદૂતો તેને નિશ્ચય નરકવિષે લઇ જાય. ૪

### હરિગીત.

મૂઢી વતી તે[17] ગગનને હણુનાર છે એમ જાણુવા,

† સેવા–નોકરી. ‡ યાચવા–માગવા લાયક નહિ તેવો. * દીકરાની વહુની. × મોટાઈ–આબરૂ.

કહિ અનમ[1] ઇંદ્રધનુષ્યનેજ નમાવનાર પ્રમાણવા;
અહિ નવ શકાયજ ભાનુકર,[2] તેને ગ્રહેવા જે ચહે,
એવા સમજવા તે બધા, ગનુ એમ સ્વાયંભૂ કહે. ૫

## ધર્મની વ્યાખ્યા.

### દોહરા.

જે મનુષ્ય જે ઉપરે, વર્ત્તે જગમાં જેમ;
તે પ્રતિ તેમજ વર્ત્તવું, તેજ ધર્મ ગણ એમ.— ૬

કપટી સાથે કપટથી, વર્ત્તવું જગે પ્રમાણ;
સદાચારિ પ્રતિ વર્ત્તવું, સદાચારથી જાણ !

## કોણ કોનો નાશ કરે છે?

### છપય.

વૃદ્ધપણાથી રૂપ, આશથી ધૈર્ય તજાયે;
ત્યમ મૃત્યુથી પ્રાણ, ધર્મ ઇર્ષાથી જાયે;
ક્રોધ થકી ધન નાશ, નીચ-સેવા શીળ નાશે;
કામથકી લાજનો, સર્વથા વિનાશ થાશે;
અભિમાન નાશ સૌનો કરે, નીત રીત ઉર આણવી;
વસ્તુ એ અકેક સંગથી, વિનાશમયજ પ્રમાણવી.[3] ૮

### દોહરા.

ધૃતરાષ્ટ્—વિદુર ! ચારે વેદમાં, નર આયૂ શત* વર્ષ;
તો કયમ પૂર્ણ ન ભોગવે? લહિ જનતે ઉત્કર્ષ. ૯

---

૧ નમાવી ન શકાય એવું. ૨ સુરજનાં દીર્ણ. ૩ જુઓ પ્રકરણ ત્રીજું અંક ૫૦ પૃ. ૪૩ મે એજ વાત કહેલી છે, તેનું અહીં ફરીથી સૂચન છે.

* (૧૦૦) એકસો- शतं जीवी ” ૪૦.

## આયુષ્ય ઘટવાનાં છ કારણ.

### છપ્પય.

વિદુર—પ્રથમ ગણો અભિમાન, દ્વિતીય અતિ નિંદા જાણો;
ઝેરદેણુ કે ચોરી, લોભ અતિ તૃતિય પ્રમાણો;
ચતુર[૪] ક્રોધ ઉર આણુ, સ્વાર્થ પંચમજ ગણેલી;
મિત્રદ્રોહ વળી તેમ, છએ તલવાર સજેલી;
આયુષ્ય નિરંતર તે હણે, મરે તેથી મનુષ્યો અધમ;
પણ મૃત્યુ તો નથી મારતું, નૃપતિ! થાઓ કલ્યાણ તમ! ૧૦

## કોની સંગત ન કરવી ?

### સવૈયા–એકત્રીસા.

વિશ્વાસુની સ્ત્રીસંગાતે, થાયજ જે[૧] બદકાર ગમાર,
ગમન કરે[૨] ગુરૂપત્નિ સાથે, બ્રાહ્મણ શૂદ્રનારિનો જાર[૩];
મદિરાદિક જે અપેય† વસ્તુ, તેનું પાન કરે જે[૪] કોય,
મજૂર પાસે વેઠ કરાવે, વિના દામ પાપી જન[૫] સોય.–૧૧
બ્રાહ્મણની આજિવિકાકેરો, વિનાશ કરનારો જન[૬] જેહ,
બ્રાહ્મણને વેઠે પકડીને, હુકમ કરે તે ઉપર એહ;[૭]
મારનાર[૮] શરણાગતનો એ, બ્રહ્મહત્યારા આઠે જાણ,
તેને મળિ પ્રાયશ્ચિત કરવું, વેદ વદે છે એવી વાણ. ૧૨

## સ્વર્ગના અધિકારી કોણ ?

### દોહરા.

વિનયવાન વિદ્વાન જન, નિતિવેત્તા તેમ;
દાતા, પિતૃ અન્નનો–શેષ ભોગિ+ જન એમ.— ૧૩
અણહિંસક, કૃતિ અધમનો,–કરનારો નહિ આપ;
કૃતજ્ઞ* ને સતવાદિ નર, દયાળુ પૂર્ણ પ્રતાપ.— ૧૪

† ન પીવા લાયક–દારૂ વગેરે. + બાકી રહેલું જમનાર. * કરેલા ઉપકારને જાણનાર.

એ સઘળા નર જગતથી, મુક્ત થતાં નિરધાર;
જીવન જુગતે જાણવા, સ્વર્ગે સંચરનાર. ૧૫

## દુર્લભજન.

### ગીતિ.

મધુરં વચન વદનારા, સદા સુલભ* જન જગતવિષે. ભાઇ!
પણ કટુ હિતકર વચનો, શ્રોતા વક્તા અલભ્ય જગમાંહી. ૧૬

### દોહરા.

સારૂં માઠું લાગવા-કેરો તજી વિચાર;
માઠું લાગે તોયપણ, હિતકર વચનો સાર.-૧૭
સ્વામીને સંભળાવશે, શુચિ[1] સેવક જન જેહ;
જીવન જગમાં જાણવો, નૃપતિ સહાયક તેહ. ૧૮

### સવૈયા-એકત્રીસા.

કુળની ખાતર એક પુરૂષનો ઉચિત ત્યાગ કરવો મતિધીર!
ગ્રામમાટ તો નિજકુળ કેરો, કરવો ત્યાગ યોગ્ય કુરૂવીર!
દેશકાજ એક ગ્રામતણો પણ ત્યાગ તેમ કરવો સુવિચાર,
પોતામાટે પૃથ્વીકેરો ઉચિત ત્યાગ કરવો નિરધાર. ૧૯

### મહીદીપ જાતિ.

વિપતિકાળ માટ દ્રવ્ય રક્ષવું સદાયે,
દ્રવ્યથી બચાવ સ્રીતણો નક્કી કરાયે;
દ્રવ્ય સ્રી બંને થકી બચાવ આત્મ[2] ધારો,
આત્મક્ષેમ[3] મુખ્ય નીતિ જીવમાં વિચારો. ૨૦

---

* સહજ મળે એવા. ૧ પવિત્ર-ચોખા અંતઃકરણનો-નિષ્કપટી-પ્રમાણિક. ૨ આત્મા-પોતે. એટલે પોતાના જીવ માટે સ્રી, ધન, આદિનો ત્યાગ કરવો પડતો હોય તો કરવો. કહે છે કે-"જીવતો નર ભદ્રા પામે." "જીતે હોયગે નર, તો ફિર બસાયગે ઘર!" ૩ આત્માનું કલ્યાણ-પોતાનું કુશળ ઈચ્છવું તે.

## જુગારં વિષે.

### ઉપજાતિ વૃત્ત.

મનુષ્યને ઘૂતજ વૈરકારી,
કહે બધા શાસ્ત્ર જુના પુકારી;
માટે કદી મશ્કરિમાંહિ સે'જ,
ધીમંત[1] તે તો નકિ ના રમેજ. ૨૧

### સવૈયા–એકત્રીસા.

ધૂત સમય[2] મેં કહ્યું હતું કે–"રમત નહીં એ રમવાજોગ,"
પણ ન રૂચે જયમ મૃત્યુવશને, ઉત્તમ ઔષધનો ઉપયોગ;–
તેમ વચન મુજ હિતકરનારાં, રૂચ્યાં ન તમને હે! ભૂપાળ!
ઉલટું અવળું ભાસ્યું તેથી, ચિંતા ચિતમાં વ્યાપી હાલ. ૨૨

## હિતકારક વચનો.

ભૂપતિ! કાગ સમા કૌરવ જે, તેની પાસે આપ નિદાન,–
ચિત્રિત પીંછ મયૂરના જેવા, પાંડવ જે પૂરણ મતિમાન;–
ચહો પરાજય તેનો થાવા, (એ) સિંહ ત્યાગિ શોધોજ શિયાળ,
માટે સમય થવે પસ્તાશો, કુરૂસત્તમ ધૃતરાષ્ટ્ર નૃપાળ! ૨૩

### દોહરા.

હિત કરવા તત્પર અને, ભક્તિભાવ ધરનાર;
એવા સેવકપર ધણી, (એ) ક્રોધ ન કરે લગાર.– ૨૪

---

૧ બુદ્ધિશાળી–ડાહ્યો. ૨ પાંડવો સાથે કૌરવોએ જુગારની રમત કરીને તેમનું સર્વસ્વ તથા છેવટ તેમની સ્ત્રી–દ્રૌપદી પણ જીતી લીધી હતી; તે સમયે વિદુરે એ રમત ન રમવા માટે કહ્યું હતું. તેથી તે રમતનુંજ પરિણામ જ્યારે આવા કડવા વેરરૂપમાં આવ્યું, ત્યારે વિદુર પોતાના વચનોની તેને યાદ આપે છે.

તો સેવક તે સ્વામિનો, સદા ધરે વિશ્વાસ;
અતિ આપત્તિના સમયમાં, ત્યાગ કરે નહિ ખાસ. ૨૫

### ચોપાઈ.

સેવક જનની રોઝીમાંય, આવે નહિ કદિ અડચણ ક્યાંય;
તેમ નવી લક્ષ્મી ને રાજ, લેવા ઇચ્છવું ભૂપે સાજ. ૨૬
પણ રોઝીનો થાતાં ભંગ, ભક્તિમાન છતાં નૃપસંગ;
"ઠગ્યા" એમ સમજીને તેહ, આપે છે નૃપતિને છેહ.[1] ૨૭

### દોહરા.

અમુક કાર્યનો પ્રથમથી, તપાસિને આધાર;
બનશે કે નહિ બની શકે, કરવો એમ વિચાર. ૨૮
આવક ખર્ચ પગાર તે, અનુકૂળ કે પ્રતિકૂળ;
વિચારિને પછિ યોજવા,[2] સા'યક સાનુકૂળ. ૨૯
કાંકે આ સંસારમાં, ઘણાંક કપરાં કામ;
સહાયતાથી બનિ શકે, જુગતે જીવનરાગ. ૩૦
જે સેવક નિજ સ્વામિનો, સમજીને અભિપ્રાય;
સાવધાન થઇ કૃતિ કરે, હિતવચનો કહે સાર. ૩૧
પ્રેમ ધરે તે શ્રેષ્ટ નર, પ્રભુશક્તિ[3] વળિ સાર;
મંત્રશક્તિ,[4] ઉત્સાહબળ,[5] જાણે ત્રણ નિરધાર.- ૩૨
એવા જનને નૃપતિએ, સદાય નિજની પેર;
ઉચિત પાળવા પ્રેમથી, જીવન ધરિ દિલ મે'ર. ૩૩
જે નોકર નૃપ હુકમનો, કરે અનાદર આપ;
"હું ન કરૂં" એમ મુખ થકી, ઉત્તર કરે પ્રલાપ.[6]- ૩૪
"હું ડાહ્યો છું સર્વથી," એમ ધરે અભિમાન;

---

૧ છેહ આપવો એટલે ત્યાગ કરવો-છોડી જવું-દગો કરવો. ૨ રાખવા-જોડવા. ૩ મહત્વ-મોટાઈનું બળ. ૪ રાજની છાની વાત રાખવાનું બળ. ૫ હિંમત-બહાદુરી. ૬ બકવાદ-વગર વિચારનું બોલવું.

બકે વિરૂધ્ધ આજ્ઞાથકી, એવો જે નાદાન.— ૩૫
એવા સેવકને તરત, રજા આપવી રાય !
કાંકે તે નિજ રાજમાં, કંટક[1] રૂપ ગણાય. ૩૬

## દૂતનાં આઠ લક્ષણ.

ગર્વરહીત,[1] પરાક્રમી,[2] તરત કામ કરનાર;[3]
†દયાળુ[4] સ્વામી અહિતવિણ, કંઈ મશ્કરિ ધરનાર.[5]— ૩૭
ફોડી શકાય[6] ન અન્યથી, નિરોગી[7] નિશ્ચય જાણ;
‡મધુરભાષિ[8] એ આઠ ગુણ-સંયુત દૂત પ્રમાણ. ૩૮

## સાધારણ નીતિ.

અણવિશ્વાસુ અન્યને, ઘેર કવખ્ત ન જાય;
રાતે ક્યાંયક આંગણે, ગુપ્તપણે ન ભરાય. ૩૯
નૃપગાગણિને યોગ્ય સ્ત્રી, માગે નહિ નિજઅર્થ;[2]
જીવન તેને જાણવો, સમજુ પુરૂષ સમર્થ. ૩૯

### સવૈયા-ઇંદ્રવિજય વૃત્ત.

ગુપ્ત વિચાર કરેજ ઘણા ગળીં, તે મહિ હોય વિચાર નઠારો,
તો નહિ બોલવું તેથીં વિરૂદ્ધ, ન કાઢિ મૂકયાતણી વાત ઉચારો;
"હું ન ધરૂં વિશવાસ[3] તમોપર," એમ ન બોલવું ઉચિત ધારો,
જીવન "કામ જરૂર તણું" કહિ, આપ પલાયન[4] ત્યાંથીં પ્રચારો. ૪૦

### દોહરા.

શરમાળુ,[1] વેશ્યા,[2] નૃપતિ,[3] રાજ્યાધિકારી[4] તેમ;
પુત્ર,[5] ભાઇ,[6] બાળક[7] વળી, સુતવતિ વિધવા[8] એમ.— ૪૧

---

૧ કાંટા રૂપ-ઉખેડી ફેંકી દેવાને યોગ્ય. † સ્વામીનું અહિત ન થાય એવા કામમાં દયાળુ. ‡ મીઠાં વચન બોલનાર. ૨ પોતા માટે. ૩ વિશ્વાસ. પળાયન કરો-નાશી છૂટો. અર્થાત્ કંઇ સંભવિત બહાનું કહાડી ત્યાંથી ૪ નાશી છૂટવું, પણ એવાં ગુપ્ત મંડળોને ક્રોધ ઉપજે એવું કંઈ વિરૂદ્ધ બોલવામાં આવે, કિંવા તેમને પોતાના વિચાર ખુલ્લા થવાનો ભય લાગે, તો તેઓ ત્યાંજ તેવા માણસને મારી નાંખે.

ગત અધિકારી[૯] પુરૂષને, સેનાપતિ[૧૦] સહુ રાય!
નહિ વ્યવહારિક કામમાં, ધરો પ્રસંગ કહાય. ૪૨

## આઠ ઉત્તમ ગુણો.†

બુદ્ધિ[૧] કુલિનતા[૨] દમ[૩] તથા, શાસ્ત્રજ્ઞાન[૪] સામર્થ્ય;[૫]
સ્મિત ભાષણ[૬] ને દાન વળિ, કૃતજ્ઞતા[૮] શુભ અર્થ. ૪૩
એ આઠે ગુણ પુરૂષને, શોભાદાયક ખાસ;
માટે સજ્જન મેળવે, કરિને પૂર્ણ પ્રયાસ. ૪૪
નૃપતિ! એ આઠે ગુણો, અહિંને આદરમાન;
કદિક થાય એકત્ર તે, સમજો એગ નિદાન— ૪૫
જ્યારે કોઇક પુરૂષને, આદર આપે રાય;
(ત્યારે) નૃપ આદરથી એ ગુણો, થઈ ઇકત્ર× પોષાય. ૪૬

## સ્નાનથી થતા દશ લાભ.

કૌવત[૧] રૂપ[૨] સ્વર શુદ્ધિ ને,[૩] રંગ[૪] સ્પર્શ[૫] શુભવાસ;
શુધિ[૭] શોભા[૮] સુકુમારતા,[૯] શ્રેષ્ઠ સ્ત્રિયો[૧૦] ત્યમ ખાસ.—૪૭
નિત્ય સ્નાન કરનારને, એ દશ ગુણ ધરિ પ્રેમ;
સેવે છે સંસારમાં, વદે સુપંડિત એમ. ૪૮

## મિત ભોજનના છ લાભ.

મિત ભોજન કરનારને, સેવે ષટ ગુણ સાર;

---

૯ અધિકારથી ભ્રષ્ટ થયેલો. † જુવો પ્રકરણ ૧ લું પૃ. ૧૬ માં છંદ ૧૧૪ તથા પ્રકરણ ૩ જું પૃષ્ઠ ૪૪ માં છંદ ૫૨-૫૪ ની નોટ. ૪૩-૩ ઇંદ્રિય નિગ્રહ. ૬ જરૂર પડતુંજ બોલવું તે. × એકઠા. ૪૭-૩ વાણીની સ્પષ્ટતા-કંઠ. ૭ શુદ્ધતા-પવિત્રતા.

બળ[1] સુખ[2] ને આરોગ્યતા,[3] આયુષવૃધિ[4] નિરધાર.—૪૯
શૂર પુત્રની પ્રાપ્તિ[5] ત્યમ, ન ખાંધરો[6] કે'વાય;
માટે મિત ભોજની* થવું, નર ધીમંત ને રાય! ૫૦

## પોતાના ઘરમાં કોને ન આવવા દેવા?

નીચ કૃત્ય કરનાર ત્યમ, બહુ ભોજન જમનાર;
જનશત્રુ,+ કપટી અતિ, ક્રૂરપણું ધરનાર.— ૫૧
દેશકાળ અણુજાણુ ત્યમ, વેષ ભૂંડા કરનાર;
એ ઘરમાં નહિ રાખવા, સાત પુરૂષ નિરધાર. ૫૨

## યાચના કરવાને અયોગ્ય કોણ?

મૂર્ખ[1] લોભિ[2] ને †ધૂર્ત્ત[3] નર, ગાળો× ઉચ્ચરનાર;[4]
અતિ સત્કાર કરયા છતાં, "કંઇ ન કરયું" કેનાર.[5]—૫૩
ક્રૂર[6] કૃતઘ્ની[7] ખારીલો,[8] શત્રુતા[9] ધરનાર;
એ નવને નહિ યાચવા, દુઃખિત છતાં અપાર. ૫૪

## કોની સેવા ન કરવી?

§આતતાયી[1] અતિ આળસુ,[2] અસત્યવાદિ[3] હમેશ;
અદ્રઢ ભક્તિયુત[4] પુરૂષ ત્યમ, પ્રીતિ-ત્યાગિ[5] નરેશ! ૫૫
માનનાર[6] નિજને ચતુર, નીચ પુરૂષ એ જાણ;
એ ષટની કરવી નંહિ, સેવા કદી પ્રમાણ. ૫૬

---

* માફકસર-ખરી જરૂરિયાત પ્રમાણે જમનાર. + જનસમુદાય-માણસ માત્રનો દુશ્મન. † ધૂર્ત્ત=ધૂતારો-ઠગ. × આવી રીતનો (યાચના કરનાર પ્રત્યે ગાળો બોલનાર) એક મુંબઇનો શેઠીઓ છે. તે લોકોને અપશબ્દ કહી પછી દાન આપે છે? એજ મૂર્ખતાની અવધી છે § આતતાયી=આગ લગાડનાર, ઝેર આપનાર, શસ્ત્રધારી, (લશ્કરી), ચોર, પારકાં ક્ષેત્રાદિ પચાવી પડનાર, સ્ત્રી કાઢી જનાર, એ છ આતતાયી કહેવાય છે.

## સામાન્ય ઉપદેશ.

ધનથી સહાયક મળી શકે, ધન સહાયતા એક;
રહ્યાં પરસ્પર આશ્રયે, મળે ન વિણ્ અકેક. ૫૭
પુત્રોને પેદા કરી, કરજ બધું ઉતારિ;
આજિવિકા બાંધી દઈ, અનુકુળતા સમ સારિ.— ૫૮
યોગ્ય સ્થળે પરણાવિને, સૌ પુત્રી સુપ્રતાપ;
પછી વનમાં રહિ મુનિ થવા, ઇચ્છા કરવી આપ.[1] ૫૯
જે સૌને હિતકર§ અને, નિજને સુખકર હોય;
અર્પણ કરવી ઈશને, એવી બાબત કોય. ૬૦
કાંકે સર્વે વસ્તુને, મેળવવામાં મૂળ;
બાબત એજ ગણાય છે, હે! નરપતિ! અનુકુળ.[2] ૬૧

### ચોપાઈ.

બૃદ્ધિ, પ્રતાપ, સત્વ, શુભ તેજ, ઉદ્યમ, દ્રઢ નિશ્ચય, સુ રહેજ;
એ ગુણ હોયજ જેની પાસ, (તેનો) આજિવિકા ભય[3] થાય વિનાશ. ૬૨

### હરિગીત.

એ પાંડવોની સાથ કરવો કલહ અવગુણ આપને,
સંગ્રામમાં ઇંદ્રાદિ પણ દુખ પામશે નિશ્ચય, અને;—
પુત્રોની સાથે વૈર તે રાખે ઉદાસીમાં સદા,
યશ નાશકારી તેમ તે, રિપુ-હાસ્યકારી[4] સર્વદા. ૬૩
નૃપ! ભિષ્મનો, ત્યમ આપનો, સમ ઇંદ્ર[5] દ્રોણાચાર્યનો;
જો કોપ થાય વિશેષ રાજા શ્રી યુધિષ્ઠિર આર્યનો,—
તો ધુમ્રકેતુ[6] જેમ ઉગી નાશ સૌનો આદરે,

---

૧ કેટલાક મૂર્ખજનો સ્ત્રી પુત્રાદિકને રઝળાવીને ભેખ લેછે, તેને આ વાત સમજવા યોગ્ય છે. § ભલું કરનાર. ૨ સહાય કરનાર. ૩ રોજી પેદા કરવાનો ભય-એવા ગુણોવાળાને રહેજ ક્યાંથી? ૪ દુશ્મનોને હાંસી કરાવનાર ૫ ઇંદ્ર જેવા ગુરૂ દ્રોણાચાર્યનો. ૬ પૂંછડીઓ તારો-તે અશુભસૂચક-નાશકારક મનાય છે. એનો વહેમ દુનિયાંની ઘણી પ્રજાઓમાં હોયછે.

ત્યમ તે વધેલો કોપ નિશ્ચય નાશ આ જગનો કરે. ૬૪

## સલાહશાંતિનું ફળ.

### દોહરો.

(૫ણ) જો શાંતિ રાખો તમે, તો તમ[1] સુત ને કર્ણ;
કરે રાજ્ય પાંડવ મળી, નિધિ લગી સમગ્ર[2] ધર્ણ. ૬૫

### સવૈયા–એકત્રીશા.

હે ! રાજન્ ! તમ પુત્ર કૌરવો વનસમ માનેલા છે ખાસ,
ત્યમ માનેલા પાંડવ પાંચે વાઘ સમા ધારો શુભ આશ;
માટે વાઘ સહિત તે વનનો, ક્ષય ન કરો નૃપતિ કુરૂરાજ !
ત્યમ વનમાંથી વાઘતણો પણ નાશ થાવ મા કહિ કો કાજ. ૬૬

### દોહરો.

વાઘ વિના વન હોય નહિ, વનવિણ વાઘ ન એમ;
વાઘો વન–રક્ષણ કરો, વન વાઘોનું તેમ. ૬૭

### ગીતિ.

જેમ કુબુધિ તમ સુત સૌ, પાંડવ–દોષો ચહે નિહાળ્યાને;
ત્યમ બીજાના સદ્ગુણ, ચા'તા તો નથી કદીય ભાળ્યાને. ૬૮

## ધનનું મૂળ ધર્મ છે.

### સવૈયા–ઇંદ્રવિજય વૃત્ત.

જો ધન– આશ ઘણી ધર સજ્જન ! તો કર ધર્મ સદા કરણીમાં.
અમૃત જાય ન અન્ય સ્થળે જ્યમ સ્વર્ગ તજી કદિ નિર્ઝરણીમાં;[3]
(તેમ) ધર્મ થકી ધન જાય ન દૂર હજૂર સુ જેમ પ્રભા[4] તરણીમાં,[5]
જીવન ધર્મજ જીવન છે, વિણ ધર્મ ન જીવન આ ધરણીમાં. ૬૯

---

૧ તમારા સો પુત્રો કર્ણ સહિત, પાંડવો સાથે મળીને સમુદ્રપર્યંત આખી પૃથ્વીનું રાજ્ય ભોગવે એવા સમર્થ છે, પણ કલહથી પરસ્પર કપાઇ મરશે. ૨ ધરણી–આખી પૃથ્વી. ૩ પૃથ્વી–મૃત્યુલોક-ભૂતળ. ૪ તેજ–પ્રકાશ–કાંતિ. ૫ સૂર્ય.

### સવૈયા-એકત્રીશા.

વિરત પમાડી પાપમાંથી મન જોડ્યું જો નિજને કલ્યાણ;
તેણે સારૂં નરતું સર્વે જાણ્યું જગમધ્યેજ પ્રમાણ.
ધર્મ, અર્થ ને કામ ત્રણેને સેવે જે સમયાનુસાર;[1]
તે નર તે ત્રણના સંયોગે, મેળવેછ આ જગમોઝાર. ૭૦

### દોહરો.

કામ ક્રોધના ઉભરા,[2] વશ રાખે જન જેહ;
ધની[3] બને, મુંઝાય નહિ, આપતિમાં પણ તેહ. ૭૧

## પાંચ પ્રકારનાં બળ કયાં?

### ચોપાઈ.

પુરૂષ વિષે બળ પાંચ પ્રકાર, સુણો નૃપતિ! મુજથી તે સાર;
પ્રથમ બાહુબળ[1] તો કે'વાય, કનીષ્ટ તે સૌમાંહિ ગણાય. ૭૨
મંત્રીલાભ[2] બીજું બળ હોય, કહે વિદ્વાન એમ સૌ કોય;
ત્રીજું બળ ધન લાભ[3] પ્રમાણ, [illegible]ય નૃપતિ! આપનું કલ્યાણ. ૭૩
ઉત્તમ કુળ[4] બળ ચોથું જાણ, તે તો પાંડવ મધ્ય નિદાન;-
છે સ્વાભાવિક સર્વ પ્રકાર, પરંપરાથી આવ્યું સાર.— ૭૪
હે! ભારત! પંચમ બળ જેહ, સર્વોત્તમ જગમાં છે તેહ;
બુદ્ધિબળ[5] નિશ્ચય કે'વાય, સૌ બળ તેથી સંગ્રહ થાય. ૭૫

### ગીતિ.

જે મનુષ્ય જન કેરૂં, બહુ બુરૂં કરવા સમર્થ છે ખાસ;
તેથી વૈર કરીને, "છેટો છું" એમ કરો ન વિશ્વાસ. ૭૬

### દોહરા.

સ્ત્રી[1] રાજા[2] ને સર્પ[3] ત્યમ, ભણેલી વિદ્યા[4] કોય;

---

૧ વખત પ્રમાણે-જરૂરને વખતે. ૨ ગુસ્સા. ૩ પૈસાદાર.

૭૭-૪ ભણેલી વિદ્યા પણ જો વારંવાર સ્મર્ણ કરાતી ન હોય તો અણીને વખતે દગો દેછે-ભૂલી જવાય છે.

સમર્થ શત્રુ[5] વિભવ[6] ને, સપ્તમ આયુષ[7] સોય. ૭૭
એ સાતેનો વિશ્વમાં, કોણ કરે વિશ્વાસ?
કોય કરે નહિ નરપતિ! બુદ્ધિમંત જન ખાસ. ૭૮

### કુંડળિયો.

ઘાયલ બુદ્ધિ-બાણથી, થયેલ પ્રાણી કોય;
સાજો કરવા તેહને, સમર્થ કોય ન હોય;-
સમર્થ કોય ન હોય, વૈદ્ય, ઔષધ કે મંત્રો;
હોમ, હવન, શુભ કર્મ, વેદમંત્રો[1] ત્યમ તંત્રો;
સારી રીતે સિદ્ધ,-થયલ રસ[2] કેક કસાયલ;
બને વ્યર્થ જન ત્યાંય, બુદ્ધિ-બાણે જ્યાં ઘાયલ. ૭૯

### દોહરો.

સર્પ[1] અગ્નિ[2] ને સિંહ[3] વળિ, જ્ઞાતિતણું[4] નિદાન;
કરવું નહિ અપમાન કદિ, ઉગ્ર† ઘણાં એ જાણ. ૮૦

## પોતાના તેજનો પ્રતાપ.

### તોટક વૃત્ત.

કરિ મંથન કાષ્ટ થકીજ ખરે, નહિ જો જન અગ્નિ પ્રદિપ્ત કરે;
નહિ ત્યાં લગિ તેજસુ ગુપ્ત રહે, ઉપયોગિ ન થાય ન કોઇ લહે.-૮૧
કરિ મંથન કાષ્ટથકીજ યદા, કરશે જન અગ્નિ પ્રદિપ્ત તદા;
ઝટ તે નિજના અતિ તેજ થકી, કરિ ભસ્મ દિયે વન કાષ્ટ નકી. ૮૨
કુળમાં જનમેલજ[3] પાંડવ એ, નહિ અગ્નિ સમા સમજો નૃપ! તે;
અતિ ગુપ્ત પ્રતાપ કરી સુ જમા,[4] અટકાવી રહ્યાજ સહિત ક્ષમા. ૮૩

---

૧ અથર્વણ વેદના મંત્રો. ૨ પારો વગેરે શોધેલ અને મારેલ ધાતુઓને વૈદ્યો રસ કિંવા રસાયણ પદાર્થો કહેછે. † ભયંકર. ૩ જન્મેલા. ૪ એકઠું.

## જ્યાં સંપ ત્યાંજ શાંતિ હોય.

### દોહરા.

હે ! ભારત ! છો પુત્ર સહ, તમેજ લતા[1] સ્વરૂપ;
સાગ-વૃક્ષ સમ પાંડવો, જાણો નિશ્ચય ભૂપ ! ૮૪
મહા વૃક્ષ-આશ્રય વિના, લતા કોય કો કાળ;
શોભા વૃદ્ધિ લહે નહિ, સમજો એ ભૂપાળ ! ૮૫

### ભુજંગી વૃત્ત.

સુતો આપના રાન[2] રૂપેજ જાણો,
તહીં કેસરી પાંડવોને પ્રમાણો;
વિના કેસરી[3] રાન તો નાશ થાશે,
વિના રાનનો કેસરી એ [4]વિનાશે. ૮૬

૧ વેલ- ૨ રાન=વન-જંગલ. ૩ સિંહ. ૪ નાશ પામે.

# પ્રકરણ ૬ ઠ્ઠું.

## ચોપાઈ.

વિદુર-

આવે વૃદ્ધ પુરૂષ જે કાળ, તે સમયે ધૃતરાષ્ટ્ર નૃપાળ!
નીકળી પ્રાણ તરૂણ[1] નરકેરા, આગળ પડે નકી એક ફેરા.-૧
પછી તેને આપી સન્માન, કરે વિદાય યદાય નિદાન;
તે પછી લહે ફરી નિજ પ્રાણ, નિશ્ચય સમજો વાત પ્રમાણ. ૨
આવે સત્પુરૂષો નિજ ઘેર, ધીર નરે તવ રૂડી પેર;
આસન આપી બેસવા કાજ, પખાળવા પગ જળથી રાજ!-૩
પૂછી કુશળ, કહી નિજ હાલ, યથાર્થ રીતે હે! મહિપાળ!
પછી તપાસી અન્ન પવિત્ર, દેવું ભોજન તેને મિત્ર! ૪

## શિખરિણી વૃત્ત.

ધનેચ્છાથી કિંવા, કૃપણપણું ધારી નિજ ઉરે,
દિયે ના વિપ્રોને[2], જળ સુ મધુપર્ક કદિ અરે!
દિયે ના ગૌદાનો, અધમ નર એવા તણું સદા,
વૃથા જીવ્યું લેખે, જીવન કવિ આર્યો નકિ તદા. ૫

---

૧ વિશેષે કરીને જુવાનીની મોજશોખ અને હાસ્યવિલાસમાં નિમગ્ન થયેલા તરૂણોને વૃદ્ધ પુરૂષનું આવવું અકારૂં લાગે છે, અને "કઈ ઘડિયે આ ટકટક કરતો બુઢ્ઢો રવાને થાય તો ઠીક." એમ ઈચ્છે છે. તેના કારણ વિષે અમે એવા અનુમાનપર આવિયે છિયે કે-ઘણાક જુવાનિયાઓ અનુભવની સૂક્ષ્મ વાતોના ભેદ મેળવવાને નાલાયક હોય છે; તેમ ઘણાક બુઢ્ઢાઓને દેશકાળની સ્થિતિ સમજ્યા વગર પોતાનું ડહાપણ બતાવવાને ટાયલું કરવાની ટેવ હોય છે.

૨ બ્રાહ્મણ. એથી માત્ર બ્રાહ્મણને ત્યાં જન્મેલો એવો અર્થ ન સમજવો, પણ વેદાદિ ભણેલો વિદ્વાન એમ સમજવું.

## કોણ આતિથ્યને યોગ્ય નથી?

### દોહરા.

વૈદ્ય,[1] વિનાશક શસ્ત્રનો–ઘડનારો જન જેહ;
શીળભ્રષ્ટ[3] ને ચોર[4] નર, ક્રૂર,[5] મદ્યપી,[6] એહ. ૬
સેનાજીવી[7] સૃષ્ટિમાં, ગર્ભઘાતી[8] જે હોય;
વેચનાર[9] વળિ વેદનો, એ નવમાંથી કોય.– ૭
જળને પણ લાયક નથી, જો કે કોઈ પ્રકાર;
તોપણ આવે ગૃ'સ્થ ઘર, પ્રિય ગણવા તે વાર. ૮

### ચોપાઈ.

લૂણ અને રાંધેલું અન્ન, દૂધ, દહીં, મધ ત્યમ રાજંન!
ઘૃત, તલ, તેલ, માંસ, ફળ, મૂળ, લીલોતરી, લાલ પટકળ.– ૯
સુગંધિયુક્ત પદારથ સાર, ગોળ તેમ સમજો નિરધાર;
એ સૌ વસ્તુ ધારિ ઉપયોગ, ગૃહુસ્થને નહિ વેચ્યાજોગ. ૧૦

## આતથી કોને કહેવો?

પત્થર, મૃતિકા[1] અને સુવર્ણ, ગણે સમાન સર્વને ધર્ણ;[2]
ક્રોધ શોકથી હોય રહીત, કલેશ, સલાહ રહિત વિણભીત[3]:–૧૧
સ્તુતિ નિંદા કરવામાં જેહ, વિરામ પામેલો જન તેહ;
શુભ ને અશુભ બંનેનો ત્યાગી, ઉદાસીન અતિથી બડભાગી. ૧૨

### હરિગીત.

ખડ ધાન્ય[4] ને ભાજીપરે ગુજરાન કરતા જે દિસે,

---

૬ દારૂડીયો. ૭ લશ્કરી સિપાઇ. આમાં કહેલા નવ જણ પોતાના ગુણ તથા સ્વભાવ પ્રમાણે પરોણાગત મેળવવાને યોગ્ય તો નથીજ, તથાપિ તે માહેલો કોઈ જણ ગૃહુસ્થને ઘેર આવી ચડે તો તેનો યોગ્ય સત્કાર કરવો. કેમકે દુશ્મન પણ પોતાને ઘેર આવે તો તેને યોગ્ય માન આપવું એ ગૃહુસ્થાશ્રમનો ધર્મ છે.

૧ માટી. ૨ પૃથ્વીમાં. ૩ ભીતિ–બીકવિના–નિર્ભય. ૪ સામો; શા. જમરી, ઇત્યાદિ ખડ ધાન્ય.

†મનસંયમી શુભ રીત, તત્પર અગ્નિહોત્રાદિક વિષે;
વનવાસિ આપ, અતિથિની સંભાળ લેનારા મુદા,[1]
કરનાર પુણ્ય સુકર્મના, અતિથી તપસ્વી તે સદા. ૧૩

દોહરા.

બુરૂં કરી બુધિમાનનું, "હું છેટો છું" ખાસ;
એમ નહિં અંતર વિષે, ધરો કદી વિશ્વાસ. ૧૪
કાંકે બુદ્ધિમાનના, કર[2] બહુ લાંબા હોય.
તેથી તે અપકારિને,[3] હણે નિસંશય સોય. ૧૫

## કરવા યોગ્ય શું ? અને ન કરવા યોગ્ય શું ?

રોળાજાતિ.

અણ વિશ્વાસુતણો, કદી વિશ્વાસ ન કરવો,
વિશ્વાસુ જનનોય, અતિ વિશ્વાસ ન ધરવો;
કારણકે વિશ્વાસ-વડે ઉપજેલું જે ભય,
જીવન આ જગમધ્ય, કરે છે મૅળનો પણ ક્ષય. ૧૬
કરવોં ન ઈર્ષા કોનોં, કરવું સ્ત્રી કેરૂં રક્ષણ,
સમ કરવા સુવિભાગ, બોલવું પ્રિય વિચિક્ષણ;
ધરવોં નમ્રતા સદા, મધુર સુખ બોલવોં વાણી,
સ્ત્રિયોતણો વિશ્વાસ, કદી કરવો નહિ જાણી. ૧૭

ઉપજાતિ વૃત્ત

પવિત્ર ને પૂજ્ય સુ ભાગ્યશાળી, શોભા દિયે ગેહ[4]વિષે રસાળી;
એવી સ્ત્રિયો ગેહરમા* ગણાય, પ્રયત્નથી રક્ષવોં તે સદાય. ૧૮

દોહરા.

અંતઃપુર પર રાખવા, નિજ પિતુને નિરધાર;
ભોજનગૃહપર માતને, ધરિ દિલ પૂરણ પ્યાર. ૧૯

---

† મનને વશ રાખનાર. ૧ ખુશી-આનંદથી. ૨ હાથ-આ જગોએ પકડવાની શક્તિ એ ભાવાર્થ લેવો. ૩ બુરૂં કરનાર. ૪ ગેહ-ઘર * ઘરની લક્ષ્મી.

નિજ સમાનને આપવો, પશુ ઉપર અધિકાર;
કૃષિ[1] કરવા પંડે જવું, સમજી સૂક્ષ્મ વિચાર. ૨૦
સેવક જનને સોંપવો, બજારનો વ્યાપાર;
કરાવવી નિજ સુતથકી, બ્રાહ્મણસેવા[2] સાર. ૨૧

## જેનું જે કારણ તેમાં તે લય પામે.

### ચોપાઇ.

જળમાંથી અગ્નિ ઉપજાય, લોઢું પત્થરમાંથી થાય;
તેજ તેમનું વ્યાપક સર્વ, કારણમાં લય થાય અગર્વ.—૨૨
સદ્‌ગુણો તેજસ્વી કુળવાન, ક્ષમાવંત પૂરણ મતિમાન;
ગુપ્ત કાષ્ટમાં અગ્નિ જેમ, પાંડવ રાખે નિજ બળ તેમ. ૨૩

### દોહરા.

મંત્રિ, શત્રુ જાણે નહિ, જેના ગુપ્ત વિચાર;
ચાર§ વડે દિશિ ચારમાં, નજર કરે નિરધાર. ૨૪
કરવાનું જે કામ તે, જાણે પ્રથમ ન કોય;
તે નૃપતિ બહુ કાળ લગી, સ્વરાજ્યભુક્તા[3] હોય. ૨૫

## ગુપ્ત વિચાર કરવાનાં સ્થળ.

### ચોપાઈ.

ચઢી પર્વત ઉપર સ્થળ શાંત, કિંવા રહિ નિજ મહેલ એકાંત;
કે જઇ તૃણવિણ[4] વનમોઝાર, કરવો રાજન! ગુપ્ત વિચાર.૨૬
ધર્મ, અર્થનાં જરૂરી કામ, તેમ કરે રહી ગુપ્ત તમામ;
જે અતિ ગુપ્ત વિચારો હોય, શત્રુ ન જાણ્યા લાયક સોય.૨૭

---

૧ ખેતી, આ પરથી જણાયછે કે ખેતી એ કેટલી મહત્વની છે? કેમ કે જગતનો મુખ્ય અને ખરો આધાર ખેતીપર છે. ૨ બ્રાહ્મણસેવા પુત્રથી કરાવવી એટલે બાળપણથી તેના મનપર ધર્મવિષે સારી છાપ પડે. § જાસૂસ—ગુપ્ત બાતમી મેળવનાર રાજદૂત. ૩ પોતાના રાજ્યનો ભોગવનાર. ૪ ઝાડખીડ વિનાનું જંગલ. કેમકે ઝાડી હોય તો તેને ઓથે રહીને કોઈ તે ગુપ્ત વિચારો જાણવાને શક્તિમાન થાય—અર્થાત ખુલ્લા મેદાનમાં ગુપ્તવિચાર કરવો.

## પ્રધાનની પરીક્ષા.

### દોહરા.

મિત્ર છતાં પંડિત નહિ, પંડિત પરઆધીન[1];
તેને સચિવ* ન નીમવો, કદી પરીક્ષાવિણ. ૨૮
કારણ કે નિજ અર્થ[2] ત્યમ, મંત્ર સુરક્ષણ કાજ;
સચીવપર આધાર છે, સમજો તે કુરૂરાજ! ૨૯
ધર્મ, અર્થ ને કામનાં, જેનાં કાર્ય તમામ;
પરિણામે જ જણાય તે, ઉત્તમ નૃપ મતિધામ. ૩૦
જે નૃપ મૂરખતાવડે, કરે અશુભ કૃત કોય;
તે તેના પરિણામથી, જીવનભ્રષ્ટ[3] જ હોય. ૩૧

## કૃત્ય એજ સુખ દુઃખનું કારણ છે.

ઉત્તમ કામ કર્યાથકી, થાય સદા સુખ સાર;
અધમ કાર્યથી ઉપજે, પશ્ચાતાપ અપાર. ૩૨
વેદ ભણ્યાવિણ વિપ્ર જ્યમ, શ્રાદ્ધયોગ્ય નવ હોય;
ત્યમ ષટગુણ[4] જાણ્યા વિના, મંત્ર જોગ જન નો'ય. ૩૩

## પૃથ્વી કયા રાજાને આધીન રહે છે?

### દોહરા.

રક્ષણ, વૃદ્ધિ, નાશનો, જાણનાર નૃપ જેહ;
સંધિ[5] આદિક ષટગુણો-તણો પરીક્ષક તેહ. ૩૪

---

૧ રાજાનો માનીતો કિંવા મિત્ર હોય, પણ તે અવિદ્વાન હોય તો તે કારભાર કરવાને યોગ્ય નથી, તેમ વિદ્વાન હોય પણ બીજા કોઇ માણસને કિંવા સ્વભાવને અથવા વ્યસનાદિકને આધીન હોય તો તે પણ કારભાર કરવાને નાલાયક છે. * મંત્રી-પ્રધાન ૨ અર્થ-દ્રવ્ય. ૩ જીવન ભ્રષ્ટ થાય, જીવથી જાય-માર્યો જાય. ૪ જુવો પૃષ્ટ ૮ છંદ ૫૦ માનીનોટ(૧) સંધિ, (૨) વિગ્રહ, (૩) યાન, (૪) આસન. (૫) સંશ્રય અને (૬) દ્વૈધીભાવ. એ છ જે રાજનીતિના મુખ્ય ગુણ છે તે. ૫ જુઓ ઉપલા અંક ૩૩ માના દોહરાની નોટ.

તિરસ્કાર કરવાતણો, ધરે સ્વભાવ કદી ન;
તે નૃપતિને સર્વદા, રહે મહી આધીન. ૩૫
ક્રોધ, હર્ષ જે નૃપતિના, હોય સદા ફળવંત;[1]
કરી કૃત તેની સર્વદા, ધરે તપાસજ અંત. ૩૬
દ્રવ્ય ખજાના આદિની, પંડે કરે તપાસ;
તે નૃપતિને ભૂમિ આ, આપે ધન શુભ આશ. ૩૭
નરપતિએ નિજ નામ ને, છત્રે ખુશ રે'વું જ;
સેવકને ધન આપવું, સર્વહારિ[2] ન થવું જ. ૩૮

## કોણ કોને ઓળખે ?

વિપ્ર વિપ્રને ઓળખે, પતિ પત્નિને એમ;
નૃપ પ્રધાનને ઓળખે, નૃપ નૃપતિને તેમ. ૩૯

## શત્રુને મૂકવો નહિ.

### સવૈયા-એકત્રીસા.

હણવા લાયક નિજ શત્રુને છોડવો ન[3] આવે સ્વાધીન,

---

૧ જુઓ પૃષ્ઠ પૃ. ૨૪ માના અંક ૨૫ માની ગીતિની નોટ. વળી ચાણાક્યનીતિમાં કહ્યું છે કે-

" यस्मिन् रुष्टे भयं नास्ति, तुष्टे नैव धनागमः

निग्रहोऽनुग्रहो नास्ति, सरुष्टः किं करिष्यति "?

જેના ક્રોધથી ભય નથી, તેમ હર્ષથી કશી દ્રવ્ય પ્રાપ્તી નથી; જે બંધન કિંવા ઉપકાર કરી શકતો નથી, તે ક્રોધે ભરાય તોપણ શું કરશે ? અર્થાત્ દરેક માણસના તેમાં પણ વિશેષે કરી સત્તાધારી માણસ ( રાજા વગેરે )ના ક્રોધ હર્ષ હમેશા ફળવંત-સાર્થકજ જોઇએ. ૨ બધું લઇ લેનાર, રાજાએ એવા ન થવું, પણ પોતાના નામ (કીર્ત્તિ) અને છત્રથીજ ખુશી રહેવું, પણ અંત્યલોભી ન થવું.

૩ આ વિષયમાં હિંદી રાજનીતિકાર દેવીદાસ કહેછે કે—

" बसुधाके बीच जो विजय चाहे देवीदास,

ताकों बैरी व्शाधिनकों, छोटे नहि गिनियें."

કારણ કે રહિ અલગ શત્રુ જન સેવા કરિ કાઢે નિજ દિન;
અંતે થઇ બળવાન પછીથી મારે નિજ શત્રુને ખાસ,
માટે જો મારે નહિ તેને (તો) અલ્પકાળ ભય આવે પાસ. ૪૦

### દોહરો.

દેવ, નૃપતિ, બ્રાહ્મણ તથા, દુખિ, બાળક ને વૃદ્ધ;
તેપર ક્રોધ કરો નહિ, યત્ન થકી રહિ સિદ્ધ. ૪૧

## સુખનાં સાધન.

### ગીતિ.

મૂર્ખ જને સેવેલા, વ્યર્થ કલહનો જરૂર કરી ત્યાગ;
બુધજન કીર્ત્તિ લહેછે, થાય દુખી નહિ કદી મહાભાગ્ય. ૪૨
ક્રોધ નિરર્થક જેનો, કૃપા નિરર્થક* બને વળી તેમ;
જે નૃપ પ્રજા ન ઇચ્છે, વ્યંડળને નવ ચહે વધૂ જેમ. ૪૩

---

* જુઓ પ્રકરણ ૨ જું, પૃષ્ટ ૨૪, છંદ ૨૫ માની સવિસ્તર નોટ. ખરેખર રાજાનું રાજાપણું કૃપા અને ક્રોધની સફળતામાં જ સમાયલું છે, અને તે આપણે અનેક ઐતિહાસિક દાખલાઓથી જાણ્યું છે. આ મૂળ રાજનીતિ કર્ત્તા, એ નિયમનું એકથી વધારે વાર પ્રતિપાદન કરેછે. તેથી પણ તેની વિશેષતા જણાય છે. આ વિષે હું પૃષ્ઠ ૨૪ મે વિસ્તારથી લખી ગયે છું. રાજાઓના કોપના પરિણામો તો ઈતિહાસોમાં અનેક સ્થળે ઝાહેર છે, તેમજ કૃપાનાં પણ પુષ્કળ દૃષ્ટાંતો છે. પશ્ચિમના એક પાદશાહને મહાન્ સિકંદરની પેઠે એવો નિયમ હતો કે-તે જેના પ્રત્યે પ્રસન્ન થાય ને શાબાશીનો શબ્દ બોલે તેને અમુક રકમની દ્રવ્યની થેલી ઈનામ મળવી જ જોઇએ; તેટલામાટે એક દ્રવ્યાધિકારી હમેશા તેની સમિપમાં હાજર રહેતો. એકવાર એક મહાન્ ગ્રંથકાર એક શ્રેષ્ટ ગ્રંથ લખી લાવ્યો, અને તેણે પાદશાહને મળવાની તથા તે ગ્રંથ અર્પણ કરવાની ખાયસ બતાવી. તેથી મુકરર કરેલે વખતે તેની મુલાકાત કરાવવામાં આવી. પાદશાહે પંડે, તે ગ્રંથ વાંચી જવાની તે ગ્રંથકારને ફરમાસ કરી, ત્યારે તેણે મંગળાચરણનું એક વાકય વાંચ્યું. પાદશાહે કહ્યું—"શાબાશ!" એટલે ખજાનચીએ તે ગ્રંથકાર પાસે એક થેલી દ્રવ્યની મૂકી; ફરી બીજું એક વાકય વાંચ્યું, તેમાં પણ એમજ પ્રમાણે બન્યું, એમ તેણે એક પાનું વાંચી પૂરૂં કર્યું, ત્યાંસૂધી દરેક વાકયે વાકયે તેને ઈનામ મળતું ગયું; તેથી ખજાચી ગભરાયો, અને તેણે પાદશાહને અરજ કરી કે "ખુદાવિંદ! મારી થોડી અરજ છે, કે આ

બુદ્ધિ ધન નવ આપે, મૂર્ખપણું નહિ[1] દરિદ્રતા આપે;
પણ નિજ કરેલ કૃતનાં, પરલોકે ફળ લહેજ બુધ[2] આપે.૪૪

દોહરો.

તે સંબંધિની વાતને, જાણે જન ધીમંત;
મૂર્ખ ન જાણે કોઈ દિન, શુભ કે અશુભજ અંત.[3] ૪૫

ગીતિ.

વિદ્યા, સ્વભાવ, બુદ્ધિ, વય, ધન, જાતિ વિષે અતિ શ્રેષ્ઠ;
એવા જનનું કરતા, અપમાનજ અતિ મૂરખ જનો નેષ્ટ.૪૬

---

ગ્રંથકારને તેના પુસ્તક બદલ જે કંઈ ઈનામ આપવાનું હોય તેની અમુક રકમ ઉદ્ધડ મુકરર થવી જોઇએ. કેમકે આથી વારેવારે આપને તકલીફ થાયછે." પાદશાહે કહ્યું—"તમારી યુક્તિ હું સમજ્યો છું, પરંતુ આ ગ્રંથકારના ગ્રંથની અપૂર્વતા જોઇ સ્વાભાવિક રીતે પણ કૃપાના શબ્દો બોલાઇ જવાય છે. હવે આ ગ્રંથકારને તેની ઇચ્છા મુજબ વિશેપ દ્રવ્ય આપો, અને આ ઉત્તમ ગ્રંથ મને અર્પણ કરવાની હું ઘણી ખુશીની સાથે પરવાનગી આપું છું." પછી તે પ્રમાણે અમલ થયો. એ પ્રમાણે જે રાજાઓ પોતાની કૃપાની સફળતા દર્શાવેછે, તેજ જગતમાં સર્વોત્તમ એવી કીર્તિને સંપાદન કરેછે. જે માણસ તરફ રાજાની અમૃતદૃષ્ટી થઇ, તે છતાં તેનું દારિદ્ર ન ગયું, તો પછી તે રાજા શાનો? તેમ જેના પ્રત્યે રાજાની અવકૃપા થઈ તે માણસ સુખચેનમાં મહાલે! તોપણ તે રાજા શાનો?

"राजा कालस्य कारणम्."

અર્થાત્ જે પોતાનો સમય (જમાનો) પોતાની ઈચ્છાનુસાર વર્તાવી શકે છે તેજ રાજા.

૧ સર્વ સ્થળે બુદ્ધિશાળી માણસોજ પૈસો મેળવેછે, એમ બનતું નથી; તેમ મૂર્ખ લોકો સર્વત્ર નિર્ધન હોય છે, એમ પણ હોતું નથી. જગતમાં કયાંક અતિ મૂર્ખાઓને અતિ ધનાઢ્ય અને અતિ ડાહ્યાઓને અતિ દરિદ્રી પણ જોઇએ છિએ! એક પ્રસિદ્ધ પુરૂપ એમ કહેતો કે—"જગતની અવનવી માયામાં કયાંક અતિ ઉંચા પાણીદાર અરબી ઘોડાઓપર ગધેડાઓ સવાર થયેલા દેખાયછે!!!" સંપત્તિ વિશ્વના વિલક્ષણ સંજોગોને આધીન છે. સારી બુદ્ધિ રાખનારને સારૂં ફળ મોડુંવહેલું મળેજ, પણ કેટલીકવાર તેથી ઉલટા બનાવો જોઇ સાધારણ બુદ્ધિના માણસો મુંઝાય છે, અને ધીમંતો તેનું કારણ શોધે છે. ૨ પંડિત જન. ૩ હરેક કર્મનાં ફળ પાકયા પછી મનુષ્યને પ્રાપ્ત થાય છે, પણ તત્કાળ મળતાં નથી. કોઇ અન્યાયે વર્ત્તી ચાર દિવસ સુખ મેળવતો હોય તે જોવાનું નથી, પણ તેવા માણસોનો પોતાનો અંત અને તેના વંશની સ્થિતિ તપાસશો તો તેથી ખરી વાતની સમજણ પડશે.

### સવૈયા-એકત્રીસા.

હોય નઠારાં આચરણો વળિ મૂરખ ઈર્ષાળુ જન હોય,
ધર્મભ્રષ્ટ ને કઠોર વાણી કે'નારો, ક્રોધી જન કોય;
એવા જનપર આવી પડેછે દુઃખ આ જગમાં જરૂર અપાર;
માટે મતિમાને તે તજવા સમજી નીતિકેરો સાર. ૪૭

### સદ્વર્તનથી શત્રુ પણ મિત્ર થાય.

છેતરેજ નહિ કોને ક્યારે, પાત્ર જાણિને દે વળિ દાન,
નિજકૃત× મર્યાદાને પાળે, મધુરવાણિ બોલે મતિમાન;
એ રીતે વર્ત્તે જો જન તો શુત્રુએ બનિ મિત્ર સમાન,
જીવન વૈરવૃત્તિને ત્યાગે, એ ઉત્તમ નીતિ રાજાન! ૪૮

### નારાચ વૃત્ત.

કરે ન વાદ કોઈથી, ચતુરતાં ધરે સદા,
કૃતજ્ઞ,[1] બુદ્ધિશાળીને કઠોર[2] ના બને કદા;
કદાપિ દ્રવ્યકોષ[3] નાશ પામિયો નકી હશે,
તથાપિ મિત્ર, ભૃત્ય ભૂપ,[4], મેળવી સુખી થશે. ૪૯

### દોહરો.

શમ,[5] દમ,[6] ધૈર્ય, પવિત્રતા, દયા, સુકોમળ વાણ;
મિત્રસંપ એ સાત છે, ધન ઉત્તેજક[7] જાણ. ૫૦

---

× પોતાની કરેલી-બાંધેલી-મર્યાદા. કાયદા, નિયમો ઇત્યાદિનું પોતે ક્યારે પણ ઉલ્લંઘન ન કરવું. ૧ કરેલા ઉપકારને જાણીને તેનો ઉત્તમ બદલો આપનાર તે કૃતજ્ઞ-કૃત્યને જાણનાર. ૨ જેનું મન કઠણછે એવો-નિર્દય. ૩ ખજાનો. ૪ એવા રાજસામગ્રીથી ભ્રષ્ટ થયેલા રાજામાં પણ ઉપલા ગુણો હોય તો તે ફરીથી મિત્ર, નોકર, રાજ્ય આદિ સામગ્રીને મેળવે છે. ૫ મનને નિયમમાં રાખવું તે. ૬ ઇંદ્રિયોને નિયમમાં રાખવી તે. ૭ લક્ષ્મી-પૈસો-તેને ઉત્તેજન આપનારી.

## ત્યાગવા યોગ્ય રાજા કયો?

### મોતીદામ વૃત્ત.

વિભાગ જ યોગ્ય કર્યાવિણુ રાય,
બધું ધન ખાય કૃતઘ્ની[1] સહાય;
વળી નૃપ નિર્લજ, દુર્જન હોય,
સદા તજવા જગ લાયક સોય. ૫૧

### દોહરા.

અવગુણિ જન નિર્દોષને, કોપાવે જો ભ્રાત !
(તો) સસર્પગૃહ[2] જયમ અવગુણી, સુખે સુવે નહિ રાત. ૫૨

## કોને રાજી રાખવો?

### હરિગીત.

જે જનતણા ક્રોધે કરી આ જગતમાંહે નરપતિ !
ધન મેળવ્યામાં તેમ તેને રક્ષવામાંહે અતિ;
હરકત પડે હર રીત તેને દેવપેરે સર્વદા,
જીવન જ ઉત્તમ યત્નથી, અતિ રાખવો નિશ્ચય મુદા.[3] ૫૩

### દોહરો.

સ્ત્રી ને મદ-ઉન્મત્ત નર, પાપી, દુર્જન હોય;
તેને સોંપ્યું દ્રવ્ય તે, ફરિ ન મળે દિન કોય.[4] ૫૪

### ગીતિ.

અબળા પ્રબળ જહાં છે, બાળક રાજા ધુરત[5] પ્રબળ હોય;

---

૧ કૃતઘ્ની-કરેલા ઉપકારને ન જાણીને તેનો બદલો ઉલટો અપકારથી વાળનાર તે કૃતઘ્ની-કૃત્યને હણનાર. ૨ જેમાં સર્પનો વાસ હોય એવું ઘર. એવા ઘરમાં રહેનારને રાત્રે નિદ્રા આવતી નથી, અને તે હમેશા ધાસ્તીમાં રહેછે. તેમ નિર્દોષને છેડનાર પણ હમેશાઃ બીકમાં રહેછે. ૩ ખુશી. તાત્પર્ય કે એવા માણસને હમેશા પ્રસંન રાખવો. ૪ અર્થાત્ નીચ માણસોના હાથમાં દ્રવ્ય આપવું નહિ, નહિતો તે પાછું ન મળે. ૫ ધુતારા-ધૂર્ત. આવાજ ભાવાર્થની એક પ્રસ્તાવિક સંસ્કૃત ગીતિ છેઃ-

ત્યાં પરવશ થઇ લોકો, પત્થર-નૌકા[1] રીતે ડૂબે સોય. ૫૫

## પંડિત કોણ ?

### સવૈયા-એકત્રીસા.

હે ! ભારત ! જે લોકો જગમાં ઉપયોગી વિષયે[2] દે ચિત્ત,
વિશેષ નિર-ઉપયોગી વિષયે, કદી પડે નહિ જેહ ખચીત;
તેને હું પંડિત સમજું છું, નિશ્ચય પૂર્વક જગમોઝાર,
અન્ય સમજવા સંસારી નર, ફોકટિયા નરપતિ ! નિરધાર. ૫૬

---

"अबला यत्र प्रबला, बालो राजा निर्क्षरो मंत्री;
नहिं नहिं तत्र धनाशा, जीवित आशापि दुर्लभा भवति."

આને મળતા ભાવાર્થની એક જૂદીજ ગૂજરાતી **ગીતિ** નીચે પ્રમાણે છે:—
"મૂરખ જ્યાં માનીતા, રાજા કાયર સદ્વેષ મંત્રી જ્યાં;
નહિ કદિ ત્યાં ધનઆશા, જીવિતઆશા પણ દુરલભ છે ત્યાં."

૧ પત્થરનું વહાણ-તેમાં બેઠેલા લોકો જેમ નિશ્ચય ડૂબી મરેછે, તેમ એવા રાજ્યના લોકો પણ નકી વિનાશને પામેછે.

૨ આ વિષે "ટેલીમેકસ્"નો વિદ્વાન કર્તા નીચે પ્રમાણે વચનો મેન્ટોરદ્વારા કહેછે:—

"રાજ્યનું ખરૂં બળ અને ખરૂં ધન સંખ્યાબંધ લોકો અને પુષ્કળ ખોરાકમાં રહેલું છે અને હાલ ઈડોમિનિયસનો આખો મુલક અસંખ્ય પ્રજાવડે છવાઈ રહ્યોછે, તે મુલકને લોકો અવિરત ઉદ્યોગ અને ખંતથી ખેડેછે. જેનું મધ્યબિન્દુ સેલેન્ટમ છે, એવા એક શહેર તરીકે તેનાં સઘળાં રાજ્યો ગણી શકાય તેમ છે, કેમકે જે લોકોની ખેતરોમાં જરૂર હતી, અને શહેરમાં જોઇયે તે કરતાં વધારે ભરતી હતી, તે લોકોને અમે શહેરમાંથી ખસેડીને ખેતરોમાં વસાવ્યા છે. અમે ઘણા પરદેશીઓને પણ આ રાજ્યમાં દાખલ કર્યાછે; અને ખેડનાર લોકોની સંખ્યાના પ્રમાણમાં હમેશ જમીનની ઉપજ થશે, તેથી કરીને આ શાંત અને સુલેહભરેલો પ્રજા-સમુદાય તે એક નવું રાજ્ય જીતવા કરતાં પણ ઘણો વધારે કિંમતી લાભકારક છે. જેથી ગરીબ માણસો ખેતીવડે નિર્વાહની જરૂરિયાતો પ્રાપ્ત કરવાથી વિમુખ થાયછે, અને જેથી શ્રીમંતોને મોજશોખ અને ગર્વની અડફાઉ ચીજો પૂરી પડીને તેમનો બગાડો થાયછે, એવી કા-

**દોહરો.**

**ચારણ, વેશ્યા, કપટીજન, જેનાં કરે વખાણ;**
**તે ન જીવતો જાણવો, છે તે મૃતક સમાન.[1] ૫૭**

**રીગરીને અમે કાઢી મૂકીછે:** પણ નાગરિક કળાઓને, અને તેઓની કેળવણીને માટે ખરી સ્વાભાવિક શક્તિ ધરાવનારાઓને અમે કાંઇ પણ નુકસાન કર્યું નથી. તમે જ્યારે ઈડોમિનિસનો ભભકો વખાણતા હતા; ત્યારે તે જેટલો શક્તિમાન હતો, તેના કરતાં ઘણો વધારે શક્તિમાન હાલ તે આ પ્રમાણે થયોછે; તેનો તે ભભકો એવો મિથ્યા હતો કે તે આંખ્યને અંજાવી નાખીને, અલ્પ સમયમાં તેની પાદશાહીને ઊંધી વાળી દેત, એવાં નિર્બળતા અને સંકટને ઢાંકી રાખતો હતો. હવે તેને રૈયતની વધારે મોટી સંખ્યા છે, અને વધારે મોટી સહેલાઇથી તે તેમનો નિર્વાહ કરે છે: આ લોકો મહેનત અને શ્રમમાં ટેવાયલા હોવાથી અને જે રાજ્યની નીચે તેઓ વસે છે, તે રાજ્યના ડહાપણ ભરેલા ધારાઓ વડે **જીંદગાની આટેની મૂર્ખ અને હીચકારી આસક્તિથી દૂર રખાયલા હોવાથી, પોતાને હાથે ખેડેલા દેશના બચાવમાં રણક્ષેત્રમાં પગ રોપવાને માટે હુમેશ તૈયારના તૈયાર જ હોય છે;** અને જે સંસ્થાનનો તમે ક્ષય થતો ધારેછો, તે થોડાક વખતમાં હિસ્પિરિયાના આશ્ચર્યનો વિષય થઇ પડશે.”

(કવીશ્વર નગીનદાસ પુ. સંઘવીકૃત ભાષાંતર પૃ. ૬૦૪–૫.)

એ પ્રમાણે રાજ્યસત્તાની ફરજ છે કે, પ્રજાવર્ગને નિરૂપયોગી વિષયોથી દૂર રાખી ઉપયોગી વિષયોમાં યોજવા. જેથી એકંદર રાજાપ્રજા બંનેને વધારે મોટો લાભ થવાનો સંભવ છે. જેમ જેમ લોકો ખોટી મોજશોખની વસ્તુઓમાંથી મુક્ત થઈ ખરી જરૂરિયાતો તરફ વળતા જાય, તેમ તેમ દેશ વધારે આબાદ અને સુખી થાય, એ દેખીતુંજ છે.

૧ જે લોકો અપ્રમાણિકપણે પૈસો પેદા કરે છે, તે અયોગ્ય રીતે ખર્ચેછે અને જેઓ એવી રીતે પૈસો પેદા કરે છે, તેમાં તેમને ખરી મહેનત પડતી નથી, તેને લીધે તેમને અયોગ્ય રીતે ખર્ચતાં કિંવા કુપાત્રને આપતાં પણ ત્રાસ પડતો નથી. અર્થાત્ જેઓ પૈસાની ખરી કિંમતથી અજાણ હોય છે, તેઓજ વેશ્યાઓ અને કપટી ખુશામદખોરોને પોતાના દ્રવ્યના ભોગવનારા બનાવે છે. તેને માટે મૂળ નીતિકાર “જીવતે મુઆ” કહેછે તે સર્વાંશે યોગ્ય છે.

નાદિરશાહને તેના વજીરે કહ્યું કે–“આપણો અમુક પ્રાંતનો સૂબો (ગવર્નર) ઘણો શિરજોર થઈ ગયોછે, અને આપણો હુકમ પણ ઉઠાવતો નથી.

## તાત્પર્ય.

### ગીતિ.

પૂર્ણ પરાક્રમશાળી, મહત ધનુષના પ્રબળ સુ ધરનારા;
એવા પાંડવને તો, રજા દીધી છે તમે કરી ન્યારા. ૫૮
દુર્યોધનપર મૂકી, રાજ્યતણી ધુંસરી[1] તમેજ અરે!
માટે મહઐશ્વર્યે[2], બળી[3] થયો જ્યમ ત્રિલોક-ભ્રષ્ટ ખરે.-૫૯
ત્યમ ઐશ્વર્યમદેથી, મૂઢ બનેલો તનુજ[4] તમ હાલ;
અલ્પ સમયમાં જોશો, ભ્રષ્ટ થયેલો પદેથી[5] ભૂપાલ! ૬૦

અને જો વધારે વખત જશે તો તે ઘણો જબરજસ્ત થઇજશે, તો પછી તેને આપણે તાબે કરવો મુશ્કેલ પડશે." નાહિરશાહે પૂછ્યું કે "એવડી તેને શી મોટાઈ આવી છે?" વજીરે કહ્યું કે-"ખુદાવિંદ! તે તો કોઈને ગણકારતો નથી, અને રાતદિવસ નાચ, રંગ, ઈત્યાદિ મોજશોખમાં ગુલતાન છે." ત્યારે તે ડાહ્યા પાદશાહે કહ્યું કે—"મારા શાણા વજીર! તેને મારવાની કશી જરૂર નથી, કેમકે આપણા કરતાં વધારે મોટો દુશ્મન જે **મોજશોખ**-તે તો તેના ઘરમાં બેઠો છે, અને તે વડે તે ગરાયલોજ છે! એમ તને થોડા વખતમાં ખાત્રી થશે. એટલે આપણે તેને મારવાની કશી જરૂર નહિ પડે. માણસને મોજશોખથી વધારે મોટો દુશ્મન કોઇજ નથી, એમ હું માનુંછું. પ્રથમ માણસ ગરીબ હોયછે, ત્યારે ઉદ્યોગ કરે છે; ઉદ્યોગથી તેને દ્રવ્ય મળે છે, દ્રવ્યનો વધારે સંચય થવાથી તે મોજશોખ કરે છે અને મોજશોખથી તેની પડતી દશા આવે છે, તથા છેવટે તે નાશ પામે છે. આ દુનિયાની ઘટમાળ એમજ ચાલી જાય છે, તે દરેક બળવાન પ્રજાના ઇતિહાસો વાંચવાથી સ્પષ્ટ સમજાયછે."

૧ રાજ્યનો મુખ્ય કારભાર. ૨ મોટાઇનો અહંકાર. ૩ વામનજીથી છેતરાયલા અસુર રાજા બળીની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે. ૪ તમારો પુત્ર-દુર્યોધન. ૫ રાજપાટથી.

# પ્રકરણ ૭ મું.

**શૈલ વૃત્ત.**

ધૃતરાષ્ટ્ર—હિસે પૂતળી કાષ્ટકેરી વિદુર
પરોવેલી સૂત્રેથકી જે જરૂર;
ગણો સૂત્ર-આધીન તે તો સદાય,
કરે ના કૃતિ તે સ્વતંત્રે કદાયઃ—　　　૧

**સવૈયા-એકત્રીસા.**

કરેલ તેમ વિધાતાકેરો પુરૂષ સદા છે દૈવાધીન[1],
તેથી શુભ કે અશુભ ફળોને મેળવેજ રહિ પર-આધીન;
માટે આપ મને સંભળાવો, બોધ વચન ઉત્તમ, ગુણવંત!
ધૈર્યથકી તે હું સાંભળું છું, અમૃતસમ તમ વચન નિચંત.

**દોહરો.**

વિદુર—બૃહુસ્પતિ[2] પણ સમયવિણ, બોલે વચન નિદાન;
તો તે મૂર્ખ ગણાય ને, પામે અતિ અપમાન[3]. ૩

---

૧ ગયા પ્રકરણના અંતમાં વિદુરે જે સ્પષ્ટ વચન કહ્યાં છે કે-"ઐશ્વર્યના મદથી મૂઢ બનેલા તમારા પુત્ર-દુર્યોધનને તમે થોડા વખતમાં પદભ્રષ્ટ થયેલો જોશો." તેના ઉત્તરમાં આ અશક્ત થયેલો વૃદ્ધ અને અંધ રાજા દૈવનું પ્રબળ બતાવે છે, તે યોગ્ય છે. કેમકે તે જાણે છે કે વિદુરનું કહેવું કેવળ યોગ્ય અને ન્યાય પરાયણ છે તથા સર્વાંશે પાંડવો રાજ્યપદને યોગ્ય છે; પણ તેમ છતાં તેના પુત્રની 'ચંડાળ ચોકડી' (દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસન) પાસે (જાણવા છતાં) પણ તેનું કંઈ ચાલે તેમ નથી, એમ તે નિશ્ચયપૂર્વક જાણે છે. એવા અપહોંચિયા માણસોને માટે નશીબપર આધાર રાખવા સિવાય બીજો કંઈ ઈલાજ નથી. (આગળ જુવો પ્રકરણ ૮ માના છંદ ૪૩ માની નોટ.) ૨. દેવોના પુરોહિત—ગોર. બૃહસ્પતિને સર્વથી બુદ્ધિશાળી ગણેલા છે. ૩. તમે જ્યારે દૈવને આધીન સર્વ મની બેઠલા છો, ત્યારે મારો ઉપદેશ તમારા માટે વ્યર્થ છે, અર્થાત્ મારાં વચનો માટે આ યોગ્ય સમય નથી, તથાપિ તમે પૂછોછો ત્યારે જે ખરી રીતે તમને મારે કહેવું યોગ્ય છે, અને તમારે જે કરવું યોગ્ય છે, તે હું મારી ફરજ સમજીને કહુંછું-પણ તેનું કશું પરિણામ જોતો નથી.

## ખરો મિત્ર કોને સમજવો.

### છપય.

કોઇક મિત્રો થાય, વસ્તુ કાંઇક આપેથી;
કોઇક મિત્રો થાય, મધુર ભાષણ ઉચરેથી;
કોઇક મિત્રો થાય, ગુપ્ત વિચાર[1]-બળેથી;
કોઇક મિત્રો થાય, સંબંધીનું[2] બળ તેથી;
પણ જીવન જગમાં જાણવો, મિત્ર તેજ મન્મિત્ર છે;
વિણુ સ્વારથ[3] સત્ય સુ સ્નેહ ને, અંતર પૂર્ણ પવિત્ર છે. ૪

### દોહરો.

શત્રુ જન જે હોય તે, થાય ન કદી સુમિત્ર;
પંડિત કે બુધિમાન ત્યમ, જણાય તે ન વિચિત્ર. ૫

### ગીતિ.

મિત્ર કરે જે કામો, જણાય તે શુભ જરૂર અનુરાગે;‡
શત્રુ કરે જે કામો, જનને તે તો અશુભ નકી લાગે. ૬

### સવૈયા-એકત્રીસા.

દુર્યોધનના જન્મ સમય મેં કહ્યું હતું તમને જ નરેશ !
"ત્યાગ કરો એકજ દુર્યોધન, એ સુતથી નહિ નિપજે બેશ;

---

૧. કેટલાક માણસોને પોતાના ગુપ્ત વિચાર જણાવવાની તથા બીજાના ગુપ્ત વિચાર જાણવાની ટેવ હોયછે, તેથી પણ ઘણાક જણ મિત્ર થાય છે.

૨. કોઇક આપણા સંબંધી થતા હોય તેથી તેમનો સ્નેહનાતાને હક ગણાય છે.

૩. સ્વાર્થ.

‡ અનુરાગ=પ્રીતિ. જે મનુષ્યમાં જેને પ્રીતિ હોયછે, તે માણસના અવગુણ પણ તેને સારા લાગેછે. કવિ વૃંદ કહે છે કેઃ—

"रागी अवगुन ना गिने, यही जगतकी चाल;
देखो सबहीं श्यामकों, कहत ग्वाल सब लाल !"

તેનો ત્યાગ કરેથી ભૂપતિ સો પુત્રોમાં વૃદ્ધિ થશેજ
તથા કરે સ્વીકાર તેહનો શત[1] પુત્રોની હાણિ હશેજ." ૭

## કોઇક ઘટાડો પણ ઉત્તમ!

### દોહરો.

નાશ કરાવે બુદ્ધિ તે, ગણવોં ન શુભ મતિમાન;
ક્ષય પણ જે વૃદ્ધિ કરે, તે ક્ષય[2] ઉત્તમ જાણ.

### ગીતિ.

જે ક્ષય વૃદ્ધિ કરાવે, તે તો ક્ષય કદિ ગણાય નહિ રાય!
પણ ક્ષય તેને ગણવો, જેહ મળે બહુ વિનાશ તો થાય. ૯

### રોળાજાતિ.

કોઇક જન ગુણથકી, હોયછે સમૃદ્ધિવંતા,
કોઇક તો ધનથકી, ગણાય જ સમૃદ્ધિમંતા;
ધન સમૃદ્ધિયુત છતાં, હોય ગુણવાન ન જે જન,
ત્યાગ કરો તેતણો, નીતિ નિશ્ચય એ રાજન! ૧૦

### હરિગીત.

ધૃતરાષ્ટ્ર–હે! વિદુર! બોલોછો તમે હિતવચન શ્રેષ્ઠ ઠરેલ જે,
પરિણામમાં ફળ દે સુ વિદ્વાનોએ માન્ય કરેલ જે;
તોપણ નથી હું ઇચ્છતો સુત ત્યાગવા એ અનય[3] છે,
સમજું છું મનમાં સર્વ કે "જ્યાં ધર્મ છે ત્યાં વિજયછે." ૧૧

### દોહરો.

વિદુર–જે જન છે ગુણવાન ત્યમ, વિનયવાન સુવિચાર;
તે નથોં દેતો પ્રાણિને, કંઇપણ દુખ નિરધાર. ૧૨

---

૧. સો. (૧૦૦). ૨. ઘટાડો–નાશ. ૩ અ=નહિ+નય=ન્યાય–ન્યાય નહિ તે–અન્યાય.

## કુસંગતિ વિચાર.

### સવૈયા-એકત્રીસા.

પરનિંદા કરવામાં તત્પર, બીજાને દુખનો દેનાર,
એક બીજામાં કલહ કરાવા, પ્રયત્ન કરવે નિત હુશિયાર;
દર્શન કરતાં પાતક લાગે જે સાથે રહે બીક જણાય,
કામી, નિર્લજ અને ચાડિયા, શઠ એ પાપી સર્વ ગણાય. ૧૩

### દોહરા.

એ સૌ નિંદિત નરતણો, કરવો નહિ સહવાસ;
સંગદોષ તેથી થતાં, ઉપજે અંત વિનાશ. ૧૪
એ સિવાયના અન્ય[1] પણ, મહાદોષ જેમાંય,—
હોય તેહનો સંગ તો, કરવો નહિ કદાય. ૧૫
કાંકે સમાપ્ત મિત્રતા, એવા જનની થાય;
ત્યારે તેવા નીચનો, પ્રેમ નાશ થઇજાય. ૧૬
મૈત્રીનું સુખ તેમ ફળ, અટકયા પછિ તે નીચ;
દે અપવાદ સુમિત્રને, મથેજ કરવા મીંચ.[2] ૧૭
મૂઢ બુદ્ધિ ને ક્રૂર નર, નીચ સ્વભાવે ધાર;
એવા જનનું કો કરે, સહજ બુરૂં કો વાર.— ૧૮
તો તે નીચ નરો તદા, ધરે ન શાંતિ ચિત્ત;
કરવા બુરૂં અધીક તહીં, તત્પર[3] બને ખચીત. ૧૯
માટે વિદ્વાને નકી, તેની કરી તપાસ;
પછી કરવો તે નીચનો, દૂરથી કંઇ સહવાસ.[4] ૨૦

## જ્ઞાતી જનોપર દયા રાખવી.

### સવૈયા-એકત્રીસા.

દરિદ્રિ, આતુર, દીન અતિશય, નિજ જ્ઞાતીના જે જન કોય,

---

૧. બીજા પણ ૨ નાશ-મૃત્યુ ૩ તૈયાર. ૪ સંબંધ-કાર્ય પરત્વે જરૂર પડે તો દૂરથીજ એવા નીચનો સહજ સંબંધ કરવો, પણ નિકટ સહવાસમાં આવવું નહિ.

તે પર દયા કરેછે જે જન, તેને પુત્ર પશુ વૃદ્ધિ હોય;
વળી પામે કલ્યાણ અતિ તે, માટે જે ચહે નિજ કલ્યાણ,
તેણે તો નિજ જ્ઞાતી-જનને વધારવા ધરિ પ્રેમ નિદાન.૨૧

### ગીતિ.

નૃપ! તે માટે કુળમાં, કરો વધારો સુરીતથી આપ;
જ્ઞાતી-આદર કીધે, સુખ પામે જન તજી બધા તાપ.૨૨

### હરિગીત.

નિજ જ્ઞાતિના જન હોય ગુણહિણ-અવગુણી પૂરા કદા,
નૃપ! તોય કરવું તેમનું શુભ રીતથી પાલન સદા;
તો છે ગુણી પાંડવ પૂરા ઇચ્છે કૃપા ઉર તમતણી,
શામાટ તો કરતા નથી પાલન તમે નૃપશિરમણી!? ૨૩

### ગીતિ.

વીર[1] સુ પાંડુસુતને, આજિવિકા નિજ ચલાવવા કાજ;
કેટલાંએક લઘુ ગામો, આપો પ્રેમે સમર્થ મહારાજ! ૨૪
એ રીતે વર્ત્યાથી, નરેન્દ્ર! તમ યશ જગતમાંહીં થાશે;
વૃદ્ધ વળી છો તેથી, સુતનું[2] પાલન ઘટે કરવું પાસે.૨૫

### હરિગીત.

હું છું હિતેષી આપનો એમ જાણવું આપે નકી,
મારેય પણ કરવો ઘટે ઉપદેશ હિતનો તેથકી,
જે ક્ષેમ[3] ઇચ્છે પુરૂષ તેણે જ્ઞાતિની સાથે કદા,
નહિ કલહ કરવો તાત! પણ સુખ લેવું તે સંગે સદા.૨૬

### રોળાજાતિ.

જ્ઞાતી જનની સાથ, પ્રીતેથી ભોજન કરવું,
વાતચિત કરિ તેમ, પ્રેમિપણુ પૂરણ ધરવું;

---

૧. શૂરવીર-બહાદુર. ૨. પુત્રોનું-પાંડવોનું ૩ કલ્યાણ—પોતાનું ભ-
લું ચાહે તેણે.

કરવાં તેનાં કામ, કદાપિ કલહ ન કરવો,
એ રીતે નિજ જ્ઞાતિ-થકી વ્યવહાર જ ધરવો. ૨૭

## જ્ઞાતિ સાથે તરવું અને બૂડવું.

### દોહરો.

તારે જગમાં જ્ઞાતિ ત્યમ, ડૂબાડે પણ તેજ;
તારે અનુકુળ થાય તો, પ્રતિકુળ ડૂબાડેજ. ૨૮

### ગીતિ.

હે ! માનદ[1]! પાંડવ પ્રતિ, થાઓ અનુકુળ તમે સુ આ જ તકે;
તો તેમની મદદેથી, આપ પરાભવ કરી ન શત્રુ શકે. ૨૯

### ચોપાઈ.

જે શ્રીમંત જ્ઞાતિજન ઘેર, આવે જ્ઞાતિજન કો પેર;
તે જન જો દુખ પામે કોય, તો ગતિ મૃગ પારધિ સમ હોય. ૩૦
કરે પારધી-આશ્રય હર્ણ,[2] તે લહે પાપ કરી તે-મર્ણ;
તેમ શ્રીમંત જ્ઞાતિજન જેહ, પાપ લહે દુખી જનનું તેહ. ૩૧

## નીતિનાં સ્પષ્ટ વચન.

### ગીતિ.

પાંડવ તમ પુત્રોને, હણુશે નિશ્ચય લડાઇમાં તાત !
તે સુણિ પછિ પસ્તાશો, માટે પે'લી વિચારિ લ્યો વાત. ૩૨

### દોહરો.

ખેસી ખાટલે જે થકી, કરવો પડે ઉતાપ;
તે ન કરો કૃત પ્રથમથી, આયુષ ચંચળ આપ. ૩૩

### સવૈયા-એકત્રીસા.

શુક્રાચાર્ય[1] વિના જગમાં કો, નથી કરતો અન્યાય કદાય,-

---

૧. માન આપવાવાળા. ૨ હરણ.

૧ નીતિશાસ્ત્રના કર્તા અને અસુરો-દાનવોના પુરોહિત-ગોર કહેછે.

એમ સમજવું નહિ મન માંહે, કરે અનીતિ સર્વ સહાય;
માટે જેહ થયું તે વીત્યું, બાકી રહેલાનું આ સ્થાન,—
વિચાર કરવાતણું જ્ઞાન તો, બુદ્ધિમાનમાં હોય નિદાન. ૩૪

ચોપાઈ.

પાંડવને આપ્યું દુખ જેહ, દુર્યોધને પ્રથમ વણછેહ[2];
તેહ વડિલ છો કુળમાં આપ, માટે ઘટે મટાડવા તાપ. ૩૫

દોહરો.

પાંડવને બેસાડશો, રાજપદે મતિમાન!
તો [3]અઘરહિત થશો તમે, દેશે પંડિત માન. ૩૬

ગીતિ.

ધીરોના[4] હિતવચનો, સાંભળી નો વિચારિ પરિણામ;
કૃત-નિશ્ચયજ કરે તે, યશસ્વિ રહે બહુ સમય સુધી [5]શામ! ૩૭

સવૈયા-એકત્રીસા.

પંડિતોએ ઉપદેશ કરેલું,-જ્ઞાન જાણવા લાયક હોય,
તદપિ જાણવામાં નહિ આવે, જાણે ઉપયોગ ન લે કોય;
તો તે ઉપદેશેલું જ્ઞાને,-વ્યર્થ સમજવું હે! મહિપાળ!
માટે શોધી સુણી શુભ વચનો, ખપમાં તે લેવાં સૌ કાળ. ૩૮
અમુક કૃતે તો પરિણામે ફળ,-થશે નઠારૂં જાણી એમ,

---

કે એમણે શાપને વસથયેલી પોતાની પુત્રી દેવયાનીને ક્ષત્રિય સાથે પરણવાની રજા આપી હતી. નિયમ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિયની કન્યા પરણી શકેછે; પણ ક્ષત્રિય બ્રાહ્મણની કન્યા પરણી શકતો નથી, માટે કેટલાએકના મત પ્રમાણે એ અન્યાય ગણાય છે; અને કેટલાકોનું કહેવુંછે, કે એમાં શુક્રાચાર્યનો કશો દોષ નથી, એ તો શાપને લીધે થયેલુંછે. વળી એમ પણ કથા છે કે તેમણે પોતાની એજ પુત્રીના પતિ રાજા યયાતિને દેવયાનીની મરજી વિરૂદ્ધ કંઇ કરવાથી શાપ આપી વૃદ્ધ બનાવ્યો હતો, એ પણ તેનો અન્યાય ગણી શકાય. બીજો પ્રસિદ્ધ અન્યાય તેમણે બળી રાજાને, પોતાની પ્રતિજ્ઞા છાડી વામન-બ્રાહ્મણને દાન ન આપવા કહ્યું, તે છે. ૨ અથાગ-ઘણુંજ. ૩ અઘ-પાપ. ૪ ધીર પુરૂષોનાં—વિદ્વાનોનાં. ૫ સ્વામી.

આઇને નહિ કહિ તે કૃતને, સહેજ ઉન્નતિ તે નર તેમ;
પ્રથમ પાપનો ખ્યાલ કર્યાવિણુ, કર્યો જાય જે પાપ સહાય,
તે કુબુદ્ધિને યમના દૂતો,–નાંખે નર્ક ભયંકરગાંય. ૩૯

## ગુપ્ત વિચાર બહાર પડવાનાં છ દ્વાર.

### દોહરા.

મદિરા–મદ,[1] †નિદ્રા[2] તથા, દૂત–પરીક્ષા[3] ખાસ;
નિજ મુખ ચક્ષુ+ વિકાર[4] વળી, દુષ્ટમંત્રિ[5] વિશ્વાસ ૪૦
મૂર્ખ દૂત વિશ્વાસ[6] એ, સમજો સૂક્ષ્મ વિચાર;–
ગુપ્ત વિચાર ખુલ્યાતણા, દ્વાર છએ નિરધાર. ૪૧
સંપતિ–ચાહક ચતુર નર ! તે માટે ધરિ બુદ્ધિ;
રક્ષણ એ ષટનું કરો, રાખિ સુ પૂરણ શુદ્ધિ. ૪૨

### ગીતિ.

માટે એ ષટ દ્વારો, જાણીને પછિ કરી દિયે બંધ;
ધર્મ, અરથ ને કામજ, સેવે તે નર જીતે અરી–દ્વંધ. ૪૩
શાસ્ત્ર ભણ્યાવિણ તેમજ, વૃધજન સેવા કર્યા વગર નૃપતિ !
સુરગુરૂ[1] પણ નવ જાણે, ધર્મ, અરથની કદાય શ્રેષ્ટ ગતિ.૪૪

## કઇ વસ્તુઓ નાશપામી ગણાય.

### રોળાજાતિ.

પડયું સમુદ્રે જેહ, નાશ પામ્યું તે લેખો,

† ઘણા માણસોને નિદ્રામાં લવારો કરવાની ટેવ હોયછે. તેથી દિવસે ચિંતવેલાં કામ તે ઘણીવાર નિદ્રામાં બકી દેછે, તે પાસેના માણસો જાણી જાયછે. માટે ઘણા રાજ્યકીય પુરૂષો પોતાના સૂવાના સ્થાનમાં એકલાજ આરામ લેછે. બીજાને પાસે રાખતા નથી.

+ આંખો અને મોઢાના વિકાર–ફેરફાર–ચેષ્ટા ઉપરથી ચતુર માણસો મનના વિચાર જાણી શકેછે, માટે તેની પણ સંભાળ રાખવી.

૧ દેવતાઓના ગુરૂ–બૃહસ્પતિ. જ્યારે કોઈ માણસને અતિ ડાહ્યો–બુદ્ધિશાળી કહેવો હોય ત્યારે આર્ય રીતિ પ્રમાણે તેને બૃહસ્પતિની ઉપમા અપાય છે.

સુણે ન પ્રતિજન[1] જેહ, નાશ તે બોલ્યું દેખો;
ભણે મૂર્ખ જન જેહ, નાશ પામ્યું તે ધારો,
વિણ અગ્નિ હોમેલ,[2] વસ્તુ તે નાશ વિચારો. ૪૫

## મિત્રની પરીક્ષા કેમ કરવી?

### સવૈયા–એકત્રીસા.

બુધિમાને કરવીજ પરીક્ષા–બુદ્ધિ થકી જન કેરી સાર,
વળી બુદ્ધિથી તેની યોગ્યતા, વિચારવી ત્યમ વારંવાર;
કરવા શ્રવણ દોષગુણ તેના, જોવાં આચરણો શુભ રીત,
જીવન એમ બરાબર જાણી, પછી મૈત્રી કરવી ધરિ પ્રીત. ૪૬

## ( કોણ કોનો નાશ કરે. )

વિનય કરે છે નાશ અયશનો[3], કરે પરાક્રમ દુઃખ વિનાશ;
ક્ષમા કરે નિત નાશ કોપનો, સદાચાર અપલક્ષણ નાશઃ

## (કુળની પરીક્ષા શાથી થાય ?)

સેવા–સામગ્રી[1] ને જન્મજ[2], ઘર[3], આચરણ[4], સુ ભોજન રીત[5];–
[‡]વસ્રવડે[6] કુળ કેરિ પરીક્ષા, કરવી ત્યમ ધૃતરાષ્ટ્ર ! ખચીત. ૪૭
આવેલી સમિપે વસ્તુનો, મુમુક્ષુએ[+] નવ કરવો ત્યાગ;
તો અભિલાષાવંત[*] જનો ક્યમ, ના કહે તેની નૃપ મહાભાગ્ય !

---

૧ પ્રતિજન=સાગો માણસ–સાંભળનાર. ૨ અગ્નિમાં ઘી, તલ, ઇત્યાદિ વસ્તુઓ હોમવી એ આર્ય લોકોનો સનાતન ધર્મ છે, અને તે તેમની પાસેથી કેટલીક અન્યદેશીય પ્રજાઓએ ગ્રહણ કરેલ છે. જો અગ્નિ ન હોય–ઓલવાઇ ગયો હોય–તો તેમાં હોમેલું નાશપામ્યું અર્થાત્ વ્યર્થ ગયું સમજવું.

૩ અપજશ. ‡ એ છએ વડે કુળની પરીક્ષા થાય છે. અર્થાત્ જેના વડીલો કુળવાન કહેવાયા હોય તેજ માત્ર કુલીન નહિ, પણ જેનામાં આધુનિક સમયમાં પણ ઉપર પ્રમાણે ગુણો હોય તેને કુળવાન સમજવો. + મોક્ષ–મુક્તિની ઇચ્છા રાખનાર–જેણે સંસારની આશા, તૃષ્ણા, ઇત્યાદિ છાડી છે એવો. * આશાવાળો–ઉમેદવાર.

સેવ કરે વિદ્વાનો જેની, હોય ધર્મપ્રિય[1] ને વિદ્વાન;
મધુરભાષિ,[2] કૃપાળો, મિત્રસઃ[3] તેહુ સગો રક્ષો[4] મતિમાન! ૪૮

ગીતિ.

નીચ કિંવા શુભ કુળનો, કોઇ પણ જન રહે સુમર્યાદે;
તેને ઉત્તમ જાણો, કુળવાનોથી વિશેષ નૃપ આદે.[5] ૪૯

## મિત્રતાવિષે વિચાર.

દોહરા.

જે બે જણના મન તથા, મળે પરસ્પર બુદ્ધિ;
(તેની)નાશ ન પામે મિત્રતા, રહે અખંડ જ શુદ્ધિ ૫૦
તૃણથી ઢાંકયા કૂપસમ, વિદ્વાને મહિપાળ!
દુષ્ટ બુદ્ધિના મૂઢને, તજિ દેવા તત્કાળ. ૫૧
કાંકે મૈત્રી તે તણી, ટકે ન વખત વિશેષ;
સ્વારથ સંપૂરણ થતાં, (તે) નિપજે શત્રુ નરેશ! ૫૨

ગીતિ.

અભિમાની ને ક્રોધી, મૂરખ સાહસિક સ્વધર્મથી ભ્રષ્ટ;
વિદ્વાને તે સાથે, કરવી મૈત્રી કદી ન નૃપ ઇષ્ટ! ૫૩

હરિગીત.

બુધિશાળી ને ધાર્મિક જે સત્યવાદિ, ઉત્તમ જન દિસે,
દ્રઢ પ્રેમનો ધરનાર જીતેંદ્રિય છે જે જગ વિષે;
મર્યાદશીળ વિશેષ જાની મિત્ર જે સાચો સદા,
નહિ ત્યાગ કરવો તે તણો, જીવન સુ તનમનથી કદા. ૫૪

---

શબ્દાદિ[6] વિષયોમાં જતી, બાહ્ય ઇંદ્રિયો અટકાવવી;

---

૧ જેને ધર્મપ્રિય છે એવો. ૨ મીઠું-પ્રિય બોલનાર. ૩ મિત્રોવાળો. ૪ રક્ષા કરો-એવા સંબંધીની રક્ષા કરો. ૫ પહેલો.

૬ શબ્દ (બોલવું), સ્પર્શ, રૂપ (જોવું), રસ (ચાખવું), ને ગંધ (સૂંઘવું). એ પાંચ શબ્દાદિ-જ્ઞાનેંદ્રિયોના વિષય છે.

તે મોતથી પણ અધિક છે મુશ્કેલ તો વાતજ થવી.
એમ છૂટ આપી હોય ઇંદ્રિય સર્વને અતિ જો કદા,
દેવોતણો પણ નાશ તો નિશ્ચય કરે છે તે તદા. ૫૫

## આયુષ્યને વધારનાર વસ્તુઓ.

### ચોપાઈ.

સમદૃષ્ટી[૧] સૌપર નિરધાર, ત્યમ કોમળતા[૨] ક્ષમા[૩] વિચાર;
ધૈર્ય,[૪] મિત્ર-સત્કાર[૫] વિશેષ, બુધ કહે આયુષવધક બેશ. ૫૬

### દોહરા.

અન્યાયેથી વસ્તુ કો, કરેલ કોઇએ નાશ;
તે વસ્તુ દ્રઢ બુદ્ધિથી, કરિને પૂર્ણ પ્રયાસ.— ૫૭
ફરિ મેળવવાને ચહે, જે કો પુરૂષ પવિત્ર;
ઉત્તમ તેનું આચરણ, ગણાય જગમાં મિત્ર! ૫૮

### ચોપાઈ.

ભવિષ્ય-દુખનો લહે ઉપાય, રાખે દ્રઢનિશ્ચય દુખમાંય;
દુખ-અંતે જાણે કર્તવ્ય,[૧] બને ન ધનહિણ તે જન ભવ્ય. ૫૯

### ગીતિ.

મન, વાણી ને કર્મે, જેવાં કામો કરાય સહુ કાળે;
તેને વશ[૨] જન થાએ, માટે કરવાં સુકૃત્ય સંભાળે. ૬૦

## સુખકારક પદાર્થો.

### દોહરા.

દર્પણ, દહિ, દુર્વા[૩] તથા, પદાર્થ મંગળકારિ;
ગૌ આદિકનો સ્પર્શ ત્યમ, નહાયતા વર્ગો આરિ.— ૬૧

---

૧ ફરજ—કરવાનું તે. ૨ હમેશ સામાન્ય થતું અથવા પોતાથી કાંઈ કૃત્ય સારૂં કે નઠારૂં હોય તોપણ માણસ તેને વશ થઇ જાય છે, માટે નઠારાં કામથી દૂર રહેવું. ૩ એક જાતનું ઘાસ.

શાસ્ત્ર પઠન, ઉદ્યોગ ને, કોમળતા–વિણુ ગર્વ;
દર્શન મહત જનોતણું, એ) સુખકર વસ્તુ સર્વ. ૬૨
તત્પરતા ઉદ્યોગમાં, જો રાખે જન કોય;
લક્ષ્મી-લાભ, કલ્યાણનું, મૂળ જગતમાં હોય. ૬૩
જે રાખે ઉદ્યોગમાં, તત્પરતા નિરધાર;
મહત પુરૂષ[1] તે નીપજે, સહેજ સુખ અપાર. ૬૪

## પુરૂષને ક્ષમાજ કલ્યાણકારી છે.

### ઉપેન્દ્રવજ્રા વૃત્ત.

સમર્થને જેમ ક્ષમા સહાય, કલ્યાણકારી સહુ ઠામ રાય !
નથી બીજું તેમ કહાય કોય, કલ્યાણકારી હિતધામ હોય. ૬૫

### રોળાજાતિ.

અશક્ત જનને સદા, ક્ષમા ધરવી શુભ રીતે;
સમર્થને પણ ક્ષમા, ધરવી શુભ ધર્મજ પ્રીતે;
ઉદાસીન[2] જગમધ્ય, (જે) અશુભ શુભ સમાન ધારે,
તેણે પણ નિત ક્ષમા, સજવી હિતકાર વિચારે. ૬૬

### દોહરો.

જે સુખને સેવ્યા છતાં, ધર્મ, અર્થ ન તજાય;
તેને સેવવું જરૂર પણ, (તેમાં) લીન[3] ન થવું કહાય. ૬૭

---

૧ નિરંતર ઉદ્યોગ કરનારા જનોજ જગતમાં મહા પુરૂષો થયા છે, એમ જીવનચરિત્રે નાં પુસ્તકો વાંચ્યાથી જણાશે. કોઈ આળસુ માણસ મહાપુરૂષ થયો નથી.

૨ જેણે પ્રેમ અને દ્વેષ કિંવા મિત્ર અને શત્રુતા ઇ. માયિક ભાવો-નો ત્યાગ કર્યો છે તે ઉદાસીન પુરૂષ કહેવાય. ૩ સંસારના વિષયાદિ સુખોમાં આસક્ત ન થતાં હદમાં રહીને તેમનું સેવન કરવું, પણ કેવળ તેનામય ન થઈ જવું.

## લક્ષ્મી નિવાસ ઇત્યાદિ વિષે વિચાર.

**ચોપાઇ.**

દુ:ખારતિ ને પ્રમત્ત[૪] જંન, નાસ્તિક ને આળસુ રાજંન!
ઇંદ્રિયવશ, ઉત્સાહ રહિત, તેને મળે ન ધન કો રીત.૬૮

**દોહરા.**

સરળપણાથી સરળ જન, થાય વિનયિ શરમાળ;
કુબુદ્ધિ જન તેને ગણે, ગરીબ કે નિર્માલ. ૬૯

---

અતિ મોટાઈ ધરનાર જન, અતિ શૂરવીર નરેશ!
અતિ ડા'પણ–અભિમાનીં નર, અતિ વ્રતધારિ અશેષ. ૭૦
જાય ન તેમનીં પાસ કદિ, લક્ષ્મી ભય ધરિ ચિત્ત;
માટે અતિશય[૧] કાંઇ પણ, નૃપતિ! ન ગણો ઉચિત. ૭૧
લક્ષ્મી અતિ ગુણવાન પર, કરતી નથીં અતિ પ્રીત;
ગુણ રહિતપર તેમ અતિ, ધરે ન પ્રેમ ખચીત. ૭૨
લક્ષ્મી ગુણને નવ ચહે, જીવન અજબ અપ્રેમ;
અવગુણને અંગે વળી, પ્રેમ ધરે નહિ તેમ. ૭૩

**ગીતિ.**

ઉન્મત[૨] ગાયનીં પેઠે, અંધ થયેલી રમા જગતમાંહી;
જીવન કોકજ ઠામે, આશ્રય કરતી હિસે ચપળ ચાહી. ૭૪

---

**દોહરા.**

અગ્નિહોત્ર સઇ પાળવું, સદાચરણ શુદ્ધ પ્રીત;
એ છે શાસ્ત્રાભ્યાસનું, ફળ અતિ ઉત્તમ રીત. ૭૫

---

૧ ગાંડો. ૨. આર્ય નીતિગ્રંથોમાં "અતિ"થી અળગા રહેવાને ઘણી જગોએ ભલામણ કરવામાં આવી છે, કેમકે અતિ સર્વ નકામું છે. કચ્છના પ્રખ્યાત તત્ત્વવેત્તા રા. રા. સચ્ચિદાનાભાઇ નાનજીઆણીનું "ધર્મની સત્યતા" નામનું આખું પુસ્તક એજ પાયાપર રચાયલું છે. ૩ ગાંડી, ભડકેલી. ૪. લક્ષ્મી.

રતિસમાગમ પુત્ર એ, સ્રીનું ફળ નિરધાર;
દાન, ભોગ એ લક્ષ્મીનું, ફળ છે જગમોઝાર. ૭૬

### ઉપજાતિ વૃત્ત.

અધર્મથી મેળવી દ્રવ્ય પોતે, યજ્ઞાદિ કર્મે કદિ વાવરે તે;
અંતે ન તેનું ફળ કાંઇ પામે, અધર્મનાં મૂળ[1] વિશેષ જામે. ૭૭

## શૂરવીરનાં લક્ષણ.

### મોતીદામ વૃત્ત.

ભયંકર જંગલમાં કદિ હોય,
કિંવા વન કે સ્થળ દુર્ગમ સોય;
કદી ત્યમ આપત્તિ હોય અપાર,
અતિ ભયના સમયે નિરધાર:— ૭૮
ઉગામેલ શસ્ત્ર કદી શિર તેમ,
પરાક્રમી તે સમયે પણ એમ;—
ધરે નહિ બીક જરાપણ ઉર,
રહે શુભ હિંમતથી ભરપૂર. ૭૯

## વૈભવનું મૂળ.

### હરિગીત.

ઉત્સાહ, ઇંદ્રિયદમન, ડા'પણ, સાવધાની સર્વદા,
ત્યમ ધૈર્ય ને યાદાસ્ત, કામ તપાસિ આરંભે સદા;
એ સર્વ વસ્તુ વિશ્વમાં શુભ મૂળ વૈભવનું ગણો,
જીવન મળે સુખ સર્વદા, અહિં તેહ સૌ દુખને હણો. ૮૦

---

૧ કેટલાક મૂર્ખ લોકો કપટથી દ્રવ્ય મેળવી પછી તેમાંથી દશાંશ કે કંઈ ભાગ ધર્મને બહાને આપે છે, અને તેથી પાપ માફ થાય છે, એમ માને છે, તેમને આ વચનો સમજવા યોગ્ય છે.

દોહરો.

તપસ્વિનું બળ તપ સદા, જ્ઞાનીનું બળ વેદ;
હિંસા બળ છે નીચનું, ગુણિ-બળ ક્ષમા અભેદ.[1] ૮૧

## કઇ વસ્તુઓથી વ્રત ભંગ ન થાય?

ચોપાઈ.

યજ્ઞબળી[1] જળ,[2] ફળ[3] દૂધ[4] મૂળ,[5] બુધ બ્રાહ્મણ ઇચ્છા[6] અનુકૂળ;
ગુરૂજનની† આજ્ઞા[7] *ઔષધ[8] રાય! વ્રતનો નાશ ન કરે કદાય. ૮૨

---

જે બાબત નિજને પ્રતિકૂળ, તેવી અન્યતણીથી મૂળ;
ધરવો નહિ સંબંધ કદાય, શાસ્ત્રથકી એ ધર્મ જણાય. ૮૩

દોહરો.

સ્વેચ્છાથી ત્યમ વર્ત્તતાં, અધર્મ અધિકો થાય;
સ્વેચ્છાચારી[2] ના થવું, તે માટે કુરૂરાય! ૮૪

## શાનો શાથી પરાજય કરવો?

રોળાજાતિ.

ક્ષમાથકી ક્રોધનો, પરાજય કરવો પૂરણ,
સજ્જનતાથી તેમ, દુષ્ટતા કરવી ચૂરણ;
લોભતણો દાનથી, પરાજય કરવો નિત્યે,
અસત્યને સત્યથી, હરાવો પૂરણ પ્રીતે. ૮૫

## કોનો વિશ્વાસ ન કરવો?

દોહરા.

સ્ત્રી, ધૂતારો, આળસુ, બીકણ, ક્રોધી તેમ;

---

૧ ભેદ વગર. † વડીલ લોકો. * કેટલાક વહેમીઓ વ્રતને દિવસે દવા પીવામાં બાધ ગણે છે, તેમને આ વચનો સમજવા યોગ્ય છે.
૨. માત્ર પોતાની જ મરજી પ્રમાણે ચાલવાવાળા.

અભિમાની ને ચોર જન, કૃતઘ્ની નાસ્તિક એમ.— ૮૬
એ નવ[1] જણુનો વિશ્વાસમાં, હે! નૃપતિ મતિમાન!
કરવો નહિ વિશ્વાસ કહિ, સમજી પૂર્ણ નિદાન. ૮૭

### ચોપાઇ.

પ્રણામ કરવા હોય સ્વભાવ, ગુરૂજન સેવા કરે સુભાવ;
તેનાં યશ,[1] બળ[2] ને શુભ કીર્તિ,[3] થાય આયુ[4] વૃદ્ધિ શુભ રીતિ. ૮૮

## મનન કરવા યોગ્ય વસ્તુઓ.

### ગીતિ.

જે ધન અતિ કષ્ટે કે, ધર્મ[2] ઉલંઘન કરે મળે ભાઇ!
કે શત્રુ વિનયેથી, તે ધન રાખો નહીં તમે કાંઇ. ૮૯

### રોળાજાતિ.

સદા શોચને જોગ, મૂર્ખ જન જગમાં જાણો,
પ્રજાહીણ મૈથુન, શોચને જોગ પ્રમાણો;
અહાર વિણુની પ્રજા,[3] શોચને પૂરણ લાયક,
રાજાવિણુનો દેશ, શોચકારી દુખદાયક. ૯૦

### દોહરા.

જરા[4] પ્રાણિને પંથ[5] છે, જળ પર્વતને જાણુ;

---

૧. એ નવે જણુ પોતાના પ્રકૃતિ ઇત્યાદિને લીધે પરવશ છે. તેમનાપર વિશ્વાસ રાખવાથી જૂદા જૂદા કારણોથી ખરે અણીને વખતે તેઓ ફરી જાય છે.

૨ વિદુર ધૃતરાષ્ટ્રને કહે છે કે–તમે જે આ રાજ્ય પચાવી પડયા છો, તેમાં તમે તમારા ધર્મ–સર્વ પુત્રોપર સમદૃષ્ટી રાખવાની ફરજ–તેનું ઉલંઘન કરો છો, માટે એવું એ રાજ–ધન તમે રાખો નહિ. અર્થાત પાંડવોને તેમનો પોતાનો રાજહક્ક આપો. ૩ પ્રજા–સંતાનોની વૃદ્ધિ હોય ને તેમને પોષવાને અન્ન વસ્ત્ર ન હોય તો તે પણ શોચને યોગ્ય છે.

૪ ઘડપણ–બુઢ્ઢાપો. આ ઠેકાણે જરા શબ્દનો અર્થ બેહાલ કરનાર એમ સમજવો. ૫ ચાલવું તે. એક હિંદી કવિ કહે છે કે—

અસંભોગ સ્ત્રીને જરા, મનને કઠોર વાણ. ૯૧

**સોરઠાજાતિ.**

અનાભ્યાસ મળ[1] વેદ, વિપ્રને વ્રત ત્યાગ મળ,
ભૂમળ બાહ્લીક§ દેશ, પુરૂષ-મળ [2]અસત નિતે કળ;
ઈચ્છા કે વસ્તુની, સતી[3] સ્ત્રીને મળ જાણો,
પતિ વિદેશમાં વાસ, નારીમળ[4] સદા પ્રમાણો. . ૯૨

**ચોપાઈ.**

સુવર્ણનો મળ રૂપું[5] ધાર, રૂપાનો મળ કથિર[6] વિચાર;
કથિરતણો મળ સીસું હોય, સીસાનો મળ,[7] મળછે સોય. ૯૩

**હરિગીત.**

થાય ન પરાજય શયનથી નિદ્રાતણો કહિયે અહીં,
સંભોગથી ત્યમ સ્ત્રીતણો, થાય ન પરાજય તો કહીં;
ત્યમ પાન કરવાથી કદી, મદિરા-પરાજય થાય ના,
પણ ત્યાગવાથી થાય છે, તેનો પરાજય વિશ્વ આ. ૯૪

**ગીતિ.**

દાનથકી[8] મિત્રોને, અરિને યુદ્ધે કરી જિતે સે'જ;

---

" चलनो भलो न कोशको, दुहिता भली न एक;
मांगन भलो न बापपें, जो प्रभु राखे टेक. "

અર્થાત્ એક ગાઉ પણ ચાલવું તે સારૂં નહિ. કવિ સામળ કહે છે કે-"ભઠ્ઠ કાશદિયું કરવું!" એટલે ઘણા કાળપર્યંત પંથ કરવાથી માણસને જરા વહેલી આવે છે. ૧ આ જગોએ મળનો અર્થ હીણું લગાડનાર-કલંક, એવો કરવાનો છે. § બાહ્લીક દેશ સિંધની ઉત્તરે અને પંજાબની દક્ષિણે જ્યાં સિંધુને પંચનદ મળે છે, ત્યાં કહેવાય છે. તેને અસલ મ્લેચ્છોનો દેશ ગણીને અપવિત્ર માન્યોછે. ૨ અસત્ય-જૂઠું બોલવું તે પુરૂષને કલંક રૂપ છે. ૩ જૂદી જૂદી વસ્તુઓની ઇચ્છા કરનાર સ્ત્રીનું સતિત્વ જળવાતું નથી. ૪ ઘણા કાળ સૂધી પતિનો વિદેશવાસ એ સ્ત્રીને મળ-કલંકરૂપ થાય છે, તેમાંથી દુરાચાર નીપજે છે.

૫ સોનામાં રૂપું ભેળવવું અર્થાત રૂપાનો ભેગવાળું કરવું એ તેને કલંક રૂપ છે. ૬ કલાઈ. ૭ ખરેખર મેલ, જેમાં મલિનતા છે તે મળ એટલે મેલ. ૮ જરૂરને સમયે અનુકુળતા પ્રમાણે મિત્રોને દ્રવ્ય આપીને તે-

ત્યમ વૈભવથી સ્રીને, જીતે તેનું સફળ જીવન છેજ. ૯૫

**સવૈયા—એકત્રીસા.**

હજાર ધનવાળો પણ જીવે, સોવાળો પણ જીવે તેમ,
માટે તૃષ્ણા રાજ ભોગવ્યા—તણી તજો નૃપતિ! લહોં[1] એમ;
કારણ કે આ જગમાં સૌ કૃતિ, આજિવિકાને[2] કાજ કરાય,
પણ આજિવિકા આપ તણી—નહિ ચાલે, એમ ન સમજો રાય! ૯૬

**ચોપાયાજાતિ.**

અધિકી તૃષ્ણા ઉરમાં ધરતાં, પડે ન કાંઇ પૂરૂં,
વ્રિહિ,† જવ, સુવર્ણ, પશુઓ, સ્રીઓ, રહેજ સર્વ અધૂરૂં;
સર્વ વસ્તુઓ એક મનુષને, પૂરી પડે ન ક્યારે,
એમ વિચાર કરે જે જન તે, પામે મોહ ન ત્યારે. ૯૭

**રોળાજાતિ.**

નિજ પુત્રોપર તેમ, હોય પાંડવપર પણ જો,
સમાન પૂરણ ભાવ, કહુંછું નૃપ! તમને તો;
સૌ પુત્રો પ્રતિ કરો, એક સરખું શુભ વર્ત્તન,
જેથી થાય સુકીર્ત્તિ, રહે શુધ શાંત સદા મન. ૯૮

---

મની સહાયતા કરવી એ મિત્રની ફરજ છે. માત્ર મોઢેથીજ મીઠાં વચનો બોલી તેમને ખુશ રાખવા અને "દેના લેના તો ગંડુકા કામ હે! ઓર મહેંાકી તો મહોબત હે!!" એમ કહેવું એ મિત્રધર્મ નથી. દ્રવ્યાદિ આપીને સહાયતા કરવી એજ પહેલો મિત્રધર્મ છે. અને તેથીજ મિત્ર વશ થાય છે. તુળસીદાસજી કહે છે કે—

"जो न मित्र दुख होंइ दुखारी, ताहि बिलोकत पातक भारी."

૧ જાણી. ૨ ગુજરાન—ભરણપોષણ. † ડાંગર—ચોખા.

# પ્રકરણ ૮ મું.

### સવૈયા-એકત્રીસા.

સત્પુરૂષો દે માન જેહને, તેવો નર થઇ નિરાભિમાન,
નિજ શક્તિસમ કાર્ય કરે તે, છે જગમાં સત્પુરૂષ નિદાન;
વળી તે નર ઝટ સુયશ લહેછે, કાંકે સત્પુરૂષો ખુશ હોય,-
તો દેવોને સુખ નિરંતર, જીવન શક્તિમાન છે સોય. ૧

### દોહરા.

જૂની કાંચળી સર્પ તજિ, જેમ લહે સુખ પૂર;
તેમ કરે જો જન કદી, અધર્મ-સંપતિ[1] દૂર.— ૨
તો તે જન દુખ રહિત થઇ, જીવન જગમોઝાર;
સુખેથકી નિદ્રા લહે, નિશિમહીં[2] નિરધાર. ૩
અસત્ય વદિ લે' જીત ને, કરે ચાડિ નૃપપાસ;
મિથ્યા આગ્રહ ગુરૂપ્રતિ, (એ) બ્રહ્મહત્યા સમ ખાસ. ૪
અતિ ઇર્ષા ને ખૂન વળી, અતિ બોલવું વિશુદ્ધ;[3]
લક્ષ્મી વિનાશક જાણવા, જીવન ત્રણે પ્રસિદ્ધ. ૫
કરવી ન ગુરૂજન[4] સેવ ને, પઠન[5]-ત્વરા[6] વિણનેમ;
નિજવખાણુ એ વસ્તુ ત્રણ, વિદ્યા-શત્રુ તેમ. ૬

### રોળાજાતિ.

આળસ[1] ને મદમોહ[2], ચપળતા[3] વૃથા લવારો,[4]
ઉદ્ધતપણું[5] અભિમાન[6], લોભ[7], એ સાત નિવારો;

૧ અધર્મથી મેળવેલી સંપત્તિ-દ્રવ્ય. ૨ રાતમાં. ૩ શુદ્ધિ વગર-આગળ પાછળનો વિચાર કર્યા સિવાય લવારો કર્યા કરવો તે. ૪ વડીલ જન. ૫ ભણવું. ૬ ઉતાવળ.

ગણાય સાતે સદા, દોષ-વિદ્યાર્થીના મુખ[1];
સુખાર્થી[2] વિદ્યા અલભ*, અલભ વિદ્યારથીને સુખ. ૭

દોહરો.

સુખ-ઇચ્છક[2] નરને સદા, વિદ્યા-ત્યાગ ઉચિત;
વિદ્યા-ગ્રાહક પુરૂષને, તજવી સુખથી પ્રીત. ૮

ગીતિ.

અગ્નિ જ્યમ કાષ્ટોથી, જળનિધિ[3] નદિયોથકી ન તૃપ્ત થશે;
કાળ ન ત્યમ પ્રાણીથી, સ્ત્રિયો ન પુરૂષે કદાચ તૃપ્ત થશે. ૯

## નાશકારક વસ્તુઓ.

સવૈયા-એકત્રીસા.

આશા ધીરજ નાશ કરે છે, કાળ સમૃદ્ધિ કરે વિનાશ,
ક્રોધ લક્ષ્મીનો નાશ કરે ત્યમ, કદર્યતાથી[4] યશનો નાશ;
વિણ રક્ષણ એ પશુઓ કેરો, નાશ કરેછે નિશ્ચય માન,
કરેજ કોપેલો એક બ્રાહ્મણ, નાશ દેશનો નૃપતિ ! નિદાન. ૧૦

---

૧ આગળ પડતા-આગલા ભાગના-મોટા. ૨ સુખની ઇચ્છાવાળા. * ન મળીશકે તે. ૩ સમુદ્ર. ૪ લોભ-કૃપણતા. લોભના બે પ્રકાર છે: (૧) ખરી જરૂરિયાતમાં પણ દ્રવ્ય ન વાવરવું તે, અને (૨) અયોગ્ય રીતે-લાંચ, ચોરી, ઇત્યાદિથી-પારકું દ્રવ્ય લઈ લેવું તે. કેટલાક લોકો લોભ અને કરકસરને ભેળસેળ કરી નાંખે છે; પણ તે ભૂલ છે. લોભ એ દુર્ગુણ છે ને કરકસર એ સદ્‌ગુણ છે. જે લોકો પ્રમાણિકપણે વર્તનારા હોયછે તે ઘણું કરીને કરકસરિયા હોય છે, તેમને મૂર્ખ લોકો લોભી કહેછે. બીજા કેટલાક અયોગ્ય સ્વાર્થબુદ્ધિ-લાંચ, ચોરી, જુગાર, ઈત્યાદિ-થી દ્રવ્ય મેળવનાર છે, તે અયોગ્ય રીતે યાને ઉડાઉપણે દ્રવ્યને ફેંકી દેછે. તેને મૂર્ખ લોકો ઉદાર કહે છે ! એક માણસ પાસેથી ઝૂંટવી લઈ બીજાને આપી દેનારના કૃત્યને ઉદારતા કહી શકાય નહિ. એ તો જેમ કોઈ માણસ સમુદ્રનું પાણી ઘડામાં ભરી પાછું સમુદ્રમાં નાંખીદે, તેના જેવું છે. તેથી તે માણસને કશો ફાયદો ન થતાં મહેનતફોકટ જાયછે અને ઘડો ફૂટવાનો થઈ વહેલો નાશ પામે છે. તેવીજ રીતે અન્યાયથી દ્રવ્ય મેળવી [illegible]

## મંગળ વસ્તુઓ.

### દોહરા.

બકરાં, કાંસું, રૂપું, મધ, વિષશોષક ખગ[1], તેમ;
વેદ ભણેલો વિપ્ર ને, જરઠ[2] જ્ઞાતિજન એમ.— ૧૧
દીન[3] કુલીન સુ પુરૂષ વળી, હે! ધૃતરાષ્ટ્ર નૃપાળ!
એ સૌ તમ સદને વસો, સ્થિર થઈને સૌ કાળ. ૧૨
અજ[4], ચંદન, ધોરી[5] અને, દર્પણ, વીણા, લોહ;
તામ્રપાત્ર,[6] મધ, ઘૃત તથા, શંખ, દક્ષિણી[7] સોહ.— ૧૩
શાલિગ્રામ, ગોરોચના, એ સૌ મંગળકારિ;
ચીજ દેવ દ્વિજ[8], અતિથિની, પૂજા કાજ સુધારિ.— ૧૪
સદનમાંહિ તે રાખવા, લાયક છે જ સદાય;
મનુએ એમ કહેલ છે, શાસ્ત્ર વિષે કુરૂરાય. ૧૫
તાત! સુ ઉત્તમ સર્વમાં, મુખ્ય પુણ્યપ્રદ જેહ;
કહુંછું તમને આ સમે, સુણો શ્રવણ[9] ધરિ તેહ. ૧૬

### માલિની વૃત્ત.

નૃપતિમિર[10]! તમારે, કામના કે ભયેથી,
લભ વળી નિજકેરા, પ્રાણના સંશયેથી;
ધરમ નહિંજ વિશ્વે, ત્યાગવો તાત! ક્યારે,
ધરમ જગતમાંહીં, સર્વને સદ્ય તારે. ૧૭

## જે વસ્તુ અવિનાશી છે, તેનોજ આશ્રય લેવો.

### દોહરા.

ધર્મ નિત્ય છે ધરણિમાં; છે સુખ દુઃખ અનિત્ય;

---

